بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-ડિસેમ્બર-૨૦૧૪**

સફરુલ્ મુઝફ્ફર-રબીઉલ અવ્વલ શરીફ
હિજરી સન : ૧૪૩૬

વર્ષ : ૧૧, અંક : ૧૨, સળંગ અંક : ૧૩૨



સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | શું આપણને નેકી કરીને ખુશી થાય છે ?! | 02 |
| 02 | **ઈલ્મે ગયબે મુસ્તફા સહીહ હદીષોની રોશીનીમાં** | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 09 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 11 |
| 05 | હદાઈકે બખ્શિશ | 14 |
| 06 | અસ્માઉલ હુસ્ના | 17 |
| 07 | અહલે સુન્નત અકીદા કુર્આનની રોશનીમાં | 19 |
| 08 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 21 |
| 09 | કાનૂને શરીઅત | 24 |
| 10 | ગલતફહમી તથા તેની સુધારણા | 28 |
| 11 | હઝરત ઈમામ ઈબ્ને માજહ رحمۃ اللہ علیہ | 30 |
| 12 | મીલાદુન્નબીમાં ખુશી મનાવવી સુન્નતે.... | 32 |
| 13 | અમીરુલ મોમિનીન : હઝરત અલી મુર્તઝા | 36 |
| 14 | શું સફર આફતોના ઉતરાણનો મહિનો છે ?! | 40 |
| 15 | કાદ્યાનીઓના રદમાં ઉલમાએ એહલે...... | 43 |
| 16 | બરકાતે ખ્વાજાની ટપાલ | 47 |


## દિલ કો ઉનસે ખુદા જુદા ન કરે

ગઝલ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા

દિલ કો ઉનસે ખુદા જુદા ન કરે
બેકસી લૂટ લે ખુદા ન કરે
યહ વહી હૈં કે બખ્શ દેતે હૈં
કૌન ઈસ જુર્મોં પર સજા ન કરે
દિલ કહાં લે ચલા હરમસે મુઝે
અરે તેરા બુરા ખુદા ન કરે
હશ્રમેં હમ ભી સૈર દેખેંગે
મુન્કિર આજ ઉનસે ઈલ્તેઝા ન કરે
ઝો'ફ માના મગર યે ઝાલિમ દિલ
ઉનકે રસ્તે મેં તો થકા ન કરે
જબ તેરી ખૂ હે સબકા જી રખના
વહી અચ્છા જો દિલ બુરા ન કરે
દિલ સે એક ઝૌકે મય કા તાલિબ હૂં
કૌન કહતા હૈ ઈત્તેકા ન કરે
લે "રઝા" સબ ચલે મદીને કો
મૈં ન જાઉં અરે ખુદા ન કરે

# શું આપણને નેકી કરીને ખુશી થાય છે ?!

જ્યારે કોઈ કૌમ ફિક્રી (વૈચારિક) એતબારથી મગ્લૂબ (કોઈથી પ્રભાવિત) થઈ જાય છે તો પછી તેની કૈફિયત બેઅક્લ તથા બેઝુબાન જાનવર જેવી થઈ જાય છે કે કસાઈ તેને ચારો દેખાડે છે અને તે ચારાની લાલચમાં તેને પાછળ પાછળ ચાલી નીકળે છે, અને થોડીવાર પછી કસાઈ તેને પોતાની છરી વડે તેની ગરદન ઉડાડી મૂકે છે અને તે જાનવર મૌતને ઘાટ ઉતરી જાય છે. આજે વિશ્વ કક્ષાએ દુનિયાની કૌમો અને વિશેષત : મુસલમાનોની પણ એ જ હાલત છે. પશ્ચિમની વૈચારિક ગુલામીનો પટ્ટો આપણે આપણા ગળામાં નાખી ચૂક્યા છીએ. જે કાંઈ પશ્ચિમ કહે કે બોલે એને આપણે સહી સમજીએ છીએ અને તેને જ કામયાબીનો આધાર સમજીએ છીએ. આ ચિંતન આમ લોકો તથા ખાસ લોકો સૌનું છે. ઈલ્લા માશાઅલ્લાહ !

પશ્ચિમનું એક શૈતાની ચિંતન (વિચારણા) એ પણ છે કે દુનિયામાં આવ્યા છો તો ખેલકૂદ અને મોજ મસ્તી કરો, એટલા માટે કે આ જિંદગી વારંવાર મયસ્સર થશે નહીં. સમાજની સ્થિતિ જોઈને એવું લાગે છે કે ગુનાહની દાસ્તાન, ગુનાહના પ્રચાર અને ગુનાહની ખરાબી વડે દામનને દાગદાર કરતા રહેવું એ આપણા ડાબા હાથનો ખેલ છે. આ સંકૂચિત વિચારધારા અને અંધાપાએ પૂરા માહોલને ખરાબ કરી નાખ્યો છે. તે હુસ્ને કિરદાર જે મુસલમાનોનું અલંકાર હતું આજે ક્યાંક ક્યાંક જ જોવા મળે છે, તે પણ ત્યાં જ્યાં કુર્આન હદીષ સાથે અમુક હદ સુધી સંબંધ મૌજૂદ છે. આવો ! આપણે કુર્આન તથા હદીષની રોશનીમાં આપણી સુધારણા કરીએ અને વિચારીએ કે શું આપણને દુનિયામાં એશો આરામ તથા ગુનાહ કરવાના માટે પેદા કરવામાં આવ્યા છે ?! શું ગુનાહ કરીને ખુશ થવું અને પછી પોતાના દોસ્તોમાં એને ગર્વભેર વર્ણન કરવું એ ઈસ્લામી વિચારધારા છે ?! શું ઈસ્લામ એવા શખ્સને સારો ગણે છે ? નહીં ! નહીં ! કતઈ તૌર પર નહીં !

અલ્લાહ ﷻએ ઈન્સાનોને સદબુધ્ધિની અતિ મહાન દૌલત અર્પણ કરી છે અને એમાં એટલી કાબેલિયત રાખી કે તે ભલાઈ તથા બુરાઈની વચ્ચે ફરક કરી શકે. તેણે આપણને બંનેવ માર્ગો દેખાડી આપ્યા. ખુદ ફર્માવે છે : "અને તેને બે ઉભરેલી ચીજોની રાહ બતાવી." *(સૂ. બલદ–૧૦)*

એ જ પ્રમાણે મૌત તથા હયાતના સર્જનનો સબબ આ પ્રમાણે ફર્માવ્યો : "તે જેણે મૌત તથા જિંદગી પેદા કરી કે તમારી જાંચ થાય કે તમારામાં કોનું કામ અધિક સારું છે. અને તે જ ઈજ્જતવાળો બખ્શિશવાળો છે." *(સૂ. મુલ્ક–૨)*

યકીનન ! અલ્લાહ ﷻ નેકી કરવા પર અજૂર અને ગુનાહ કરવા પર સજા અતા કરશે. ગુનાહ કરીને મોમિન ખુશ થાય એ ઈસ્લામી વિચાર નથી, બલ્કે એ બુધ્ધિના દેવાળીયાપણાની નિશાની છે. મોમિનથી જો કોઈ ગુનોહ થઈ જાય છે તો તે તેની ખટક દિલમાં મેહસૂસ કરે છે, બલ્કે ઈમાનવાળાની નિશાની એ જ વર્ણવવામાં આવી છે. હઝરત અબૂ અમામા رضی اللہ عنہથી રિવાયત છે કે નબી અકરમ ﷺએ ફર્માવ્યું : "જ્યારે તારી નેકી તને ખુશ કરી આપે અને તારી બુરાઈ (ગુનોહ) તને ગમગીન કરી આપે તો તું મોમિન છે." *(મિશ્કાત)* ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہاએ ફર્માવ્યું, નબી અકરમ ﷺ ફર્માવ્યા કરતા હતા, યા અલ્લાહ ! મને એ લોકોમાંથી બનાવ કે જ્યારે નેકી કરે તો ખુશ થાય અને જ્યારે બુરાઈ કરે તો બખ્શિશ માગે. *(મિશ્કાત)*આપણે વિચારવું જોઈએ કે શું આપણને નેકી કરીને ખુશી થાય છે અને ગુનાહ કરીને ગમ થાય છે ?! જો આ કૈફિયત છે તો ફર્માને રિસાલત મઆબ ﷺની રોશનીમાં આપણે મોમિન છીએ, નહીં તો કુર્આને મુકદસની રોશનીમાં ગુનાહ પર શર્મિંદા ન થનારની સજા જે વર્ણન કરવામાં આવી છે તેને વાંચો ! :– "અને તેઓ જેઓ બુરા દાવ કરે છે તેમના માટે સખત અઝાબ છે." *(સૂ.ફાતિર, આયત–૧૦)* એટલે કે ગુનાહો કર્યા બાદ જો તૌબા ન કરે, શર્મિંદા ન થાય તો તેમના માટે દર્દનાક અઝાબ છે.

જેથી આપણે જોઈએ કે આપણે પશ્ચિમી વિચારો તથા તેના અનુસરણથી તૌબા કરીએ અને ઈસ્લામી વિચારધારા અપનાવીએ. જો ગુનાહ થઈ જાય તો તરત જ શર્મિંદા બનીને તૌબા કરીએ. આપણે આપણી બુધ્ધિનો ઉપયોગ કરીએ, બુધ્ધિહિન જાનવરની જેમ અન્યોના બહેકાવામાં હરગિઝ ન આવીએ. અલ્લાહ આપણને સૌને રહમતે આલમ ﷺના સદકા વ તુફૈલ નેકીઓની તૌફીક અતા ફર્માવે અને પશ્ચિમની આંધળી તકલીદ (અનુકરણ)થી મેહફૂઝ ફર્માવે, આમીન બિજાહિન્નબી કરીમ ﷺ

*(સુન્ની દાવતે ઈસ્લામી મંથલી– ડિસેમ્બર, ૨૦૧૪, મુંબઈ)*

અઝ : **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

# ઈલ્મે ગયબે મુસ્તફા ﷺ

**• સહીહ હદીષોની રોશીનીમાં •**

તંત્રી લેખ

કેટલાક ગુમરાહીમાં સપડાયેલા અને શયતાનના ધોકામાં ફસાયેલા બાતિલ ફિર્કાવાળાઓ જેમ કે વહાબી, અહલે હદીષ, દેવબંદી, જમાતી, મૌદૂદી....વગેરે ''કુર્આન હદીષનું ખોટુ અર્થઘટન કરીને, જાતી ઈલ્મે ગયબના નકારવાળી આયતો–હદીષોને ગલત રીતે રજૂ કરીને'' અલ્લાહના નબી ﷺના માટે **અતાઈ ઈલ્મે ગયબનો પણ સરેઆમ ઈન્કાર કરે છે** અને સરેઆમ કહે છે કે, ''જો કોઈ માણસ એવો દાવો કરે છે કે હું એવું ઈલ્મ જાણુ છું જેના વડે ગયબની વાતો જાણી લઉં છું અને ભૂતકાળ તથા ભવિષ્યકાળની વાતો બતાવી શકુ છું તો તે સાવ જૂઠો અને ખુદાઈનો દાવેદાર છે. જો કોઈ માણસ કોઈ નબી કે વલીને, જિન કે ફરિશ્તાને..... આ પ્રકારના (ઈલ્મે ગયબ જાણનાર) માને તો એવો માણસ મુશરિક અને આ આયતનો મુન્કિર બની જાય છે.'' *(તકવિયતુલ ઈમાન, ગુજરાતી પેજ–૬૭,૬૮)* એ જ કિતાબમાં દેવબંદી પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી લખે છે : ''અલ્લાહ તઆલા પોતાના બંદાઓની સાથે દુનિયામાં યા કબરમાં કે આખેરતમાં જે વર્તાવ કરશે એની હકીકત અલ્લાહ તઆલા સિવાય કોઈ જાણતુ નથી. ન કોઈ નબી અને ન તો કોઈ વલી બુઝુર્ગ આ હકીકત જાણે છે. તેઓ જ્યારે પોતાની હાલત જાણતા નથી તો બીજાઓની હાલત કેવી રીતે જાણી શકવાના હતા ? *(પેજ–૮૦)* વળી દેવબંદી મોલ્વી રશીદ અહમદ ગંગોહી લખે છે : ''એ અકીદો રાખવો કે હુઝૂર ﷺને ગયબનો ઈલ્મ હતો એ ચોખ્ખુ શિર્ક છે.'' *(ફતાવા રશીદિયહ)* વળી દેવબંદી મોલ્વી ખલીલ અંબેઠવી લખે છે : ''રસૂલને દીવાલ પાછળની ખબર ન હતી.'' *(બરાહીને કાતિઅહ)* વગેરે...

હવે આ વહાબી દેવબંદીઓની બોલી છે, જ્યારે અત્રે અમો કુર્આનની અમુક આયતો તથા કેટલીક સહીહ હદીષો વર્ણવીએ છીએ તેનો અભ્યાસ કરો અને જાતે વિચારો કે આ વહાબી દેવબંદી મોલ્વી સાચા કે અલ્લાહનું કલામ તથા નબીએ પાક ﷺની હદીષો સાચી ?! અલ્લાહ દરેકને નેક સમજ આપે.

### ★ હુઝૂર ﷺનો ઈલ્મે ગયબ કુર્આનની રોશનીમાં ★

જ્યારે રબ તઆલા કુર્આને પાકમાં ખુદ ઈર્શાદ ફમાર્વ છે :–

**૧.** ''આ ગયબની ખબરો છે કે અમે તમારી તરફ વહી કરીએ છીએ, એને ન તમે જાણતા હતા ન તમારી કૌમ આનાથી પહેલાં.'' *(સૂરએ હૂદ–૪૯, પારા : ૧૨)*

**૨.** ''અને આ નબી ગયબ બતાવવામાં બખીલ (કંજૂસ) નથી.'' *(સૂરએ તકવીર–૨૩, પારા : ૩૦)*

**૩.** ''અને જેટલા ગયબ છે આસ્માનો તથા જમીનમાં તમામે તમામ એક બતાવનારી કિતાબ (કુર્આનમાં) છે.'' *(સૂરએ નમ્લ–૭૫, પારા : ૨૦)*

કુર્આને કરીમ નબી કરીમ ﷺ પર જ નાઝિલ થયું તો યક઼ીનન ! આપને આસ્માનો તથા જમીનોના સર્વ ગયબોની જાણ થઈ ગઈ.

૪. ''અને અલ્લાહે તમારા પર કિતાબ અને હિકમત ઉતારી અને તમને શીખવાડી આપ્યું જે કાંઈ તમે જાણતા ન હતા અને અલ્લાહનો તમારા પર મહાન ફઝ્લ છે.'' *(સૂરએ નિસાઅ્–૧૧૩, પારા : ૫)*

૫. ''અને અમે તમારા પર આ કુર્આન ઉતાર્યું કે દરેક ચીજનું રોશન બયાન છે......'' *(સૂ. નહ્લ, પારા : ૧૪)*

હવે જેઓ કુર્આનની આયતો પર ઈમાન ધરાવતા હોય તેમણે સ્વીકાર્યે જ છૂટકો છે કે રસૂલુલ્લાહ ﷺને અલ્લાહ તરફથી ઈલ્મે ગયબ મળેલો છે *(આ વિષયે કુર્આની આયતો વધુ જાણવા અમારી કિતાબ ''ઈલ્મે ગયબ કુર્આનની રોશનીમાં'' આ લિંકો પરથી ડાઉનલોડ કરી લો* ***http://goo.gl/raitiU****, અને* **Web. :www.barkatekhwaja.net** *તેમજ હાર્ડકોપી માટે અમારો સંપર્ક કરો.)* અને જેઓ હજી ન માને તો કુઆનના મુન્કિર ઠરશે, અને કુઆનની એક આયત કે નુકતાનો પણ મુન્કિર હરગિઝ મુસલમાન નથી જ !

## ★ ક઼બ્રના અઝાબને જોઈને તેનું કારણ પણ બતાવ્યું ! ★

છે કોઈ જે કેટલાય મણ માટી નીચે દટાયેલાની હાલત દર્શાવી શકે ?! તથા કયા અમલના કારણે તેને આ અઝાબ થઈ રહ્યો છે તે દર્શાવી શકે ?! હા ! આપણા નબી ﷺની એ શાન છે ! સાંભળો સહીહ હદીષે પાક ! ઈલ્મે ગયબ તે આનું નામ ! :–

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما રિવાયત ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એવા બે માણસોની ક઼બ્રો પાસે થઈને પસાર થયા જેમને અઝાબ આપવામાં આવી રહ્યો હતો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ બંનેવને કોઈ મોટા ગુનાહના કારણે અઝાબ નથી આપવામાં આવી રહ્યો, એમાંથી એક તો પેશાબના છાંટાઓથી બચતો ન હતો અને બીજો ચુગલી કર્યા કરતો હતો. પછી આપે ખજૂરની લીલી ડાળી લીધી અને તેના બે ટુકડા કર્યા અને દરેકની ક઼બ્ર પર એક એક ટુકડો રાખી દીધો.

સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપે આવું શા માટે કર્યું ! રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મને ઉમ્મીદ છે કે જ્યાં સુધી ડાળીઓ સૂકાશે નહીં ત્યાં સુધી આ બંનેનો અઝાબ હલકો થશે.'' *(બુખારી શરીફ, ભાગ : ૧, પેજ : ૧૮૨, પ્રકરણ : ક઼બ્ર પર ખજૂરની ડાળીઓ મૂકવાનું બયાન, હદીષ નં. ૧૩૬૧)*

આ સહીહ હદીષને વારંવાર વાંચો અને વહાબી દેવબંદીઓના તે લખાણને વાંચો જે શરૂમાં દર્શાવ્યું અને વિચારો કે તેઓ સાચા કે રસૂલુલ્લાહ ﷺની આ હદીષ સાચી ?! અલ્લાહ સહીહ સમજ અતા કરે.

## ★ આ ઈલ્મે ગયબ નથી તો પછી એ કઈ ચીજનું નામ છે ?! ★

''હઝરત ઈમામ ઝુહરી ફર્માવે છે, મને હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہએ બતાવ્યું કે રસૂલુલ્લાહ ﷺ સૂરજ ઢળ્યા બાદ તશરીફ લાવ્યા અને ઝહોરની નમાઝ પઢાવી. જ્યારે આપે સલામ ફેરવી તો મિમ્બર પર બિરાજમાન થયા અને ક઼યામતનો ઉલ્લેખ કર્યો. આપે ફર્માવ્યું, ક઼યામત આવતા પહેલાં કેટલીયે મોટી વાતો બનશે. પછી ફર્માવ્યું, ક઼સમ ખુદાની ! જ્યાં સુધી હું આ જગાએ રહીશ તમે જે ચીજના વિશે પણ પૂછશો એના વિશે બતાવીશ. હઝરત અનસ ફર્માવે છે કે ઘણા સહાબીઓ આ વાતોને સાંભળીને રડવા લાગ્યા અને રસૂલુલ્લાહ ﷺ વારંવાર એવું જ ફર્માવતા

રહ્યા, તમે લોકો મારાથી પૂછો ! શું પૂછવા ચાહો છો ?!

હઝરત અનસ ફર્માવે છે કે એક માણસ ઉભો થયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારું ઠેકાણું ક્યાં છે ? ફમાવ્યું, દોઝખમાં છે ! પછી અબ્દુલ્લાહ ઈબ્ને હુઝાફા ઉભા થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારો બાપ કોણ છે ?! હુઝૂરે ફર્માવ્યું, તારો બાપ હુઝાફા છે ! પછી રસૂલુલ્લાહ ﷺ વારંવાર એ જ ફર્માવતા રહ્યા, તમે લોકો જે પૂછવા ચાહો મારાથી પૂછો !...... રાવી ફર્માવે છે કે હઝરત ઉમર رضي الله عنه પોતાના બંનેવ ગુઠણોભેર બેસી ગયા અને અર્ઝ કરી, અમે લોકો અલ્લાહ તઆલાના રબ હોવા પર, અને મુહમ્મદ ﷺના રસૂલ હોવા પર રાજી છીએ ! હઝરત ઉમરની વાત સાંભળીને રસૂલુલ્લાહ ﷺ ખામોશ થઈ ગયા.

પછી રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કસમ છે એ જાતની જેની કુદરતના તાબામાં મારી જાન છે ! બેશક ! મારી સામે હમણા જન્નત તથા જહન્નમને આ દીવાલ પર પેશ કરવામાં આવી, એ સમયે જ્યારે કે હું નમાઝ પઢી રહ્યો હતો, તો આજના દિવસની જેમ મેં ભલાઈ તથા બુરાઈ નથી જોયી.'' *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૧૦૮૩, પ્રકરણ : સવાલની અધિકતા નાપસંદીદા છે, હદીષ–૭૨૯૪)*

કોઈ માણસનું જન્નતી કે જહન્નમી હોવું એ ગયબની વાત છે, અને કોણ કોનો પુત્ર છે એનો સાચો ઈલ્મ તેની માને જ હોય છે, પરંતું નબી કરીમ ﷺને ગયબનો ઈલ્મ આપવામાં આવ્યો છે જેથી એ ગયબની વાતોની ખબર આપી રહ્યા છે.

## ★ જેહાદમાં લડી રહેલો દોઝખી હોવાનો ઈલ્મ ! ★

હઝરત સહલ ઈબ્ને સઅદ સાઅદી رضي الله عنه રિવાયત કરે છે કે જંગે ખૈબરમાં રસૂલે પાક ﷺના સહાબીઓ તથા મુશ્રિકો વચ્ચે મુકાબલો થઈ રહ્યો હતો. રસૂલુલ્લાહ ﷺ પોતાની ફોજનું નિરીક્ષણ કરી રહ્યા હતા. અસ્હાબે રસૂલમાંથી કુઝમાન નામનો એક માણસ મુશ્રિકો સાથે જંગ લડી રહ્યો હતો અને મુસલમાનો તરફથી ઘણી જ બહાદુરી સાથે લડી રહ્યો હતો. એક સહાબીએ કહ્યું, આજે એના બરાબર અમારામાંથી કોઈ જંગ ન લડી શકયું. પરંતું રસૂલુલ્લાહ ﷺએ કુઝમાનને જોયો તો ફર્માવ્યું, સાંભળો ! એ દોઝખવાળાઓમાંથી છે !

હુઝૂર ﷺની આ વાત સાંભળીને મુસલમાનોમાંથી એક માણસે કહ્યું કે હવે તો હું તેની સાથે જ રહીશ. તેમનું બયાન છે કે હું તેની પાછળ થઈ ગયો, સતત એના સાથે રહ્યો અને તેને જાતો રહ્યો. તે જ્યાં ઉભો રહેતો ત્યાં હું પણ ઉભો રહી જતો. જ્યારે તે દોડતો તો હું પણ તેની સાથે દોડવા લાગતો, ત્યાં સુધી કે તે માણસ ખૂબ જ ઝખ્મી થઈ ગયો અને તકલીફની પીડા સહન ન કરી શક્યો તો ત્વરીત મૌતનો ઈચ્છુક બન્યો. તેણે પોતાની તલ્વારની અણીને છાતીની વચ્ચે રાખી અને એના પર પોતાના શરીરનું એટલું વજન રાખી દીધું કે તલ્વાર બંનેવ ખભાઓની વચ્ચેથી બહાર નીકળી આવી જેનાથી તે શખ્સનું મૃત્યુ થઈ ગયું.... *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૪૦૬, પ્રકરણ : દરેકને શહીદ ન કહો, હદીષ–૨૮૯૮, બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૯૬૧, પ્રકરણ, આમાલમાં ખાત્માનો એતબાર હોય છે, હદીષ–૬૪૯૩)*

ઉપરોક્ત બનાવમાં સહાબીઓ સમજ્યા હતા કે આ માણસ ઘણો જ મહાન મુજાહિદ છે, પરંતું ગયબ જાણનાર નબી ﷺએ જણાવી આપ્યું કે એ શખ્સ જહન્નમી છે ! અને જેવું આપે બતાવ્યું એવું જ થયું. તે માણસ આત્મહત્યા કરીને હરામની મૌતનો શિકાર બન્યો કે જેનો બદલો જહન્નમ છે.

## ★ હઝરત અમ્માર બિન યાસરની શહાદતની ખબર આપી !★

"હઝરત અકરમા ફર્માવે છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضي الله عنهما એ મને અને પોતાના પુત્ર અલીને કહ્યું, ચાલો ! અબૂ સઈદ ખુદરી رضي الله عنه ની પાસે જઈએ અને એમની વાતો સાંભળીએ. અમે લોકો એમની પાસે પહોંચ્યા તો જોયું કે હઝરત અબૂ સઈદ ખુદરી رضي الله عنه પોતાનો બાગ ઠીક કરી રહ્યા છે. તેમણે પોતાની ચાદર ઉઠાવી અને તેને ઓઢીને અમારી સાથે વાતચીત કરવા લાગ્યા. મસ્જિદે નબવીના બાંધકામની ચર્ચા ચાલી તો કહેવા લાગ્યા કે અમે લોકો એક એક ઈંટ ઉઠાવતા હતા અને હઝરત અમ્માર બે બે ઈંટો ઉઠાવીને લાવી રહ્યા હતા. રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ તેમને જોયા તો તેમના શરીરેથી માટી સાફ કરવા લાગ્યા અને ફર્માવ્યું, અમ્માર પર એક અઘરો સમય આવશે, તેમને એક બાગી ટોળી ક઼ત્લ કરશે. એ એઓને જન્નતની તરફ બોલાવતા હશે અને તેઓ એમને દોઝખની તરફ બોલાવતા હશે. હઝરત અબૂ સઈદ ખુદરી رضي الله عنه કહે છે, હઝરત અમ્માર કહ્યા કરતા હતા, હું ફિત્નાઓથી અલ્લાહની પનાહ માગુ છું. *(બુખારી શરીફ, ભાગ-૧, પેજ-૪૬, પ્રકરણ, મસ્જિદના બાંધકામમાં સહકાર કરવાનું બયાન, હદીષ-૪૪૭)*

કોનું મૌત કેવી રીતે આવશે, ક્યારે આવશે એ કોઈ જ નથી જાણતું ! પણ ઉપરોક્ત સહીહ હદીષ સાબિત કરે છે કે અલ્લાહની અતાથી ગયબ જાણનાર નબી એ જાણે છે, ત્યારે જ તો હઝરત અમ્માર વિશે જણાવી આપ્યું.

## ★ ફર્માને રસૂલ : હઝરત હારિષા ફિરદૌસે આ'લામાં છે ! ★

"હઝરત અનસ બિન માલિક رضي الله عنه રિવાયત કરે છે કે હઝરત હારિષા બિન ષુરાક઼ાનાં વાલિદા મોહતરમા હઝરત ઉમ્મે રબીઅ બિન્તે બરાઅ્ રસૂલુલ્લાહ صلى الله عليه وسلم ની ખિદમતમાં હાજર થયાં અને અર્ઝ કરી, યા નબી અલ્લાહ ! મને મારા પુત્ર હારિષાનો હાલ બતાવો જે જંગે બદરમાં અજાણ વ્યક્તિના ફેંકેલા તીરનો ઝખ્મ ખાયને માર્યા ગયા હતા. જો તે જન્નતમાં છે તો હું સબ્રથી કામ લઈશ, અને જો મામલો એનાથી ઉલ્ટો છે તો હું દિલ ખોલીને એના પર રૂદન આક્રંદ કરીશ ! રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, હે ઉમ્મે હારિષા ! તે જન્નતના બાગોમાં છે, અને બેશક ! તારા ફરઝંદે ફિરદોસે આ'લામાં જગા મેળવી છે." *(બુખારી શરીફ, ભાગ-૧, પેજ-૩૯૪, પ્રકરણ : અજાણ માણસનું તીર વાગવાથી મરી જવું, હદીષ-૨૮૦૯)*

શું કોઈ બદબખ્ત કહી શકે છે કે નબી કરીમ صلى الله عليه وسلم એ કેવળ દિલાસા પૂરતું તેની માને કહી આપ્યું છે, એમને કાંઈ ખાત્રી પૂર્વકની જાણ ન હતી ?! હરગિઝ નહીં ! તો માનવું પડશે કે રસૂલે પાક صلى الله عليه وسلم એ જે જન્નતની ખબર આપી તે યક઼ીનન ! વિના શંકાએ સત્ય છે. અને એને જ ઈલ્મે ગયબ કહે છે ! દુનિયામાં બેઠા બેઠા જન્નતમાં ક્યા દરજા પર કોણ છે તેની જાણ કરી દેવી એ ગયબદાં નબીનું જ કામ છે !

## ★ છુપા પત્ર વિશે ખબર આપી ! ★

હઝરત અલી رضي الله عنه ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ મને તથા ઝુબૈર ઈબ્ને અ઼વામ તથા

અબૂ મર્ષદ ગનવીને એક પત્ર લાવવા માટે રવાના કર્યા. તે સમયે અમે લોકો ઘણા જ સારા ઘોડે સવાર હતા. હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, તમે લોકો રોઝએ ખાખ સુધી જાવ ત્યાં એક મુશ્રિકા સ્ત્રી મળશે. તે સ્ત્રીની પાસે મુશ્રિકોના નામે લખેલો હાતિબ બિન બલ્તાનો પત્ર છે જેને લઈને તે મક્કાના મુશ્રિકોની તરફ જઈ રહી છે.

(સારાંશ કે તે જ જગાએ તે સ્ત્રી મળે છે, પત્ર વિશે આનાકાની તેણીએ કરી પણ છેવટે પત્ર તેણી પાસેથી નીકળે છે...... પૂરો બનાવ અસલ કિતાબમાં જુઓ.) *(બુખારી શરીફ, ભાગ-૨, પેજ-૯૨૫, કિતાબુલ ઈસ્તીઝાન, બાબુ મન્નઝર ફી કિતાબ, હદીષ-૬૨૫૯)*

## ★ મદીનામાં બેઠા બેઠા જંગના હાલાત વર્ણવી આપ્યા ! ★

હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત ઝયદ, હઝરત જઅફર તથા હઝરત ઈબ્ને રવાહા رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنની કોઈ ખબર આવતા પહેલાં જ તે લોકોની શહાદતના વિશે લોકોને બતાવી આપ્યું હતું. જેમ કે ફર્માવ્યું : ''પ્રથમ ઝયદે ઝંડો સંભાળ્યો પરંતું તે શહીદ થઈ ગયા, પછી જઅફરે ઝંડો સંભાળી લીધો તો તે પણ શહીદ થઈ ગયા. પછી અબ્દુલ્લાહ ઈબ્ને રવાહાએ ઝંડો સંભાળ્યો અને તે પણ શહીદ થઈ ગયા.'' અને આપની આંખોથી આંસૂં વહી રહ્યા હતાં. હુઝૂરે ફર્માવ્યું, ''હવે અલ્લાહની તલ્વારોમાંથી એક તલ્વાર ખાલિદ બિન વલીદે અમીર બનાવ્યા વિના પોતે જ ઝંડો સંભાળી લીધો છે, ત્યાં સુધી કે અલ્લાહ તઆલાએ તેમને કાફિરો પર ફતહ આપી દીધી છે.'' *(બુખારી શરીફ, ભાગ-૧, પેજ-૧૬૬, કિતાબુલ જનાઈઝ હદીષ-૧૨૪૬)*

આ જંગે મૌતાનો બનાવ છે જે જમાદિયુલ અવ્વલ હિ.સ.૮માં મદીના મુનવ્વરાથી સેંકડો માઈલ દૂર મુલ્કે શામમાં બયતુલ મુકૃદસની નજીક થઈ રહ્યો હતો. મદીનામાં બેઠા બેઠા સેંકડો માઈલ દૂરની ખબર આપવી હાલના જેવા કોઈ માધ્યમ વિના ! એ ગયબની ખબર નથી તો શું છે ? શું વિરોધીઓ આ સહીહ હદીષો પરથી પણ તૌબા નહીં કરે ! અને હજીય નબી ઈલ્મે ગયબ જાણે છે કહેનારને મુશ્રિક જ કહ્યા કરશે ! અલ્લાહની પનાહ ! તો પછી ઈસ્લામ ધર્મ પાળતા હોવાનો દાવો એમણે ત્યજી દેવો જોઈએ !

## ★ ખુશૂઅ તથા ખુઝૂઅને જાણી લેવું ! ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, શું તમે લોકો એવું સમજો છો કે મારું મોં કિ઼બ્લાની તરફ છે ?! કસમ ખુદાની ! તમારો રુકૂઅ તથા તમારો ખુશૂઅ (દિલની તલ્લીનતા) મારા સામે છુપી નથી, અને હું તમને પીઠની પાછળથી પણ જોઉં છું'' *(બુખારી શરીફ, ભાગ-૧, પેજ-૧૦૨, કિતાબુલ અઝાન, હદીષ-૭૪૧)*

ખુશૂઅ તથા ખુઝૂઅ એ દિલની એક સ્થિતિનું નામ છે, પરંતું રસૂલુલ્લાહ ﷺ સહાબાએ કિરામની દિલી કૈફિયતને પણ જોઈ રહ્યા છે ! અને પીઠ પાછળનું પણ જોઈ રહ્યા છો ! ત્યારે જ તો ફમાર્વ્યું, કે તમારો ખુશૂઅ મારાથી છુપો નથી. અને હું તમને પીઠ પાછળથી પણ જોઉં છું. સુબ્હાનલ્લાહ !

### ★ વર્ષો પહેલાં હઝરત ઉમર તથા ઉષ્માનની શહાદતનો નિર્દેશ ! ★

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે એકવાર રસૂલુલ્લાહ ﷺ હઝરત અબૂબક્ર સિદ્દિક઼, હઝરત ઉમર તથા હઝરત ઉષ્માનગની رضوان اللہ تعالٰی علیہم اجمعین ની સાથે ઓહદ પહાડ પર ચઢયા તો ઓહદ પહાડ હલવા લાગ્યો. રસૂલુલ્લાહ ﷺએ એ પહાડને ઠોકર મારીને ફર્માવ્યું, હે ઓહદ ! થોભી જા ! એટલા માટે કે તારા ઉપર એક નબી, એક સિદીક઼ અને બે શહીદ છે.'' *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૧૯ કિતાબુલ ફઝાઈલ અસ્હાબુન્નબી ﷺ, હદીષ–૩૭૭૫)*

હઝરત ઉમર તથા હઝરત ઉષ્માનગની رضی اللہ عنہما શહીદ થયા છે, પણ રસૂલુલ્લાહ ﷺએ તેમના વિસાલના વર્ષો પહેલાં એ બંનેવ હઝરાતની શહાદતનું એલાન કરી આપ્યું, અને જેવું આપે ફર્માવ્યું તેવું જ થયું. આ ઈલ્મે ગયબ જ તો છે !

**પ્રિય વાંચકો !** હવે ફરી એકવાર લેખની શરૂઆતનો પ્રથમ ફકરો વાંચી જાવ અને બાતિલ ફિર્ક઼ાઓની વાતો ધ્યાનમાં રાખો અને આ લેખમાંના કુ઼ર્આન હદીષના લખાણોને ધ્યાનમાં લઈ ઈન્સાફ કરો કે જેઓ હુઝૂર ﷺના ઈલ્મે ગયબ સંબંધે આવો અકી઼દો કુ઼ર્આન હદીષ વિરુદ્ધ જઈને ધરાવે તે મુસલમાન રહી શકે છે ?! નહીં ! અને હરગિઝ નહીં ! તો પછી એમની સાથે સગાઈ–દીકરા દીકરી વહેવાર કે દોસ્તી, ઉઠક બેઠક કરતાં તમે ઈમાનવાળા હોવ તો શરમાવ ! એમનાથી બચો, એમની સોહબતથી એમની સાથે સગાઈથી દૂર રહો, એમાં જ આપણા ઈમાનની સલામતી તથા બંને જહાનની ભલાઈ છે. રબ્બે કરીમ સૌને નેક તૌફીક઼ આપે.

## ૧ જાન્યુ. ૨૦૧૫થી લવાજમમાં વધારો !

**જેવી રીતે મોંઘવારી અન્ય દુનિયાવી પ્રોડક્ટ કરવાવાળાને નડે છે તથા દુનિયવી કામો કરનારા કર્મચારીઓને પગારો ન વધતાં ખેંચ ઉભી થાય છે તેમ દીની વિષયોની કિતાબો, માસિક અંકો વગેરે પ્રસિધ્ધ કરનારા તથા ઈમામો, હુફ્ફાઝ, આલિમોને પણ મોંઘવારી નડતી હોય છે ! જેથી તેમને પણ રાહત થાય તેવો પગારોમાં વધારો કરવો જોઈએ એ સ્વભાવિક વાત છે.**

**આપણુ માસિક "બરકાતે ખ્વાજા" પણ મોંઘવારીનો સામનો કરી રહ્યું છે, કારણ કે મલ્ટિ કલર સુંદર ટાઈટલ તથા ઉમદા કાગળો પર ઉમદા પ્રિન્ટિંગ.... વગેરે સુંદર કામગીરી માટે ઘણો ખર્ચ સહન કરવો પડે છે જેથી નાછૂટકે તા. ૧ જાન્યુઆરી ૨૦૧૫થી વાર્ષિક લવાજમમાં કેવળ ત્રીસ રૂપિયા (રૂા. ૩૦)નો મામૂલી વધારો કરવામાં આવ્યો છે જેની વિગત નીચે કોઠામાં દર્શાવી છે. ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ સુધી જૂના દરો રહેશે અને ૧ જાન્યુઆરી–૨૦૧૫થી લવાજમ વધી જશે જેથી આટલા સમયમાં પણ જેમણે જૂના દરોનો લાભ લેવો હોય તેઓ જલ્દીથી લવાજમો મોકલાવી આપે.** *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

| | | | |
|---|---|---|---|
| છુટક નકલ | રૂા. ૨૦/– | વાર્ષિક લવાજમ | રૂા. ૧૮૦/– |
| પેટ્રન ગ્રાહક ફી (૧૧ વર્ષ માટે) | રૂા. ૨૦૦૦/– | આજીવન ગ્રાહક | રૂા. ૪,૫૦૦/– |

કુર્આને પાકની તફસીર

કાર્યાલય

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈરફાન

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

અનુવાદક : મૌલાના હસન
આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.

وَ قَالُوا اتَّخَذَ
اللّٰهُ وَلَدًا ۙ سُبْحٰنَهٗ ؕ بَلْ لَّهٗ مَا فِی السَّمٰوٰتِ وَ
الْاَرْضِ ؕ كُلٌّ لَّهٗ قٰنِتُوْنَ ﴿۱۱۶﴾ بَدِیْعُ السَّمٰوٰتِ وَ
الْاَرْضِ ؕ وَ اِذَا قَضٰۤی اَمْرًا فَاِنَّمَا یَقُوْلُ لَهٗ كُنْ
فَیَكُوْنُ ﴿۱۱۷﴾ وَ قَالَ الَّذِیْنَ لَا یَعْلَمُوْنَ لَوْ لَا یُكَلِّمُنَا
اللّٰهُ اَوْ تَاْتِیْنَاۤ اٰیَةٌ ؕ كَذٰلِكَ قَالَ الَّذِیْنَ مِنْ قَبْلِهِمْ
مِّثْلَ قَوْلِهِمْ ؕ تَشَابَهَتْ قُلُوْبُهُمْ ؕ قَدْ بَیَّنَّا الْاٰیٰتِ
لِقَوْمٍ یُّوْقِنُوْنَ ﴿۱۱۸﴾ اِنَّاۤ اَرْسَلْنٰكَ بِالْحَقِّ بَشِیْرًا وَّ
نَذِیْرًا ۙ وَّ لَا تُسْـَٔلُ عَنْ اَصْحٰبِ الْجَحِیْمِ ﴿۱۱۹﴾ وَ لَنْ
تَرْضٰى عَنْكَ الْیَهُوْدُ وَ لَا النَّصٰرٰى حَتّٰى تَتَّبِعَ
مِلَّتَهُمْ ؕ قُلْ اِنَّ هُدَى اللّٰهِ هُوَ الْهُدٰى ؕ وَ لَىٕنِ
اتَّبَعْتَ اَهْوَآءَهُمْ بَعْدَ الَّذِیْ جَآءَكَ مِنَ الْعِلْمِ ۙ
مَا لَكَ مِنَ اللّٰهِ مِنْ وَّلِیٍّ وَّ لَا نَصِیْرٍ ﴿۱۲۰﴾ اَلَّذِیْنَ
اٰتَیْنٰهُمُ الْكِتٰبَ یَتْلُوْنَهٗ حَقَّ تِلَاوَتِهٖ ؕ اُولٰٓىٕكَ
یُؤْمِنُوْنَ بِهٖ ؕ وَ مَنْ یَّكْفُرْ بِهٖ فَاُولٰٓىٕكَ هُمُ
الْخٰسِرُوْنَ ﴿۱۲۱﴾

## સૂરએ બક઼રહની તફસીર

અને બોલ્યા, અલ્લાહે પોતાના માટે ઔલાદ ધરાવી. તેને પવિત્રતા છે[૨૦૭] બલ્કે તેની જ મિલ્કત છે જે કંઇ આસ્માનો અને જમીનમાં છે (તે)[૨૦૮] બધાએ જ તેના સામે ગરદન ઝુકાવેલી છે (૧૧૬) નવું પેદા કરનાર આસ્માનો અને જમીનને[૨૦૯] અને જ્યારે કોઇ વાતનો હુકમ ફરમાવે તો તેને એટલું જ કહે છે કે થઇ જા ! તે તરત થઇ જાય છે[૨૧૦] (૧૧૭) અને જાહિલ બોલ્યા,[૨૧૧] અલ્લાહ અમારી સાથે કેમ વાતો કરતો નથી[૨૧૨] અથવા અમને કંઇ નિશાની મળે[૨૧૩] એમનાથી આગલાઓએ પણ આવું જ કહ્યું એમના જેવી જ વાત, આમના અને તેમના દિલો એક જેવાં જ છે[૨૧૪] બેશક ! અમે નિશાનીઓ ખોલી દીધી યકીનવાળાઓ માટે જ[૨૧૫] (૧૧૮) બેશક ! અમે તમને હકની સાથે મોકલ્યા ખૂશખબરી આપતા અને ડર સંભળાવતા અને તમને દોઝખવાળાઓનો સવાલ નહિ થાય[૨૧૬] (૧૧૯) અને કદાપિ તમારાથી યહૂદી નસારા રાજી નહીં થાય જ્યાં સુધી તમે તેમનો ધર્મ ન પાળો[૨૧૭] તમે ફરમાવી દો અલ્લાહની હિદાયત હિદાયત છે[૨૧૮] અને (અય સાંભળનાર ગમે તે હોય) જો તું તેમની ઇચ્છાઓને આધિન થયો એ પછી કે તને જ્ઞાન લાધ્યું. તો અલ્લાહથી તને કોઇ બચાવ-નાર નહીં હોય અને ન મદદગાર (મળશે)[૨૧૯] (૧૨૦) જેઓને અમે કિતાબ આપી છે તે જેવી જોઇએ તેવી એની તિલાવત કરે છે. તેઓ જ એના પર ઇમાન ધરાવે છે, અને જે એને નકારશે તો તે જ નુકસાનવાળાઓ છે[૨૨૦] (૧૨૧)

**શાને નુઝૂલ :** ૨૦૭. યહૂદીઓએ હઝરત ઉઝેરને અને નસારાએ હઝરત ઇસાને અલ્લાહના બેટા કહ્યા, અરબના મુશ્રિકોએ ફરિશ્તાઓને ખુદાની બેટીઓ બનાવી. તેમને રદીયો આપવા આ આયત ઉતરી, સુબ્હાનહૂ એટલે કે તે પવિત્ર છે એ બાબતથી કે તેને ઔલાદ હોય, તેની સાથે ઔલાદનો સંબંધ જોડવો તેને અયબ લગાડવી એ તેની બેઅદબી છે, હદીષ શરીફમાં છે કે આદમના બેટાએ મને ગાળ આપી, મારા માટે ઔલાદ બનાવી, હું ઔલાદ અને પત્નીથી પવિત્ર છું.

૨૦૮. અને મિલ્કત હોવી એ તે વસ્તુ ઔલાદ હોય એનાથી વિરૂદ્ધ છે (કારણ કે ઔલાદને મિલ્કત કહી શકતા નથી) જ્યારે તમામ જહાન તેની મિલ્કત છે તો પછી તે ઔલાદ કેવી રીતે બની શકે.

૨૦૯. જેણે પહેલાંના કોઇ નમૂના વગર તમામ વસ્તુઓનું શૂન્યમાંથી સર્જન કર્યું.

૨૧૦. એટલે કે કાઇનાત તે ઇરાદો કરે તેની સાથે જ અસ્તિત્વમાં આવી જાય છે.

૨૧૧. એટલે કે અહલે કિતાબ અથવા મશ્રિકો.

૨૧૨. એટલે કે ડાયરેક્ટ પોતે જ શા માટે વાત નથી કરતો ? જેવી રીતે કે ફરિશ્તાઓ અને પૈગમ્બરો સાથે કરે છે, આ તેમનો હદ દરજ્જાનો ઘમંડ હતો કે પોતાને ફરિશ્તાઓ અને પૈગમ્બરો સમાન ગણ્યા.

**શાને નુઝૂલ :** રાફિઅ બિન ખુઝેમાએ હુઝૂર ﷺને કહ્યું, જો તમે અલ્લાહના રસૂલ હોવ તો તેને કહો કે અમારી સાથે વાત કરે અને અમે પોતે સાંભળીએ, ત્યારે આ આયત ઉતરી.

૨૧૩. આ તે નિશાનીઓનો ઇર્ષાના કારણે ઇન્કાર છે જે એમને અલ્લાહ પાકે આપી.

૨૧૪. અંધાપા અને કુફ્ર તેમજ સખ્તાઇમાં, અહીં હુઝૂર ﷺને તસ્કીન આપવામાં આવી છે કે આપ તેમના ઘમંડ અને દુશ્મનીની ચાલથી દુ:ખી ન થાઓ, પાછલા કાફિરો પણ પૈગમ્બરો સાથે આવું જ વર્તન કરતા હતા.

૨૧૫. અર્થાત કુરઆનની આયતો અને હુઝૂર ﷺના મુઅજિઝા ઇન્સાફવાળાને આપની નુબુવ્વતનું યક઼ીન અપાવવા પૂરતા છે પણ જે યક઼ીન ઢુંઢનાર ન હોય તેને દલીલોથી કશો ફાયદો થતો નથી.

૨૧૬. કે તેઓ કે ઇમાન ન લાવ્યા, કારણ કે આપે આપનો તબ્લીગનો ફર્ઝ સારી રીતે અદા કરી દીધો છે.

૨૧૭. અને એ શક્ય નથી કારણ કે તેઓ બાતિલ પર છે.

૨૧૮. તે જ અનુકરણ કરવા લાયક છે કારણ કે એના સિવાય તમામ માર્ગો બાતિલ છે.

૨૧૯. આ સંબોધન ઉમ્મતે મુહમ્મદિયહને છે કે જ્યારે તમે જાણી લીધું કે હુઝૂર ﷺ તમારી પાસે હક અને હિદાયત લાવ્યા છે તો તમે કદાપિ કાફિરોની ઇચ્છાઓને આધિન ન થશો; જો તમે એમની ઇચ્છાઓના તાબેદાર બનશો તો તમને અલ્લાહના અઝાબથી કોઇ બચાવનાર નથી. (ખાઝિન)

**શાને નુઝૂલ :** ૨૨૦. હઝરત ઇબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફરમાવ્યું કે આ આયત સફીનાવાળાઓ માટે ઉતરી છે જે જઅફર બિન અબૂતાલિબની સાથે હુઝૂર ﷺની સેવામાં હાજર થયા હતા. તેમની સંખ્યા ૪૦ હતી, ૨૨ હબશાના ૮ શામ દેશના હતા. એમનામાં બુહીરા રાહિબ પણ હતા. મતલબ એ છે કે હકીકતમાં તવરાત પર ઇમાન લાવેલા તે જ ગણાશે જેઓ એની તિલાવતનો હક અદા કરે છે, અને ફેરફાર કર્યા વગર પઢે છે, અને એના અર્થ સમજે અને માને છે, અને એમાં હુઝૂર ﷺના વખાણ દેખીને હુઝૂર પર ઇમાન લાવે છે અને જે હુઝૂરના મુન્કિર બને છે તે તવરાત પર ઇમાન ધરાવતા નથી.

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ رحمۃ الرحمن

**હદીષ :** *હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝયદથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ બે બે વાર વુઝૂ કર્યું. (બુખારી) હઝરત ઉષ્માન رضی اللہ عنہથી રિવાયત છે કે આપે જાહેર જગામાં વુઝૂ કર્યું[૧], તો ફર્માવ્યું, હું તમને રસૂલુલ્લાહ ﷺનું વુઝૂ દેખાડું. આપે ત્રણ ત્રણ વાર વુઝૂ કર્યું[૨]. (મુસ્લિમ)*

*હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવે છે કે અમે રસૂલુલ્લાહ ﷺની સાથે મક્કાથી મદીનાની તરફ પરત થયા ત્યાં સુધી કે જ્યારે એ પાણી પર પહોંચ્યા જે માર્ગમાં હતું, તો અસરના સમયે કૌમે જલ્દી કરી કે જલ્દી જલ્દી વુઝૂ કર્યુ[૩] અમે તેમના સુધી પહોંચ્યા અને તેમની એડીઓ ચમકી રહી હતી જેમને પાણી લગાડયું ન હતું. ત્યારે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એ એડીઓના માટે આગની વેલ છે[૪] વુઝૂ પૂરું કરો ! (મુસ્લિમ)*

*હઝરત મુગીરા ઈબ્ને શઅબાથી[૫] રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺએ વુઝૂ કર્યું તો પોતાની પેશાની તથા અમામો અને મોજાઓ પર મસહ કર્યો[૬] (મુસ્લિમ) હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે નબી કરીમ ﷺ પોતાની શક્તિ પ્રમાણે દરેક કામોમાં જમણેથી શરૂ કરવાનું પસંદ કરતા હતા. પોતાની તહારત (વુઝૂ–ગુસ્લ)માં કાંસકી કરવામાં અને પગરખાં પહેરવામાં[૭] (મુસ્લિમ, બુખારી)*

*(બીજો વિભાગ) : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે તમે પહેરો અને જ્યારે વુઝૂ કરો તો જમણી બાજુથી શરૂ કરો[૮]. (અહમદ, અબૂ દાઊદ)*

*હઝરત સઈદ ઈબ્ને ઝયદથી[૯] રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે એનું વુઝૂ નથી જેણે એના પર અલ્લાહનું નામ ન લીધું[૧૦]. એને તિર્મિઝી તથા ઈબ્ને માજહએ રિવાયત કર્યું અને અહમદ તથા અબૂ દાઊદે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી અને દારમીએ હઝરત અબૂ સઈદ ખુદરીથી, તેમણે પોતાના પિતાથી રિવાયત કરી, એની શરૂઆતમાં વધાર્યું કે જેનું વુઝૂ નથી તેની નમાઝ નથી[૧૧]. હઝરત લકીત ઈબ્ને સુબરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છેઃ મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મને વુઝૂના વિશે ખબર આપો ! ફર્માવ્યું, વુઝૂ પૂરું કરો, આંગળીઓ વચ્ચે ખિલાલ કરો અને નાકના પાણીમાં મુબાલિગા કરો (વધારે ચઢાવો), પણ જ્યારે તમે રોઝાદાર હોવ[૧૨]. (અબૂ દાઊદ)*

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** 'મકાઈદ'એ 'મકઅદ''નું બહુવચન છે, એટલે કે લોકોને બેસવા તથા એકત્ર થવાની જગા. જેમ કે બજાર, કમિટી, ઘર તથા ઈદારાઓ અને ચોરાઓ વગેરે. સહાબાએ કિરામ તબ્લીગના માટે લોકોના મજમાઓમાં જતા અને તેમને દીનના અહકામ (હુકમો) શીખવાડતા હતા.

**૨.** જણાય છે કે આપને એ સમયે વુઝૂની હાજત ન હતી, કેવળ લોકોને શીખવાડવાના માટે એમને દેખાડીને વુઝૂ કર્યું. અને જાહેર છે કે ધોવાનાં અંગોને ધોવું સામાન્યતઃ હતું, એકવાર કે બેવાર એમને ધોવું એ કદી કદી જાઈઝ હોવાના વર્ણનને માટે હતું. જેથી

આ હદીષ ન અન્ય હદીષથી ટકરાનારી છે ન આપણી વિરૂધ્ધ છે.

**૩.** એટલે કે અમે નબી કરીમ ﷺની સાથે કાફલાના પાછલા હિસ્સામાં હતા અને તે હઝરત આગલા હિસ્સામાં હતા. તેઓ અમારાથી પહેલા પાણી પર પહોંચી ગયા અને જલ્દીમાં વુઝૂ કર્યુ. માલૂમ થયું કે વુઝૂ પણ નમાઝ જેમ ઈત્મિનાનથી કરવું જોઈએ.

**૪.** 'વેલ'નો અર્થ અફસોસ પણ થાય છે અને દોઝખના એક તબકાનું નામ પણ છે. અહીં બીજો અર્થ મુરાદ છે. એટલે કે વુઝૂનાં અંગોમાંથી કોઈ અંગ નખ બરાબર સૂકુ રહી ગયું તો તે શખ્સ 'વેલ'માં જવાનો મુસ્તહિક છે. એનાથી ત્રણ મસ્અલા સાબિત થયા : એક એ કે જ્યારે મોજા ન પહેર્યો હોય તો વુઝૂમાં પગો ધોવા ફર્ઝ છે, મસહ જાઈઝ નથી. એના પર સર્વ સહાબાએ કિરામ, અહલે બયતે અત્હાર અને સર્વ ઉમ્મતનો ઈજમાઅ છે. હઝરત અલી رضی اللہ عنہ હમેશાં પગો ધોતા રહેતા હતા. જેમ કે ખૂદ શીઆઓની કિતાબથી પણ સાબિત છે. બીજુ એ કે ધોવાનાં (વુઝૂ–ગુસ્લમાં) અંગોને સંપૂર્ણપણે ધોવાં ફર્ઝ છે, ત્યાં સુધી કે વીંટીની નીચે કાનની હેરીંગ તથા નાકના રવાના કાણાંઓમાં પાણી પહોંચાડવું વુઝૂ તથા ગુસ્લમાં ફર્ઝ છે. ત્રીજુ એ કે સગીરા ગુનાહ પર પણ સખત અઝાબ થઈ શકે છે.

**૫.** આપ મુહાજિર છે, ષકફી છે, ખંદકના વરસે ઈસ્લામ સ્વીકાર્યો. હુઝૂર ﷺની સાથે અરસા સુધી રહ્યા, પછી અમીર મુઆવિયહની તરફથી કૂફાના હાકિમ રહ્યા. સિત્તેર વરસની ઉમરે હિ.સ. ૫૦માં કૂફામાં વફાત પામ્યા.

**૬.** "આ'લા"ના અર્થમાં છે અને નાસિયહથી મુરાદ માથાનો આગલો હિસ્સો જે કુલ માથાનો ચોથાઈ હોય છે. એટલે કે હુઝૂર ﷺએ ચોથાઈ માથાનો મસહ કર્યો. આ હદીષ ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہની મજબૂત દલીલ છે કે મસહ માથામાં ચોથાઈ હિસ્સો ફર્ઝ છે, અને એથી વધારે સુન્નત છે. ઈમામ માલિક رضی اللہ عنہના ત્યાં પૂરા માથાનો મસહ ફર્ઝ છે અને ઈમામ શાફઈ رضی اللہ عنہની નજીક એક વાળ ને સ્પર્શી લેવું પણ પૂરતુ છે. આ હદીષ એ બંનેવ બુઝુર્ગોની ખિલાફ છે, કેમ કે હુઝૂર ﷺએ ચોથાઈ માથાથી ઓછો મસહ કદી નથી કર્યો. જો એક વાળનો મસહ પૂરતો હોત તો જે બયાન જાઈઝ હોવાના માટે છે ક્યારેક એના ઉપર હુઝૂર ﷺ જરૂર અમલ કરતા. કમ સે કમ મસહની હદીષ આ જ છે, અને જો પૂરા માથાનો મસહ ફર્ઝ હોત તો આપ એ મોકા પર ચોથાઈ માથાના મસહ પર સંતોષ ન કરત. યાદ રાખશો કે નબી ﷺએ એ મોકા પર અમામા શરીફને પકડી લીધો હતો કે જેથી પડી ન જાય, જોનારાઓ સમજ્યા કે આપ અમામાનો પણ મસહ કરી રહ્યા છે, એટલા માટે આવી રિવાયત કરી આપી. અમામા પર મસહ કરવો એ કુર્આન શરીફની વિરૂધ્ધ છે. ફર્માવે છે : وَامْسَحُوْا بِرُءُوْسِكُمْ જેથી કોઈ એવું નથી કહી શક્તું કે હુઝૂર ﷺએ ચોથાઈ માથાનો મસહ કર્યો અને બાકી અમામાનો મસહ કર્યો. તેમજ જો અમામાનો મસહ થાત તો તે માથાના મસહનો નાઈબ હોત, અને નાઈબ તથા અસલ ભેગા નથી થઈ શક્તા. એવું નથી થઈ શક્તું કે એક પગ ધોઈ લો અને એક પગના મોજા પર મસહ કરીલો. અને અડધુ વુઝૂ કરી લો અને અડધુ તયમ્મુમ. તેમજ ચામડા તથા જાડા સૂતરના મોજા પર મસહ જાઈઝ છે, જ્યારે કે બાંધ્યા વિના પીંડલી પર રોકાય રહે. એની સંપૂર્ણ ચર્ચા આગળ જતાં આવશે. ઈન્શાઅલ્લાહ !

**૭.** આ ત્રણ ચીજો દૃષ્ટ્રાંત રૂપે દર્શાવવામાં આવી, નહીં તો સુરમો લગાડવો, નખો લેવા, બગલના વાળ લેવા, હજામત તથા મૂછોના વાળ કપાવવા, મસ્જિદમાં આવવું અને મિસ્વાક કરવું વગેરે સૌમાં સુન્નત એ છે કે જમણા હાથે અથવા જમણી બાજુથી શરૂ કરે, કેમ કે નેકીઓ લખનારો ફરિશ્તો જમણી તરફ રહે છે એના કારણે એ બાજુ અફઝલ છે, ત્યાં સુધી કે જમણો પડોશી ડાબા પડોશી કરતાં

અધિક વહેવારનો મુસ્તહિક઼ છે. *(અશિઅતુલ લમ્આત)* ઉલમા ફર્માવે છે કે અન્ય મસ્જિદોમાં સફનો જમણી બાજુનો હિસ્સો ડાબી બાજુ કરતાં અફઝલ છે, પણ મસ્જિદે નબવીમાં ડાબો હિસ્સો જમણી બાજુના હિસ્સા કરતાં અફઝલ છે, કેમ કે તે રોઝએ મુતહ્હરાથી નજીક છે. રોઝએ મુતહ્હરા દિલ છે અને દિલ ડાબી તરફ છે જેના પર જિંદગીનો દારોમદાર છે. તેમનો માખઝ આ હદીષ પણ છે. સૂફિયાએ કિરામનાં કથનો વિના દલીલે નથી હોતાં, કેમ કે જ્યારે નેકીઓ લખનારો ફરિશ્તો જમણી બાજુ રહે છે જેના કારણે જમણી બાજુનો હિસ્સો ડાબી બાજુ કરતાં અફઝલ થયો, જેથી ત્યાં મુસ્તફા ﷺની નિકટતાના કારણે ડાબી બાજુનો હિસ્સો અફઝલ થયો. જેમ કે સરકાર علیہ السلام ફર્માવે છે કે નમાઝમાં જમણી બાજુ ન થૂકો, ન જોડા રાખો, કેમ કે એ તરફ રહમતનો ફરિશ્તો છે.

૮. કુર્તો પહેરવામાં, પાયજામો, જોડા પહેરવા એ સૌ એમાં સામેલ છે. અને વુઝૂમાં ગુસ્લ તથા તયમ્મુમ પણ સામેલ છે. ''અયામિન'' અયમનનું બહુવચન છે જે યમીન અથવા યમનથી બનેલું છે, જેનો અર્થ બરકત તથા મુબારક થાય છે. કેમ કે ઈસ્લામમાં જમણો હિસ્સો મુબારક માનવામાં આવ્યો કે ક઼યામતમાં નેકીઓના આમાલનામાં પણ એ જ હાથોમાં હશે, એટલા માટે એને ''અયમન'' અથવા ''યમન'' કહે છે. એટલે કે જ્યારે કાંઈક પહેરો તો પ્રથમ જમણા હાથ કે પગમાં પહેરો પછી ડાબામાં પહેરો. અને જ્યારે વુઝૂ, ગુસ્લ કે તયમ્મુમ કરો તો જમણી બાજુથી શરૂ કરો. પણ ઉતારવામાં એનાથી ઉલ્ટુ છે, એટલે પ્રથમ ડાબી બાજુનું ઉતારો પછી જમણી બાજુનું ઉતારો.

૯. આપની કુન્નિયત અબુલ અઅ્વર છે. ક઼ર્શી છે. અદવી છે. ક઼દીમુલ ઈસ્લામ છે. અશ્રાએ મુબશ્શરામાંથી છે. બદર સિવાય સર્વ જંગોમાં હુઝૂર ﷺની સાથે રહ્યા, હઝરત ઉમર رضی اللہ عنہની બહેન ફાતિમા આપના નિકાહમાં હતાં જેમના થકી હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہ ઈસ્લામ લાવ્યા. સિત્તેર વરસથી વધુ વય થઈ. મક઼ામે અતીક઼માં હતા ત્યાં હિ.સ. ૫૧માં વિસાલ થયો. આપની મૈયત શરીફ મદીના મુનવ્વરા લાવવામાં આવી અને જન્નતુલ બક઼ીઅમાં દફન કરવામાં આવ્યા.

**૧૦.** વુઝૂથી પહેલાં બિસ્મિલ્લાહ પઢવું આમ ઉલમાની નજીક સુન્નતે મુસ્તહબા છે, અને અહીં કમાલનો નકાર છે એટલે જે કોઈ વુઝૂ કરતી વખતે બિસ્મિલ્લાહ ન પઢે તેનું વુઝૂ કામિલ નથી. જેમ કે હદીષ શરીફમાં છે કે મસ્જિદથી નજીક રહેવાવાળાની મસ્જિદ વિના નમાઝ થતી નથી, એટલે કે નમાઝ કામિલ નથી થતી. કેમ કે રબ તઆલાએ ફર્માવ્યું, જ્યારે તમે નમાઝના માટે ઉઠો તો પોતાનું હાથ મોં ધૂઓ.... છેવટ સુધી, ત્યાં બિસ્મિલ્લાહની ક઼ૈદ (શર્ત) નથી. તેમજ ત્રીજા વિભાગમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ અને ઈબ્ને ઉમર رضی اللہ عنہماની હદીષ આવી રહી છે કે જે વુઝૂની શરૂઆતમાં બિસ્મિલ્લાહ પઢે તેનું સર્વ શરીર પાક થઈ જાય છે, અને જો ન પઢે તો તેનાં કેવળ વુઝૂનાં અંગો પાક થાય છે. આ સર્વ પરથી જાણવા મળ્યું કે બિસ્મિલ્લાહ વુઝૂમાં ફર્ઝ કે વાજિબ નથી, જેથી આ હદીષ ન તો કુર્આનની વિરૂધ્ધ છે ન અન્ય હદીષોથી વિરૂધ્ધ છે.

**૧૧.** મિર્ક઼ાતે ફર્માવ્યું કે અહીં બે ગલતીઓ છે, એક એ કે આ હદીષના હુઝૂર ﷺથી રાવી ખૂદ અબૂ સઈદ ખુદરી છે ન કે એમના પિતા. બીજી એ કે એ વાક્ય હદીષમાં નથી કે જેનું વુઝૂ નથી તેની નમાઝ નથી. બલ્કે હદીષ 'અલૈહ' પર સમાપ્ત થઈ ગઈ.

**૧૨.** આપનું નામ લક઼ત ઈબ્ને આમિર ઈબ્ને સબુરા છે. કુન્નિયત અબૂ ઝરીન ઔક઼ૈલી છે. મશ્હૂર સહાબી છે. તાઈફવાળાઓમાં આપની ગણના થાય છે.

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા સંપાદક
પટેલ શબ્બીર અલી રઝવી

**વસ્ફે રુખ ઉન્કા કિયા કરતે હૈં, શરહે વશ્શમ્સો દુહા કરતે હૈં**
**ઉન્કી હમ મદહો ષના કરતે હૈં, જિન કો હમ મહમૂદ કહા કરતે હૈં**

*(વસ્ફે રુખ = ચહેરાની પ્રશંસા, શરહે વશ્શમ્સુ દુહા = સૂરએ શમ્સ તથા સૂરએ દુહાની તફસીર, મદહ = પ્રશંસા, મહમૂદ = પ્રશંસા પામેલ)*

**અર્થ :** આપણે જે આપણા આક઼ા તથા મૌલા ﷺના રુખે અન્વર (ચહેરા મુબારક)ની તારીફ કરીએ છીએ તો કોઈ નાજાઈઝ અથવા મામૂલી કામ નથી કરતા બલ્કે સૂરએ શમ્શ તથા વદુહાની તશરીહ કરીએ છીએ અને તેમની તારીફ કરીએ છીએ જેની ખુદાએ તારીફ કરીને તેમને મહમૂદ (પ્રશંસા પામેલ) બનાવી દીધા છે.

**માહે શક ગશ્તાકી સૂરત દેખો, કાંપકર મહરકી રજઅત દેખો**
**મુસ્તફા પ્યારેકી કુદરત દેખો, કૈસે એઅ્જાઝ હુવા કરતે હૈં**

*(માહે શક ગશ્તા = ટુકડા થયેલ ચાંદ, મહર = સૂરજ, રજઅત = પલટવું, એઅ્જાઝ = મોજિઝા)*

**અર્થ :** હે અઝમતે મુસ્તફા ﷺના મુન્કિરો ! જરા જુઓ તો મારા આક઼ા ﷺએ કેવા ચાંદના બે ટુકડા કર્યા, અને કેવી રીતે સૂરજ કાંપતો કાંપતો (આથમી ગયા બાદ) પરત આવ્યો ?! મારા પ્યારા આક઼ા ﷺની કુદરત તથા તાક઼તનો જરા અંદાઝો તો લગાડો અને વિચાર કરો કે કેવા કેવા મોજિઝા થતા રહે છે ?! કે ચાંદનું ટુકડા થવું અને સૂરજનું પલટવું આપણા હુઝૂર ﷺના આજિઝ કરી દેનારા કમાલોનું આજે પણ એલાન કરી રહેલ છે.

**તૂ હૈ ખુર્શિદે રિસાલત પ્યારે, છુપ ગએ તેરી ઝિયા મેં તારે**
**અંબિયા ઔર હૈં સબ માહ પારે, તુઝ સે હી, નૂર લિયા કરતે હૈં**

*(ખુર્શિદ = સૂરજ, ઝિયા = રોશની, માહ પારે = ચાંદના ટુકડા)*

**અર્થ :** હે મારા પ્યારા આક઼ા ! ﷺ આપ નબુવ્વતના આસ્માનના સૂરજ છો જેના પ્રકાશમાં તારાઓ છુપાય જાય છે. બાકીના સર્વ નબીઓ علیہم السلام ચાંદના ટુકડાઓ છે જેમને આપના જ ફયઝથી નૂર મળ્યું છે.

**અય બે ખિર્દીએ કુફ્ફાર ! રખતે હૈં ઐસે કે હક઼્મેં ઈન્કાર ?!**
**કે ગવાહી હો ગર ઉસ્કો દરકાર, બે ઝબાં બોલ ઉઠા કરતે હૈં !**

*(બે ખિર્દી = મૂર્ખાઈ, દરકાર = જરૂરી)*

**અર્થ :** હાય ! અફસોસ ! કમ અક઼લી (મૂર્ખતા) કેટલી બુરી મુસીબત છે કે કાફિરોએ તેમની નુબુવ્વત

તથા કમાલોનો ઈન્કાર કર્યો જેની અઝમત તથા રિસાલતની ગવાહી બેઝબાન (ચાંદ, સૂરજ, પથ્થર, ઝાડ, ગુંગા બોલીને) આપે છે.

આ શેઅરમાં અસંખ્ય મોજિઝાઓની તરફ નિર્દેશ છે જે સમયે બેઝબાં તથા નિર્જીવ ચીજોએ હુઝૂર ﷺની નુબુવ્વત તથા રિસાલતની ગવાહી આપી. જેમ કે અબૂ જહલની મુટ્ઠીમાં કાંકરીઓનું કલ્મો પઢવું, અને પથ્થરોનું આપ પર શબ્દોમાં સલામ મોકલવું કે અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ ! *(તિર્મિઝી, શિફા અન અલી رضی اللہ عنہ)* અને ઈકરમા બિન અબૂ જહલની માગણી પર પથ્થરનું પાણી પર તરતાં અને કલ્મો પઢતાં આવવું. –*(અન્વારે મુહમ્મદિયહ્ તફસીરે કબીર)*

**અપને મૌલા કી હૈ બસ શાને અઝીમ, જાનવર ભી કરેં જિન્કી તા'ઝીમ**
**સંગ કરતે હૈં અદબ સે તસ્લીમ, પેળ સજદે મેં ગિરા કરતે હૈં**

*(સંગ = પથ્થર, તસ્લીમ = સલામ, પેળ = ઝાડ)*

ઈમામુલ અંબિયા ﷺની જરા શાન તો જુઓ કે જાનવર પણ આપની તાઝીમ કરે છે, પથ્થર આપનું સન્માન દુરૂદો સલામ પઢીને કરે છે અને ઝાડ આપની બારગાહમાં હાજર થઈને સિજદામાં પડી જાય છે ! આપના આ સર્વ મોજિઝાઓ તિબ્રાની, મિશ્કાત, મિર્કાત શરહે મિશ્કાતમાં જોઈ શકાય છે.

**રિફઅતે ઝિક્ર હૈ તેરા હિસ્સા, દોનોં આલમમેં હૈ તેરા ચર્ચા**
**મુર્ગેફિરદોસ પસ અઝ હમ્દે ખુદા, તેરી હી મદહો ષના કરતે હૈં**

*રિફઅત = બુલંદી, ચર્ચા = ખ્યાતિ, મુર્ગે ફિરદોસ = જન્નતી પક્ષીઓ, ફરિશ્તા, પસ અઝ હમ્દ = અલ્લાહની તારીફ પછી)*

**અર્થ** : મારા આકા ﷺ આપની બુલંદીઓનો કોણ અંદાઝો લગાડી શકે છે કે અર્શ તથા ફર્શ અને જમીન તથા આસ્માન પર આપની મહાનતાના ડંકા વાગી રહ્યા છે. જમીન પર અઝાન તથા નમાઝોમાં, કલ્મા તથા ખુત્બામાં, જ્યારે આસ્માનના ફરિશ્તાઓ અલ્લાહની હમ્દો ષના પછી આપની ઝાતે બાબરકાત પર દુરૂદો સલામનાં નઝરાણાં પેશ કરવામાં લાગેલા રહે છે. ان اللہ وملکتہ یصلون علی النبی અને આ રીતે અલ્લાહ તઆલા ورفعنالك ذكرك નો વાયદો પૂરો ફર્માવી રહ્યો છે.

**ઉંગલિયાં પાઈ વોહ પ્યારી પ્યારી, જિન સે દરયા એ કરમ હૈ જારી**
**જોશ પર આતી હૈ જબ ગમ ખ્વારી, તિશ્ને સૌરાબ હુવા કરતે હૈં**

*(દરયાએ કરમ = દયાની નદીઓ, જારી = વહે છે, ગમખ્વારી = હમદર્દી, તિશ્ને = તરસ્યા, સૈરાબ તૃપ્ત)*

**અર્થ** : આપણા પ્યારા આકા ﷺની નરમ તથા નાઝુક અને પ્યારી પ્યારી આંગળીઓ કેટલા પ્રમાણમાં શાન ધરાવે છે કે તેના વડે કરમના દરિયા વહેતા થઈ જાય છે, અને જ્યારે આકા ﷺ પોતાના ગુલામો પર મહેરબાન થઈ જાય છે તો એ તરસ્યાઓને એ જ પંજાબે રહમતથી તૃપ્ત કરી આપે છે. મશહૂર બનાવની પ્રતિ નિર્દેશ છે જ્યારે હુદૈબિયહના સ્થળે પાણી ગયું તો હુઝૂર ﷺની આંગળીઓ થકી રહમતના દરિયા જારી થઈ ગયા અને ચૌદસો સહાબાએ કિરામે પાણી પીધું વુઝૂ, ગુસ્લ કર્યું, સવારીઓએ પણ પીધું. સહાબા ફર્માવે છે કે જો અમે એક લાખ પણ હોત તેમ છતાંય પાણી ખત્મ ન થાત.

ઈશ્કો મહબ્બતવાળા ફર્માવે છે કે આબે ઝમઝમ કરતાંય આપની આંગળીઓથી નીકળનારું પાણી અફઝલ છે. *(દલાઈલુન્નબુવ્વહ, પેજ. ૩૪૫, ઝુર્કાની ૫/૧૫૮)*

કેમ કે એ પાણી હુઝૂર ﷺનાં હાડકાં, નસો, ગોશ્ત અને ખૂનથી જારી થયું હતું અને ઝમઝમ શરીફ ગમે તેમ તોય પથ્થરથી જારી થયું અને આજ સુધી વહી રહ્યું છે અને ક઼યામત સુધી વહેતું રહેશે. જ્યારે કે સરકાર ﷺની આંગળીઓથી જે પાણી નીકળ્યું એનો સંબંધ હૌઝે કૌષરથી કરી દેવામાં આવ્યો હતો. અને પથ્થરોની જ્યાં સુધી વાત છે તો સાંભળો તેમની સ્થિતિ આ પ્રમાણે છે :–

*પથ્થરો તુમ તો હો પથ્થર મગર આક઼ા મેરે–તુમસે ગર ચાહેં તો કલ્મા ભી પઢ્હા લેતે હૈં !*

**હાં યહી કરતી હૈં ચિડ્યાં ફર્યાદ, યહીંસે ચાહતી હે હિરની દાદ,**

**ઈસી દર પર શુતુરાને નાશાદ, ગિલાએ રંજો અ઼ના કરતે હૈં**

*(યહીં = આપની જ બારગાહમાં ફર્યાદ = મદદ માટે પુકાર, દર = દરવાજા, શુતુરાને નાશાદ = ગમગીન ઊંટો, ગિલાએ રંજો અના = દુઃખ તથા મુસીબતની ફરિયાદ)*

**અર્થ** : હા ! મારા આક઼ા ﷺની બારગાહ તો તે છે જ્યાં પક્ષીઓ પણ આવીને ફરિયાદ કરે છે અને એમની ફરિયાદ સાંભળવામાં આવે છે, પછી ઈન્સાફ માગે છે અને તેમને ઈન્સાફ મળે છે. ઊંટ પોતાની તકલીફની શિકાયત કરે છે તો તેની શિકાયત દૂર કરી દેવામાં આવે છે. આ ત્રણેવ મોજિઝાઓનું વર્ણન મિશ્કાત, નુઝહતુલ મજાલિસ, શિફા શરીફ તથા હુજ્જતુલ્લાહિ અલલ આલમીનમાં મૌજૂદ છે.

હરણના બનાવ પર કોઈનો ઘણો પ્યારો શેઅર છે કે જ્યારે હુઝૂર ﷺની સિફારિશ પર હરણને જાળમાં ફસાવનારાએ તેને છોડી આપી કે જઈને બચ્ચાને દૂધ પીવડાવી આવે. તો હરણ વાયદા પ્રમાણે દૂધ પીવડાવીને પરત આવ્યું, તો અઅરાબી આ મોજિઝો જોઈને મુસલમાન થઈ ગયો અને કહ્યું કે મારા ઈસ્લામ લાવવાનો સબબ બની છે જેથી હું તેને બીજીવાર જાળમાં ફસાવીશ નહીં. તો સરકાર ﷺએ બંનેવને શું સરસ ખુશખબરી સંભળાવી તે આ શેઅરમાં વર્ણવવામાં આવી છે :–

*ફિર બશારત ઉસ (હિરની)કો ઉસ (અઅરાબી)કો મિલી સરકારસે–જાલસે હૈ તૂ આઝાદ, ઔર તૂ અઝાબે નારસે*

**આસ્તીન રહમતે આલમ ઉલ્ટે, કમરે પાકપે દામન બાંધે**

**ગિરનેવાલોંકો કૂચાએ દોઝખસે સાફ, અલગ ખીંચ લિયા કરતે હૈં**

**અર્થ** : મારા આક઼ા વ મૌલા ﷺ પોતાની રહમતનો દામન ચઢાવીને (તૈયાર થઈને) પુલ સિરાત પર ઉભા છે જેથી આસાનીની સાથે પોતાના ગુનેહગાર ઉમ્મતીઓને દોઝખના ખાડાઓથી કાઢીને જન્નતના બાગોમાં પહોંચાડી આપે.

**જબ સબા આતી હૈ તયબહસે ઈધર, ખિલ ખિલા પળતી હૈં કલિયાં યકસર**

**ફૂલ જામાસે નિકલ કર બાહર, રુખે રંગીંકી ષના કરતે હૈં**

*(સબા = હવા, ખિલખિલાના = ખીલી ઉઠવું, યકસર = એકાએક, જામા = લિબાસ, રુખે રંગી = ખૂબસૂરત ચહેરો)*

**અર્થ** : જ્યારે મદીના તરફથી ખુશ્બુદાર ઠંડી ઠંડી હવા ચાલીને બાગની તરફ આવે છે તો ગુંચાઓ વજદમાં ઝુમી ઉઠે છે અને એકદમ અટ્ટહાસ્ય કરતા ખીલી ઉઠે છે અને પછી આપણા આક઼ા ﷺની શાનમાં (બુલબુલો) ગીત ગાવા માંડે છે, અને આપની અઝમત પર હસદ કરનારાઓનું મો ચઢાવતાં કહે છે :–

*રસૂલુલ્લાહ ﷺ હમકો જાનસે પ્યારે હૈં નાદાનો ! – રસૂલુલ્લાહ ﷺ પે જાનેં ફ઼િદા કરતે રહેંગે હમ*
*નબુવ્વત તખ્ત ઉનકા ખાતમિય્યત તાજ ઉનકા – યૂં હી તઅરીફે શાહે દોસરા કરતે રહેંગે હમ*

## અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના

લેખક : **મૌલાના ઈફ્તેખાર અહમદ કાદરી**
*(દારુલ ઉલૂમ કાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*
અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**
*(દારુલ ઉલૂમ કાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*

## અલ્ અદ્લ اَلعَدۡلُ

### (ઘણો જ ન્યાય કરનાર)

**સમજૂતી** : આદિલ તે છે જેનાથી અદલો ઈન્સાફનાં કામો જાહેર થાય અને જુલ્મો સિતમ એનાથી બહાર ન પડે. અને એવો શખ્સ આદિલ કહેવામાં નથી આવતો જે ઈન્સાફને ન જાણતો હોય અને જેનાં કામો નથી જાણી શકાતાં તેનો અદ્લ પણ નથી જાણી શકાતો. અલ્લાહની આ સિફતને જે સારી રીતે સમજવા માગતો હોય તેના માટે જરૂરી છે કે અલ્લાહ તઆલાના એ તમામ અફઆલ (કામો) જે આસ્માનની બુલંદીઓથી જમીનના સૌથી નીચલા તબકા સુધી ફેલાયેલ છે તેમને પોતાની નજરો સમક્ષ રાખે તેમજ પોતાના શરીરની બનાવટ તથા અંગોની ઉમદા ગોઠવણ પર વિચાર કરે. જેવી રીતે માણસનું શરીર ઘણા જ અંગોથી બનેલ છે તેવી જ રીતે સૃષ્ટિના પણ ઘણા જ હિસ્સા અને અંગો છે. દરેક હિસ્સાની જે જગા હતી તેને ત્યાં જ ફિટ કરવામાં આવેલ છે. જો એવું ન હોત તો તે હિકમતવાળાનો બંદોબસ્ત વેરવિખેર થઈ જાત.

તેણે સૃષ્ટિના ઘણા હિસ્સાઓને શરીર તથા રૂહથી પેદા ફર્માવ્યા અને દરેક ચીજનું શ્રેષ્ઠ સર્જન કર્યું. આ રીતે તે ફૈયાઝ છે અને દરેક ચીજને તેની જગા પર ફીટ કરી એ તેનો ઈન્સાફ છે.

રબ તઆલાનું આ ઈસ્મ મુબારક તથા તમામ મુબારક નામોના માખઝ તથા જેનાથી તે નીકળેલ છે તેના પર જો ગહરી નજર રાખવામાં આવે તો યકીનન ! અસ્મા મુબારકાને સાચા અર્થમાં સમજી શકાય છે અને તેના સાચા અર્થો ભાવાર્થો દિમાગમાં બેસી શકે છે.

**દર્સ તથા સબક** : મુબારક નામ اَلعَدۡلُ **(અલ્અદ્લ)**થી સબક તથા નસીહત એ લેવી જોઈએ કે પ્રથમ પોતાની જાત સાથે ઈન્સાફ કરી નફસની ખ્વાહિશો તથા ગુસ્સાને પોતાની બુદ્ધિ તથા દીનનો કેદી બનાવે, શરીઅતની હદોનો પૂરો લિહાઝ કરે તથા હિફાઝત કરે, પોતાનાં તમામ અંગો સાથે ઈન્સાફ કરે, અને તેની સાથે ઈન્સાફ એ છે કે દરેક અંગને શરીઅતે ઈજાઝત આપેલ તરીકા પર ઉપયોગમાં લે. બાદમાં પોતાનાં બીવી બચ્ચાં તથા રિશ્તેદારો સાથે ઈન્સાફ કરે અને દરેક ચીજને તેના સહી સ્થળે રાખે. સાથોસાથ અલ્લાહના આદિલ હોવા પર એ રીતે ઈમાન રાખે કે તે પોતાની તદબીર તથા ફૈસલાઓમાં દરેક હાલતમાં આદિલ છે.

**ફાયદાઓ ખાસિયતો** : તેની ખાસિયત દિલોની તસ્ખીર (તાબેઅ કરવું) છે. જે શખ્શ રોટલીના ૨૦ ટુકડાઓ પર જુમ્આની રાતમાં یَا عَدۡلُ ''યા અદ્લ'' લખીને ખાઈ લેશે તો તમામ મખ્લૂક તેના તાબેઅ થશે.

અરબઈને ઈદરીસિયામાં છે કે :–

یَا کَرِیۡمَ العَفۡوِ ذَا العَدۡلِ قَدۡ مَلَأَ کُلَّ شَیۡءٍ عَدۡلُهٗ

**યા કરીમલ્ અફ્વિ ઝલ્અદ્લિ ફ્દ મલઅ કુલ્લ શયઈન્ અદ્લુહુ.**

આ દુઆનો જે હુકમરાનો પાબંદીની સાથે વિર્દ કરશે તો તેના અદ્લના ચર્ચા થશે. અને જો તે આલિમ હશે તો મખ્લૂકમાં તેનો ઈલ્મ ફેલાશે.

## અલ્ લતીફ اللَّطِيفُ

**(ઘણોજ બારીક બીં (સુક્ષ્મ દ્રષ્ટિવાળો)**

**સમજૂતી** : લતીફ એને કહે છે જે નાની નાની બારીક જરૂરતોને જાણી લઈ જરૂરતમંદો સુધી મહેરબાની તથા નરમીની સાથે પહોંચાડે. અને જાહેર છે કે અલ્લાહ સિવાય કોણ છે જે અંદરની હાજતોનો ઈલ્મ રાખતો હોય ! લતીફના મતલબને વિસ્તારથી લખવા કિતાબના ઘણા હિસ્સા જોઈએ. હા ! ખૂબ જ ટૂંકમાં થોડા વાક્યોમાં આ મુજબ બયાન કરી શકાય કે તેના લુત્ફો કરમનું એક ઉદાહરણ એ છે કે બાળકને માના પેટમાં પડ પછી પડવાળા અંધકારમાં પેદા ફર્માવી નાફ (ડૂંટી)ના દ્વારા ખોરાક પહોંચાડે છે. પછી બીજા તબક્કામાં તે બાળક મોઢા વડે ખોરાક લેવા લાગે છે. પછી પૈદાઈશ બાદ શિખવાડયા વગર માની છાતીએથી દૂધ પીવાનો તે ઈલ્હામ ફર્માવે (દિલમાં વાત નાખે) છે. અને રાતના અંધકારમાં પણ તે બાળક એ જ પ્રમાણે દૂધ પીવા લાગે છે. પછી તે લતીફ એ બાળકને દાંતો એટલા માટે મોડેથી આપે છે કે દૂધ પીવાના સમયે તેને દાંતોની જરૂરત નથી રહેતી પછી જ્યારે ખાવા ચાવવાનો ટાઈમ આવે છે તો દાંતોને પેદા ફર્માવે છે. અને દાંતોની એવી બેહતરીન ગોઠવણ કે પહોળા દાંતો પીસવા માટે, અણીદાર દાંતો તોડવા માટે તથા સામેના ધારદાર દાંતો કાપવા માટે, આ બધા તે લતીફના કરિશ્માઓ છે. ત્યાર બાદ જીભ જેનું કામ બોલવુ છે તેને પણ ખોરાકને પીસવાની જગા સુધી પહોંચાડવાનું કામ કરવાનું હોય છે. આ બધો તે લતીફનો જ લુત્ફો કરમ છે.

તેના લુત્ફો કરમનો એક મઝહર (નઝારો) એ છે કે તે પોતાના બંદાઓને જરૂરતથી વધારે અતા ફર્માવે છે. અને તેમને ઓછી તાકતવાળાં કામો કરાવાવાળો બનાવે છે. તેના લુત્ફો કરમનો એક અંદાઝ એ છે કે તે જાનવરોના ખૂન તથા ગોબરમાંથી દૂધ પેદા ફર્માવે છે. મધમાખીથી મધ, કીડાઓમાંથી રેશમ, છીપમાંથી મોતી કાઢે છે. આ બધાથી તઅજ્જુબવાળી વાત એ છે કે ઈન્સાનને નાપાક કતરા (ટીપા)થી પૈદા ફર્માવે છે, પછી તેને પોતાની મારેફત તથા ઈલ્મ અને અમાનત ઉઠાવનાર બનાવી મલકૂતે સમાવત (આસ્માનના ફરિશ્તાઓ)નો મુશાહેદો કરનાર બનાવે છે.

**દર્સ તથા સબક** : આ મુબારક નામથી સબક લેવો જોઈએ કે મોમિનના કિરદાર એવા હોવા જોઈએ કે બીજાઓ સાથે નમ્રતાથી વર્તાવ કરે અને ખૂબ જ નમ્રતાપૂર્વક હક્કની દાવત તરફ તથા હમેશાંની નેકનસીબી તરફ માર્ગદર્શનનો ફરીઝો અંજામ આપે. અને આ મહત્વની જવાબદારી પણ ખૂબસૂરત શબ્દોની જગાએ ઉમદા સીરત, સારા અખ્લાક, તથા પાકીઝા કિરદારના વડે અદા કરવામાં આવે તો સૌથી બેહતર છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : જે બંદો يَا لَطِيفُ **યા લતીફ** પોતાના રબને યાદ કરશે તેના દુઃખ દર્દ દૂર થશે અને જે શખ્સ ૧૦૦ વાર અથવા ૧૩૩ વાર વિર્દ કરશે તેની દરેક પ્રકારની તંગી વિશાળતામાં બદલાય જશે અને દરેક જગાએ તેની સાથે સારો વર્તાવ થશે.

# અહલે સુન્નતના અક઼ીદા ક઼ુર્આનની રોશનીમાં


લેખક : **મૌલાના સૈયદ મુહમ્મદ અમીનઅલી ક઼ાદરી** *(નિગરાં : સુન્ની દાવતે ઈસ્લામી–માલેગાંવ)*

અનુવાદક : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*


**અલ્લાહના મક઼બૂલ બંદા મુશ્કેલીઓ દૂર કરે છે અને તેમના તબર્રુકાતથી બલાઓ અને બીમારીઓ દૂર થાય છે**

**★ તાબૂતે સકીના દ્વારા બની ઈસ્રાઈલને વિજયની ખુશખબરી ★**

وَقَالَ لَهُمۡ نَبِيُّهُمۡ اِنَّ اٰيَةَ مُلۡكِهٖۤ اَنۡ يَّاۡتِيَكُمُ التَّابُوۡتُ فِيۡهِ سَكِيۡنَةٌ مِّنۡ رَّبِّكُمۡ وَبَقِيَّةٌ مِّمَّا تَرَكَ اٰلُ مُوۡسٰى وَاٰلُ هٰرُوۡنَ تَحۡمِلُهُ الۡمَلٰٓـئِكَةُ ؕ اِنَّ فِىۡ ذٰلِكَ لَاٰيَةً لَّكُمۡ اِنۡ كُنۡتُمۡ مُّؤۡمِنِيۡنَ

"અને તેઓને એમના નબીએ ફર્માવ્યું તેની બાદશાહીની નિશાની એ છે કે તમારી પાસે (એક) પેટી આવે જેમાં તમારા પરવરદિગાર તરફથી દિલોની શાંતિ છે અને અમુક વધેલી વસ્તુઓ છે ઈજ્જતવાળા મૂસા અને આબરૂદાર હારૂનના વારસાની. તેને ફરિશ્તાઓ ઉઠાવીને લાવશે, બેશક ! એમાં તમારા માટે મોટી નિશાની છે જો ઈમાન ધરાવતા હોવ તો." *(સૂ. બક઼રહ, ૨/૨૪૮)*

كُلَّمَا دَخَلَ عَلَيۡهَا زَكَرِيَّا الۡمِحۡرَابَ وَجَدَ عِنۡدَهَا رِزۡقًا ۚ قَالَ يٰمَرۡيَمُ اَنّٰى لَكِ هٰذَا ؕ قَالَتۡ هُوَ مِنۡ عِنۡدِ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ يَرۡزُقُ مَنۡ يَّشَآءُ بِغَيۡرِ حِسَابٍ

"જ્યારે ઝકરિય્યા તેણી પાસે તેણીની નમાઝ પઢવાની જગ્યાએ જતા (ત્યારે) તેણી પાસે નવી ખોરાકી જોતાં પૂછયું, હે મરયમ ! આ તારી પાસે ક્યારે આવ્યું ? બોલ્યાં, તે અલ્લાહ પાસેથી (આવ્યું) છે, નિ:શક ! જેને અલ્લાહ ઈચ્છે (તેને) ગણત્રી વગરનું આપે." *(સૂ. આલે ઈમરાન, ૩/૩૭)*

هُنَالِكَ دَعَا زَكَرِيَّا رَبَّهٗ ۚ قَالَ رَبِّ هَبۡ لِىۡ مِنۡ لَّدُنۡكَ ذُرِّيَّةً طَيِّبَةً ۚ اِنَّكَ سَمِيۡعُ الدُّعَآءِ

"અહીં ઝકરિયા પોતાના પરવરદિગારને પોકારી ઉઠયા, બોલ્યા : હે મારા પાલનહાર ! મને પોતાના પાસેથી સ્વચ્છ સંતાન આપ, બેશક ! તું જ દુઆ સાંભળનાર છે." *(સૂ. આલે ઈમરાન, ૩/૩૮)*

**★ હઝરતે યૂસુફ عليه السلام ના ક઼ુર્તાથી હઝરત યાકૂબ عليه السلام ની આંખો રોશન થઈ ગઈ ★**

اِذۡهَبُوۡا بِقَمِيۡصِىۡ هٰذَا فَاَلۡقُوۡهُ عَلٰى وَجۡهِ اَبِىۡ يَاۡتِ بَصِيۡرًا ۚ وَاۡتُوۡنِىۡ بِاَهۡلِكُمۡ اَجۡمَعِيۡنَ

"મારો આ કુર્તો લઈ જાવ, અને મારા બાપના મોઢા પર નાખો તેમની આંખો ખુલી જશે, અને તમારા આખા ઘરને મારી પાસે લઈ આવો." *(સૂ. યુસૂફ, ૧૩/૯૩)*

فَلَمَّاۤ اَنۡ جَآءَ الۡبَشِيۡرُ اَلۡقٰٮهُ عَلٰى وَجۡهِهٖ فَارۡتَدَّ بَصِيۡرًا ۚ

"પછી જ્યારે ખુશી સંભળાવનાર આવ્યો, તેણે તે કુર્તો યાકૂબના મોઢા પર નાખ્યો તે જ સમયે તેની દૃષ્ટિ પાછી આવી." *(સૂ. યુસૂફ, ૧૩/૯૬)*

**★ હઝરત અય્યુબ عليه السلام ના ક઼દમથી નીકળેલ ઝરણાથી શિફા મળતી ★**

اُرۡكُضۡ بِرِجۡلِكَ ۚ هٰذَا مُغۡتَسَلٌۢ بَارِدٌ وَّشَرَابٌ

"અમે ફર્માવ્યું : જમીન પર પોતાનો પગ

ઠોક (માર), આ રહ્યું ઠંડું ઝરણું ન્હાવા અને પીવા માટે." *(સૂ. સ્વાદ, ૨૩/૪૨)*

**★ હઝરત ઈસા علیہ السلام મુર્દાઓને જીવંત કરી દેતા અને બીમારોને સાજા કરી દેતા ★**

**وَأُبْرِئُ الْأَكْمَهَ وَالْأَبْرَصَ وَأُحْيِ الْمَوْتٰى بِإِذْنِ اللّٰهِ**

"અને સારૂ કરી દેતા આપું છું જન્મ જાત અંધ અને સફેદ ડાઘવાળાને અને હું મરેલાઓને જીવતા કરૂં છું અલ્લાહના હુકમથી." *(સૂ. સ્વાદ, ૨૩/૪૨)*

**★ હઝરત જિબ્રઈલ علیہ السلام એ હઝરત મરયમ رضی اللہ عنہا ને બશારત આપી ★**

**قَالَ إِنَّمَا أَنَا رَسُوْلُ رَبِّكِ لِأَهَبَ لَكِ غُلٰمًا زَكِيًّا**

"બોલ્યો, હું તારા પરવરદિગારનો મોકલેલો છું કે હું તને એક સ્વચ્છ પુત્ર આપું." *(સૂ. મરયમ, ૧૬/૧૯)*

## અવલિયાએ કિરામના મઝારો અલ્લાહની નિશાનીઓ છે

**أَمْ حَسِبْتَ أَنَّ أَصْحٰبَ الْكَهْفِ وَالرَّقِيْمِ كَانُوْا مِنْ اٰيٰتِنَا عَجَبًا**

"શું તમને ખબર પડી કે પર્વતની ગુફાવાળાઓ અને જંગલના કિનારાવાળાઓ અમારી એક અજબ નિશાની હતા." *(સૂ. કહફ, ૧૫/૯)*

## અલ્લાહવાળાઓથી સંબંધિત સ્થળો પણ અલ્લાહની નિશાનીઓ છે

**★ હઝરત સય્યદા હાજરા رضی اللہ عنہا એ જ્યાં ચક્કર લગાવ્યા એ સ્થળ અલ્લાહની નિશાની છે ★**

**إِنَّ الصَّفَا وَالْمَرْوَةَ مِنْ شَعَآئِرِ اللّٰهِ**

"બેશક ! સફા અને મરવા અલ્લાહની નિશાનીઓમાંથી છે." *(સૂ. બકરહ, ૨/૧૫૮)*

**★ હઝરતે ઈબ્રાહીમ અને અન્ય અંબિયાએ કિરામના સ્થળોને કુર્આન અલ્લાહની નિશાની બતાવ્યા ★**

**سُبْحٰنَ الَّذِيْٓ أَسْرٰى بِعَبْدِهٖ لَيْلًا مِّنَ الْمَسْجِدِ الْحَرَامِ إِلَى الْمَسْجِدِ الْأَقْصَا الَّذِىْ بٰرَكْنَا حَوْلَهٗ لِنُرِيَهٗ مِنْ اٰيٰتِنَا۔**

"પવિત્રતા છે તેને જે લઈ ગયો પોતાના બંદાને રાતો રાત મસ્જિદે હરામથી મસ્જિદે અક્સા સુધી જેની આજુબાજુ અમે બરકત મૂકી જેથી અમે તેને અમારી મહાન નિશાનીઓ દેખાડીએ." *(સૂ. બની ઈસ્રાઈલ, ૧૫/૧)*

**★ અસ્હાબે કહફ અલ્લાહની નિશાની છે ★**

**أَمْ حَسِبْتَ أَنَّ أَصْحٰبَ الْكَهْفِ وَالرَّقِيْمِ كَانُوْا مِنْ اٰيٰتِنَا عَجَبًا**

"શું તમને ખબર પડી કે પર્વતની ગુફાવાળાઓ અને જંગલના કિનારાવાળાઓ અમારી એક અજબ નિશાની હતા ?"

## અલ્લાહની નિશાનીઓની તા'ઝીમ તકવાની અલામત છે

**ذٰلِكَ وَمَنْ يُّعَظِّمْ شَعَآئِرَ اللّٰهِ فَإِنَّهَا مِنْ تَقْوَى الْقُلُوْبِ**

"વાત આવી છે. અને જે અલ્લાહની નિશાનીઓની તાઝીમ કરે તો એ દિલોની પરહેઝગારીમાંથી છે." *(સૂ. હજ, ૧૭/૩૨)*

## અવલિયા અલ્લાહની કરામતો

**★ હઝરત ઝકરિયા علیہ السلام નું હઝરતે મરયમ رضی اللہ عنہا ના હુજરામાં કરામત રૂપે વગર મૌસમનાં ફળ જોવું ★**

**كُلَّمَا دَخَلَ عَلَيْهَا زَكَرِيَّا الْمِحْرَابَ وَجَدَ عِنْدَهَا رِزْقًا۔ قَالَ يٰمَرْيَمُ أَنّٰى لَكِ هٰذَا۔ قَالَتْ هُوَ مِنْ عِنْدِ اللّٰهِ إِنَّ اللّٰهَ يَرْزُقُ مَنْ يَّشَآءُ بِغَيْرِ حِسَابٍ۔**

પેજ નં. ૨૩....પર

## ફ્વાઈદુસ્સાલિકીન



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

***(મલ્ફૂઝાતે હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી ચિશ્તી رحمۃ اللہ علیہ)***

*(સંપાદક : હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ)*

### ★ સુલૂક તથા સુલૂકવાળાઓ ★

શનિવાર હિ.સ. ૫૮૪ શવ્વાલના રોજ કદમબોસીનો શરફ હાંસલ થયો. કાઝી હમીદુદ્દીન નાગોરી, મૌલાના અલાઉદ્દીન કિરમાની અને મૌલાના શમ્સુદ્દીન ઉપરાંત અન્ય સાહબો પણ ખિદમતમાં હાજર હતા. સુલૂક તથા અહલે સુલૂકના બારામાં ચર્ચા શરૂ થઈ. આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે રાહે સુલૂકના સાલિક તે છે જેઓ માથાથી પગો સુધી મહોબ્બતના દરિયામાં ગર્ક (ડૂબેલા) છે. કોઈ પણ કોઈ ઘડી એવી નથી પસાર થતી કે એમના પર ઈશ્કનો વરસાદ ન વરસતો હોય.

ત્યાર બાદ ફર્માવ્યું કે 'આરિફ' તે શખ્સ છે કે દરેક પળે તેનામાં આલમે અસ્રારથી હજારો રહસ્યો પેદા થાય, અને સુકર (બેખૂદી)ના આલમમાં રહે. અને જો આ હાલતમાં અઢાર હજાર આલમ તેના સીનામાં નાખવામાં આવે તો પણ તેને ખબર ન પડે.

ત્યાર બાદ એ જ મોકા પર ફર્માવ્યું કે એકવાર સમરકંદમાં મેં એક દરવેશને જોયો જે આલમે તહય્યુરમાં હતો. મેં લોકોને પૂછયું કે ક્યારથી આ બુઝુર્ગ આલમે તહય્યુરમાં છે ? લોકોએ કહ્યું કે વીસ વરસથી ! કેટલોક સમય હું તેમની ખિદમતમાં રહ્યો. એકવાર તેમને આલમે સહવમાં જોઈને તેમને પૂછયું કે જ્યારે આલમે તહય્યુરમાં હોવ છો તો શું તમને આવન જાવનની ખબર પણ થાય છે કે નહીં ? દુરવેશે કહ્યું કે હે યારો ! જે વખતે દુરવેશ મહોબ્બતના દરિયામાં ગર્ક થાય છે તો જે કાંઈ તજલ્લીઓના અસ્રાર (રહસ્યો) તેના પર નાઝિલ થાય છે તો તેને અઢાર હજાર આલમની પણ ખબર નથી રહેતી. તો આ ઈશ્કબાજીની રાહ છે જેણે એમાં કદમ રાખ્યો તે જાન સલામત નથી લઈ ગયો.

એ મોકા પર આપે ફર્માવ્યું કે જ્યારે હઝરત યહ્યા علیہ السلامના ગળા પર છરી ફેરવવામાં આવી તો તેમણે ઈચ્છયું કે ફરિયાદ કરે. હુકમ થયો કે હે યહ્યા ! જો તેં આહ કરી તો યાદ રાખ ! તારું નામ મારા મહબૂબોમાંથી કટ કરી દઈશ. પછી એ હિકાયત ફર્માવી કે જ્યારે હઝરત ઝકરિયા علیہ السلامના સર મુબારક પર આડી ચાલવા લાગી તો તેમણે ચાહ્યું કે ફરિયાદ કરે, પરંતુ જિબ્રઈલ علیہ السلام નાઝિલ થયા અને કહ્યું, અલ્લાહની બારગાહથી હુકમ થયો છે કે જો તેં આહ કરી તો તારું નામ પયગંબરોના દફતરથી મિટાવી દેવામાં આવશે.

એ જ વખતે ખ્વાજા સાહબ કુત્બુલ ઈસ્લામ અશ્રુમય થઈ ગયા અને ફર્માવ્યું કે જે શખ્સ મહોબ્બતનો દાવો કરે અને મુસીબતના સમયે ફરિયાદ

કરે તે હકીકતમાં સાચો દોસ્ત નથી હોતો, બલ્કે જૂઠો છે. એટલા માટે કે દોસ્તી એ વાતનું નામ છે કે જે કાંઈ દોસ્તની તરફથી આવે એના પર રાજી રહે અને લાખો શુક્ર બજાવી લાવે. અને બીજુ એ કે કદાચ એ જ બહાને યાદ કરે.

ત્યાર બાદ એ જ મોકા પર ફર્માવ્યું કે હઝરત રાબિયા બસરી رضی اللہ عنہاનો એ તરીકો હતો કે જ્યારે આપના પર કોઈ બલા નાઝિલ થતી તો આપ ખુશી મનાવતાં અને કહેતાં કે આજે આ વૃધ્ધાને દોસ્તે યાદ કરી. અને જે દિવસે મુસીબત નાઝિલ ન થતી તો આપ રડીને કહેતાં કે આજે શું થઈ ગયું અને મારાથી શું ખતા થઈ ગઈ કે દોસ્તે આ વૃધ્ધાને યાદ નથી કરી !

ત્યાર બાદ ફર્માવ્યું કે મેં શયખુલ ઈસ્લામ શયખ મુઈનુદ્દીન رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે રાહે સૂલૂકમાં એ વાત છે કે જે શખ્સ મહોબ્બત કરે અને મહોબ્બતનો દાવો કરે તે દોસ્તની મુસીબતને ખ્વાહિશ કરીને ચાહે છે કેમ કે મઅરેફતવાળાઓની નજીક દોસ્તની મુસીબત દોસ્તની રઝા છે.

પછી ફર્માવ્યું કે જે દિવસે દોસ્તની મુસીબત અમારા પર નાઝિલ નથી થતી ત્યારે અમને જાણ થઈ જાય છે કે આજે નેઅમત અમારાથી છીનવાઈ ગઈ, એટલા માટે કે રાહે સુલૂકમાં દોસ્તની રહમત દોસ્તની મુસીબત હોય છે.

## ★ મર્દાને ગયબના વિશે ચર્ચા ★

મર્દાને ગયબના બારામાં ચર્ચા શરૂ થઈ તો આપે ફર્માવ્યું કે જે આદમી સાથે મર્દાને ગયબની મુલાકાત થાય છે. પ્રથમ તેઓ તેને અવાજ આપે છે, જ્યારે તે એમાં પાકો થઈ જાય છે તો પોતાને એના સમક્ષ જાહેર કરે છે પછી તેને મજલિસથી બોલાવી લે છે. ફર્માવ્યું કે આ દુઆગોનો એક યાર શયખ ઉષ્માન સંજરી જે હમખિર્કા પણ હતો, તે અતિશય મશગૂલે હક્ક હતો. જેથી એને મર્દાને ગયબ અવાજ આપ્યા કરતા હતા. કેમ કે શયખે પોતાનું કામ અધિક વધારી લીધું હતું એટલા માટે એની સાથે મુલાકાત પણ કરતા હતા. એક દિવસે તે યારોની સાથે મજલિસમાં બેઠેલો હતો અને હું પણ તેની પાસે બેઠેલો હતો. તેણે એક શયખના આવવા પર લબ્બૈક કહ્યું. તેમણે કહ્યું કે આવો છો કે અમે ચાલ્યા જઈએ ?! જેવી તેણે આ વાત સાંભળી તો મજલિસથી ઉઠી ગયો અને અવાજની તરફ ચાલ્યો ગયો. અમારાથી દૂર, ત્યાં સુધી કે નજરથી ઓઝલ થઈ ગયો. મને ખબર ન પડી કે તે ક્યાં ગયો અને તેને ક્યાં લઈ ગયા.

## ★ એક દિવસમાં ૨૦ હજાર વાર કુર્આન ખત્મ ! ★

ખ્વાજા કુત્બુલ ઈસ્લામ رضی اللہ عنہએ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે જો ચાલનાર એક ખાસ દિશામાં ચાલે છે અને તેનું યકીન કામિલ છે અને કમાલિયતની ઉમ્મીદ રાખે છે તો યકીનન ! તે કમાલિયતે પહોંચી જાય છે.

ત્યારબાદ એ મોકા પર ફર્માવ્યું કે એકવાર હું અને કાઝી હમીદુદ્દીન નાગોરી ખાનએ કા'બાનો તવાફ કરી રહ્યા હતા. ત્યાં શયખ બુરહાનુદ્દીન નામી એક બુઝુર્ગ જે ખ્વાજા અબૂબક્ર શિબ્લીના ગુલામ હતા અને અતિશય વૃધ્ધ હતા. કાબા શરીફનો તવાફ કરવા આવ્યા હતા. અમે પણ એમની પાછળ એવી રીતે તવાફ કરવાનો શરૂ કર્યો કે જ્યાં તે કદમ રાખતા ત્યાં અમે પણ કદમ રાખતા. કેમ કે તે પીર રોશનઝમીર હતા. સમજી ગયા. તેમણે કહ્યું, મારી જાહેરી મુતાબેઅત શા માટે કરો છો ? જો કરવી હોય તો બાતિની કરો ! અને જે અમારો અમલ છે એના પર કાર્યરત રહો. અમે બંનેવે તેમને પૂછયું કે તમે ક્યો અમલ કરો છો ?! એ શયખે કહ્યું, અમે દિવસમાં વીસ હજાર વાર કુર્આન ખત્મ કરીએ છીએ. અમને બંનેવને એના પર ઘણુ જ આશ્ચર્ય થયું કે આ બુઝુર્ગ શું કહે છે ?! અમે વિચાર્યુ કે એમણે કદાચ દરેક સૂરતનો કોઈ ખાસ હિસ્સો ઝબાની યાદ કર્યો હશે.

પેજ નં. ૦૨નું ચાલુ...

એટલામાં એમણે માથુ ઉઠાવીને મને કહ્યું, ખબરદાર! એવું નથી બલ્કે અમે અક્ષરે અક્ષર પઢીએ છીએ. મૌલાના અલાઉદ્દીન કિર્માની પણ મજલિસમાં હાજર હતા, તેમણે ફર્માવ્યું કે આ કરામત છે.

ખ્વાજા કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે, હા ! જે વાત બુધ્ધિમાં ન સમાય શકે એ જ કરામત હોય છે, ત્યારબાદ ખ્વાજાએ અશ્રુ સારતાં ફર્માવ્યું કે જે શખ્સ હક્રીકતના મર્તબે પહોંચ્યો છે તે પોતાની નેક આમાલીને કારણે પહોંચ્યો છે. જો કે ફયઝ સર્વ પર હોય છે પરંતું છતાંય કોશિશ અનિવાર્ય છે.

**★ પીરની મજલિસમાં બેસવાના આદાબ ★**

ત્યારબાદ મજલિસમાં આવવાના અને પીરની ખિદમતમાં બાઅદબ બેસવાના બારામાં ચર્ચા શરૂ થઈ તો ખ્વાજા કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે જ્યારે કોઈ શખ્સ મજલિસમાં આવે તો જ્યાં જગા જુએ ત્યાં બેસી જાય, કેમ કે પછીથી પણ એ જગા એની જ છે. ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર દુઆગો અજમેરમાં બેઠેલો હતો. મૌલાના સદરુદ્દીને ફર્માવ્યું કે એકવાર રસૂલુલ્લાહ ﷺ એક સ્થળે બેઠેલા હતા અને સહાબીઓ આસપાસ બેઠેલા હતા, એવામાં ત્રણ માણસો બહારથી આવ્યા. એકે આ હલકામાં જગા મેળવી તે બેસી ગયો બીજાએ તે હલકાની બહાર જગા જોઈ ત્યાં બેસી ગયો. અને ત્રીજાએ જગા ન જોઈ તો પાછો ચાલ્યો ગયો. એ જ વખતે જિબ્રઈલ علیہ السلام નાઝિલ થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહ તઆલા ફર્માવે છે કે જે શખ્સે હલકામાં જગા પામી છે તેને અમે અમારી પનાહમાં લઈ લીધો. અને જે હલકાથી પાછળ બેઠો છે અમે તેનાથી ખૂબ શરમિંદા છીએ અને ક્યામતના દિવસે અમે તેને બેઈજ્જત કરીશું નહીં. અને ત્રીજો ચાલ્યો ગયો છે જે અમારી રહમતથી દૂર થઈ ગયો અને મેહરૂમ રહ્યો. કાઝી હમીદુદ્દીન નાગોરીએ અર્ઝ કરી, જે શખ્સ ચાલ્યો ગયો તે ન જતો રહેતો તો શું કરતો ?

ખ્વાજા કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, આ એ વાતની દલીલ છે કે ઈન્સાન મજલિસમાં જ્યાં પણ જગા મળે બેસી જાય અને એ જ જગાએ બેસેલો રહે. કેમ કે પછીથી એની જગા એ જ હોય છે, અથવા હલકાની પાછળ બેસી જાય. પણ કોઈ હાલતમાં વર્તુળની વચ્ચે ન બેસે. એટલા માટે કે રસૂલુલ્લાહ رضی اللہ عنہથી હદીષમાં છે કે અબુલ લૈષ સમરકંદીની તસ્બીહમાં લખ્યું છે કે જે શખ્સ વર્તુળની અંદર બેસે છે તે લઅનતી છે. .............*(ક્રમશઃ)*

પેજ નં. ૨૦નું ચાલુ...

"જ્યારે ઝકરિયા તેણીની પાસે તેણીની નમાઝ પઢવાની જગ્યાએ જતા (ત્યારે) તેણી પાસે નવી ખોરાકી જોતાં પૂછયું, હે મરયમ ! આ તારી પાસે ક્યાંથી આવ્યું ? બોલ્યાં, તે અલ્લાહ પાસેથી આવ્યું છે. નિઃશંક ! જેને અલ્લાહ ઈચ્છે (તેને) ગણત્રી વગરનું આપે." *(સૂ. આલે ઈમરાન, ૩/૩૭)*

**★ હઝરત ઈસા علیہ السلامની વિલાદતના સમયે સૂકાએલા ઝાડથી હઝરત મરયમ رضی اللہ عنہا માટે તાજાં ખજૂરો આવવાં ★**

وَهُزِّيٓ إِلَيۡكِ بِجِذۡعِ ٱلنَّخۡلَةِ تُسَٰقِطۡ عَلَيۡكِ رُطَبٗا جَنِيّٗا

"અને ખજૂરનું મૂળ પકડીને પોતાની તરફ હલાવ, તારા પર તાજુ પાકુ ખજૂર પડશે."

**★ હઝરત સુલૈમાન علیہ السلامની ઉમ્મતના વલીનું દોઢ હજાર માઈલ દૂરથી કરામતરૂપે પલભરમાં તખ્ત લઈ આવવું ★**

قَالَ الَّذِىۡ عِنۡدَهٗ عِلۡمٌ مِّنَ الۡكِتٰبِ اَنَا اٰتِيۡكَ بِهٖ قَبۡلَ اَنۡ يَّرۡتَدَّ اِلَيۡكَ طَرۡفُكَ

"તેણે કહ્યું, જેની પાસે કિતાબનું ઈલ્મ હતું કે : 'હું તેને સેવામાં હાજર કરીશ એક પલક ઝપકતાં પહેલાં." *(સૂ. નમ્લ, ૧૯/૪૦)*

# હરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ
# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

## ઝકાતનું વર્ણન

અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે, "સફળ તાને વરે છે તે લોકો જે ઝકાત અદા કરે છે." અને ફર્માવે છે, "જે કાંઈ તમે ખર્ચ કરશો અલ્લાહ તઆલા એની જગાએ અધિક આપશે. અને અલ્લાહ બેહતર રોઝી આપનાર છે." અને ફર્માવે છે, "જે લોકો બખીલાઈ (કંજૂસાઈ) કરે છે એનાથી જે અલ્લાહે એના ફઝલથી એમને આપ્યું છે, તેઓ એવો ખ્યાલ ન કરે કે એ એમના માટે સારું છે બલ્કે એ એમના માટે ખરાબ છે. એ વસ્તુ એમના ગળામાં ક઼યામતના દિવસે તોક (આગનો હાર) બનાવી નાખવામાં આવશે જેની વડે એમણે બખીલાઈ કરી છે."

અને ફર્માવે છે, "જે લોકો સોનું, ચાંદી ભેગું કરે છે અને એને અલ્લાહના રસ્તામાં ખર્ચ નથી કરતા એમને દર્દનાક અઝાબની ખુશખબરી સંભળાવી દો, જે દિવસે જહન્નમની આગમાં તપાવવામાં આવશે. અને એનાથી એમની કરવટો, પીઠો અને પેશાનીઓને ડામવામાં આવશે, આ તે છે જેને તમે તમારા નફ્સ માટે ભેગી કરી હતી, તો હવે ચાખો જેને તમે ભેગી કરતા હતા."

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે માલ બર્બાદ થાય છે તે ઝકાત ન આપવાથી થાય છે." અને ફર્માવ્યું, "ઝકાત આપી તમારા માલોને મજબૂત કિલ્લામાં રક્ષિત કરી લો. અને તમારા બીમારોનો ઈલાજ સદક઼ાથી કરો, અને બલા (મુસીબત) આવવા ઉતારવા સમયે અલ્લાહથી આહોઝારી દુઆ વડે મદદ માગશો." અને ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ ચાર વસ્તુઓ ફર્ઝ કરી છે, જે એમાંથી ત્રણ અદા કરશે તો એનાથી કાંઈ ફાયદો નહીં થાય, જ્યાં સુધી પૂરી ચાર અદા ન કરે, તે ચાર આ છે : નમાઝ, ઝકાત, રોઝા, હજ્જ." અને ફર્માવ્યું, "જે ઝકાત આપતો નથી તેની નમાઝ કબૂલ થતી નથી." *(તિબ્રાની, અબૂ દાઊદ, ઈમામ અહમદ વગેરે)*

**મસ્અલો** : ઝકાત ફર્ઝ છે. એનો ઈન્કાર કરનાર કાફિર છે, અને ન આપનાર સખત ગુનેહગાર છે, તેમજ (ક઼ાઝીએ ઈસ્લામ નજીક) ક઼ત્લને લાયક છે, ઝકાત આપવામાં મોડું કરનાર ગુનેહગાર છે તેમજ તેની સાક્ષી (ગવાહી) કબૂલને પાત્ર નથી. *(આલમગીરી, બહાર)*

**ઝકાત** : શરીઅતમાં એને કહે છે કે અલ્લાહ તઆલાના વાસ્તે પોતાના માલનો અમુક ભાગ જે શરીઅતે નક્કી કરેલો છે તેટલો ફકીરો, ગરીબોને તેના માલિક બનાવી દે.

**મસ્અલો** : મુબાહ કરી આપવાથી ઝકાત અદા ન થશે, દા.ત. તરીકે ફકીરને ઝકાતની નિય્યતથી ખાવા ખવડાવ્યું તો ઝકાત અદા ન થઈ, એટલા માટે કે તે એને માલિક બનાવી દીધા બરાબર ન થયું. હા! જો ખાવા એને આપી દેવામાં આવે કે એની મરજીમાં હોય તો સાથે લઈ જાય તો અદા ગણાશે. એવી જ રીતે ઝકાતની નિય્યતથી કપડુ આપી દીધું તો ઝકાત અદા થઈ ગઈ. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : માલિક કરવામાં એ પણ જરૂરી છે કે એવાઓને ઝકાત આપે કે તે કબ્જો કરવાનું પણ જાણતો હોય. એટલે એવો ન હોય કે તે ફેંકી દે અથવા ધોકો ખાય જઈ શકે, નહીં તો અદા નહીં થાય, જેમ કે નાના બાળક કે પાગલને ઝકાત આપવાથી અદા ન થશે. જે બાળકને એટલી અક્કલ, સમજણ ન હોય તેના તરફથી તેનો બાપ જે ફક઼ીર ગરીબ હોય અથવા બાળકનો વાલી અથવા કે જેની સંભાળ

હેઠળ એ બાળક છે તે કબ્જો કરે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, બહાર)*

**મસ્અલો** : ઝકાત ફર્ઝ થવા માટે અમુક શરતો છે :–

(૧) મુસલમાન હોવું (૨) બાલિગ હોવું (૩) આક઼િલ હોવુ (પાગલ કે બેભાન ન હોવું) (૪) આઝાદ હોવું (૫) નિસાબ હોવું (શરીઅતે નક્કી કર્યા મુજબના માલ) (૬) માલિક હોવું (૭) નિસાબનું કરજથી ફારિગ હોવું, મતલબ કે દેવું આપતા નિસાબ જેટલું બચતું હોય. (૮) નિસાબનું જીવન જરૂરિયાતના માલથી ફારિગ હોવું (અર્થાત જીવન જરૂરિયાતનો માલ બાદ કરતાં નિસાબ જેટલો વધે તો) (૯) માલનું ચોક્કસ નામ હોવું, જેમ કે રૂપિયા, પૈસા, સોનું, ચાંદી વગેરે. (૧૦) માલ ઉપર આખુ વર્ષ ગુજરેલું હોવું જોઈએ.

**મસ્અલો** : કાફિર ઉપર ઝકાત ફર્ઝ જરૂરી નથી. જો કોઈ કાફિર મુસલમાન થાય તો એને એ હુકમ આપવામાં નહીં આવે કે તે કાફિર હતો તે સમયના તેના માલ ઉપર ઝકાત આપે. *(આમ કિતાબો)*

**મસ્અલો** : નાબાલિગ ઉપર ઝકાત ફર્ઝ નથી.

**મસ્અલો** : ગાંડા ઉપર ઝકાત વાજિબ જરૂરી (ફર્ઝ) નથી જ્યારે કે ગાંડપણ આખુંય વર્ષ એના ઉપર રહે. જો વર્ષના શરૂઆતમાં કે છેવટમાં સારો થઈ જાય છે ભલે વચમાં ગાંડો રહે તો તેના ઉપર ઝકાત વાજિબ (જરૂરી) છે અને ગાંડપણ અસલી હોય એટલે કે બાલિગ થયા પહેલાંથી જ ગાંડપણ હતું તો જ્યારે હોશમાં આવે ત્યાર પછીથી જ એના ઝકાતના વર્ષની શરૂઆત ગણાશે. એવી જ રીતે ગાંડપણ અસલી તો નથી પરંતુ એકાએક શરૂ થઈ જાય છે કોઈ નક્કી સમય નથી. પરંતુ આખુંય વર્ષ એ રીતે નીકળી ગયું તો જ્યારથી ઠીક થશે ત્યારથી વર્ષની શરૂઆત ગણાશે. *(જૌહરા, આલમગીરી, રદ્દુલ મુહ્તાર, બહાર)*

**મસ્અલો** : નિસાબથી ઓછા માલ ઉપર ઝકાત વાજિબ નથી એટલે કે જેટલો માલ હોવા ઉપર શરીઅતે ઝકાત ફર્ઝ કરી છે તેનાથી ઓછાનો માલિક હોય તો એ માલ ઉપર ઝકાત નથી.

**મસ્અલો** : સંપૂર્ણ રીતે માલનો માલિક હોવું જરૂરી છે, એટલે કે એના ઉપર કબ્જો (કાબૂ) પણ મેળવેલ હોય તો ઝકાત વાજિબ નહીં તો વાજિબ નથી.

**મસ્અલો** : જો માલ ખોવાય ગયો, કે દરિયા–નદીમાં (પાણીમાં) ડૂબી ગયો અથવા કોઈએ પડાવી લીધો કે અજાણ્યા પાસે અમાનત તરીકે મૂક્યો હતો અને યાદ ન રહ્યું કે તે કોણ છે અથવા જંગલમાં દફન કરી મૂક્યો હતો અને યાદ ન રહ્યું કે ક્યાં દફન કર્યો છે અથવા જેની પાસે લેણા છે તેઓએ ઈન્કાર કરી દીધો કે કંઈ જ લેણા નથી અને એની પાસે સાક્ષી નથી, પછી એ માલ મળી ગયો તો જેટલો સમય ન મળ્યો તે સમયની ઝકાત વાજિબ નથી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : લેણુ એવા માણસ પર છે કે જે આપવાના છે એવો ઈકરાર (ક઼બૂલ) કરે છે પરંતુ આપવામાં મોડુ કરે છે અથવા નાદાર છે અથવા ક઼ાઝી (ન્યાયાધીશ) પાસે એ ગરીબ મુફલીસ હોવાનું જાહેર થઈ ચૂકેલું છે, અથવા તે ઈન્કાર કરે છે પરંતુ એની પાસે સાક્ષી મૌજૂદ છે તો જ્યારે પણ મળશે ત્યારે **પસાર થઈ ગયેલા વર્ષોની પણ** તેના ઉપર ઝકાત વાજિબ છે. *(તન્વીર, બહાર)*

**મસ્અલો** : ગીરો રાખેલી વસ્તુ ઉપર ન તો રાખનારા ઉપર ઝકાત વાજિબ છે ન તો મૂકનાર ઉપર, અને ગીરો છોડાવ્યા પછી પણ તે વીતેલા સમયની વાજિબ નથી. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : નિસાબનો તો માલિક છે પરંતુ એની ઉપર એટલું દેવું છે કે તે અદા કરવા પછી નિસાબ જેટલો માલ નથી રહેતો તો ઝકાત વાજિબ નથી. પછી તે દેવું બંદાનું હોય (જેમ કે કોઈને દેણા, કોઈ ચીજનો દંડ, સોનાનું દેણ) કે ખુદાનું હોય (જેમ કે ઝકાત આગલા વર્ષોની દા.ત. કોઈ માણસ ફક્ત એક

નિસાબનો માલિક છે કે બે વર્ષ થઈ ગયાં કે ઝકાત નથી આપી તો ફક્ત પહેલાં વર્ષની ઝકાત વાજિબ છે, બીજા વર્ષની નહીં, એટલા માટે કે પહેલાં વર્ષની ઝકાત તો એના ઉપર દેવું છે એ આપ્યા પછી એની પાસે નિસાબ જેટલો બાકી રહેતો નથી. જેથી બીજા વર્ષની ઝકાત વાજિબ ન રહી. *(આલમગીરી, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : મુદ્દતી દેવું હોય તે ઝકાત આપવાથી રોકી શક્તું નથી. *(રદ્દુલ મુહ્તાર)*

જો કે આદત પ્રમાણે "મહેર" રૂપે જે દેવું હોય છે તેની માગણી નથી થતી જેથી ધણીના માથા ઉપર ભલે ગમે તેટલી મહેરનું દેવું હોય જો તે નિસાબનો માલિક હોય તો ઝકાત આપવી વાજિબ છે. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** : દેવું એ સમયે ઝકાતથી રોકે છે જ્યારે કે તે ઝકાત વાજિબ થયા પહેલાં થયેલું હોય. જો નિસાબ ઉપર વર્ષ પૂરું થયા પછીથી દેવું થયું છે તો ઝકાત ઉપર દેવાની કંઈ જ અસર નહીં થાય. એટલે કે ઝકાત આપવી પડશે. *(રદ્દુલ મુહ્તાર, બહાર)*

**મસ્અલો** : જે માલ હાજતે અસલી (જીવન જરૂરિયાત)થી વધારાનો હોય અને તે નિસાબ બરાબર હોય તો તેના ઉપર ઝકાત વાજિબ થાય છે.

**હાજતે અસલી** : અર્થાત જીવન જીવવા માટે જે ચીજોની જરૂરત હોય તેના ઉપર ઝકાત વાજિબ નથી. જેમ કે રહેવાનું ઘર, ઠંડી ગરમીમાં પહેરવાનાં કપડાં, ઘરવખરીનો સામાન, સવારીનું જાનવર, સેવા ચાકરી માટેની લોંડી, ગુલામ, લડાઈનો સામાન, ધંધા માટેનાં ઓજારો, ઈલ્મવાળાને તેના માટેની કિતાબો, ચોપડીઓ જે તેને માટે જરૂરતની હોય, ખાવા માટેનું અનાજ. *(હિદાયા, આલમગીરી)*

**ખુલાસો** : ઝકાત ત્રણ પ્રકારના માલ ઉપર છે, સોના, ચાંદી, વેપારનો માલ, ચરાઈ ચરનાર છૂટાં જાનવરો. *(કુતુબે આમ્મહ)*

**મસ્અલો** : મોતી, ઝવેરાત ઉપર ઝકાત વાજિબ નથી, ભલે હજારોની કિંમતનું હોય, **જો વેપારની નિય્યતથી હોય તો ઝકાત વાજિબ થઈ ગઈ.** *(આલમગીરી, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : એક માણસ નિસાબનો માલિક છે તેને વર્ષ દરમ્યાન વચમાં અમુક માલ ઉમેરાયો તો આ નવા માલ માટે અલગ વર્ષ ગણાશે નહીં. બલ્કે પહેલાંના માલનું વર્ષ પૂરું થએથી નવા ઉમેરાયેલ માલનું પણ પૂરું થયું ગણાશે ભલે વર્ષ શરૂ થયાને એક મિનિટ પહેલાં માલ ઉમેરાયો હોય. (આ કાયદો જાનવરો સિવાયના માલ માટે છે, દા.ત. પહેલાં એની પાસે ગાયો હતી અને બકરીઓ મળી તો બકરીઓનું અલગ હિસાબી વર્ષ જયારથી મળી ત્યારથી ગણાશે. *(જૌહરા)*

**મસ્અલો** : ઝકાત આપતી વેળા અથવા ઝકાત માટેનો માલ અલગ કરતી વેળા ઝકાત માટેની નિય્યત હોવી જરૂરી છે. નિય્યતનો મતલબ એ કે પૂછવામાં આવે તો બેધડક બતાવી શકાય કે આ ઝકાતનો માલ છે. *(આલમગીરી)*

**મસ્અલો** : આખુ વરસ ખૈરાત કરતો રહ્યો તે પછી એ નિય્યત કરી કે મેં જે કાંઈ અત્યાર સુધી આપ્યું છે તે ઝકાત છે, તો એ રીતે ઝકાત અદા ન થઈ. *(આલમગીરી)*

**મસ્અલો** : ઝકાતનો માલ પોતાની પાસે હતો અને ગરીબો ફકીરોએ લૂટી લીધો તો ઝકાત અદા થઈ ગઈ અને જો હાથમાંથી પડી ગયો તે પછી ફકીરે ઉઠાવી લીધો, જો તે એને ઓળખે છે અને તેનાથી રાજી થઈ ગયો, વળી માલ પણ બરબાદ ન થયો હતો તો અદા થઈ ગઈ. *(આલમગીરી)*

**મસ્અલો** : ઝકાતના નાણા **મુડદાના દફન, મસ્જિદ બાંધણીમાં લગાડી શકાતાં નથી** એટલા માટે કે એમાં ફકીરને માલિક બનાવાયો નથી. જો એ ચીજો માટે ખર્ચ કરવાં હોય તો એની રીત એ છે કે ફકીરને માલિક કરી દેવા પછી એ ફકીર એ બાબત માટે ખર્ચ કરે તો સવાબ બંનેને મળશે. હદીષ શરીફમાં

છે કે, **જો સદક઼ાનો માલ સો હાથોમાંથી પસાર થયો તો દરેકને તેટલો જ સવાબ મળશે જેટલો કે પ્રથમ આપનારને મળે છે અને તેના સવાબમાં કંઈજ ઓછપ નહીં આવે.** *(રદ્દુલ મુહ્તાર, બહાર, ક઼ાઝીખાન)*

**મસ્અલો :** ઝકાત આપવામાં એની જરૂરત નથી કે ફક઼ીરને ગરીબને ઝકાત છે એવું કહીને આપવામાં આવે, બલ્કે ફક્ત ઝકાતની નિય્યત કરવી બસ છે. ત્યાં સુધી કે બીજા કોઈ શબ્દો જેમ કે ભેટ, બખ્શિશ, હદિયો, નજરાણુ, બાળકો માટે મીઠાઈના, તમારે ઈદ કરવા માટે વગેરે શબ્દો કહ્યા અને પોતે દિલમાં ઝકાતની નિય્યત કરી તો પણ ઝકાત અદા થઈ ગઈ. કેટલાક મોહતાજ, જરૂરતવાળા લોકો ગરીબાઈ હોવા છતાં ઝકાતના નાણા નથી લેતા તેમને ઝકાત આપતી વેળા ઝકાતના છે એવું કહેવામાં ન આવે. *(બહાર)*

**મસ્અલો :** નિસાબનો માલિક અગાઉથી અમુક કેટલાક નિસાબોની ઝકાત આપવા માગે તો આપી શકે છે. જેમ કે વર્ષની શરૂઆતમાં એક નિસાબનો માલિક હતો અને એણે બે પાંચ નિસાબોની ઝકાત આપી દીધી. વર્ષને અંતે એ જેટલા નિસાબની ઝકાત આપી હતી તેટલાનો માલિક થઈ ગયો તો બધાની ઝકાત અદા થઈ ગઈ. પરંતુ જો વર્ષ શરૂ થતાં સુધી એક જ નિસાબનો માલિક રહ્યો અને વર્ષ પૂરું થઈ ગયા પછી બીજા વર્ષમાં તે વધુ બીજા નિસાબોનો માલિક થવા પામ્યો, તો બીજા વર્ષ માટે અગાઉથી આપેલી ઝકાત ગણાશે નહીં. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો :** એક હજારનો માલિક છે અને બે હજારની ઝકાત આપી સાથે નિય્યત કરી કે વર્ષ પૂરું થવા સુધીમાં બે હજાર થશે તો તેની આ ઝકાત છે નહીં તો આવતા વર્ષ માટે ગણી લઈશ, તો એ જાઈઝ છે. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો :** જો શક વહેમ હોય કે ઝકાત આપી છે કે નહીં તો હવે આપી દે. *(આલમગીરી, રદ્દુલ મુહ્તાર, સિરાઝિયા, બહાર)*

પેજ નં. ૨૯નું ચાલુ...

ફેલાયેલી છે. જો કે આ ફંડફાળો પણ બિનજરૂરી ખર્ચાઓ અને શાદીમાં નામના કમાવવા માટે હોય છે.

ઈસ્લામમાં ન તો દહેજ વાજિબ છે અને ન તો બારાતને ખાણુ ખવડાવવું. દહેજના વિશે ઓલમાએ અહલે સુન્નતે લખ્યું છે કે આ સુન્નત બે ચાર વાસણોથી પણ અદા થઈ શકે છે. આમાં દખલગીરી છોકરાવાળાઓની જબરદસ્તીઓ (વધુ પડતી માંગણીઓ)ની પણ છે.

ખુલાસો એ જ કે એકદમ સાદાઈથી નિકાહ કરી આપવામાં આવે તો બેશક ! જાઈઝ બલ્કે આજકાલની પરિસ્થિતિઓને યોગ્ય છે.

છોકરીઓની શાદીને માટે ભીખ માગવાવાળાઓ, જો ભીખ માગવાની જગ્યાએ કોઈ એવી વ્યક્તિની સાથે પોતાની છોકરીની શાદી કરી આપે જે બીજી શાદીની ઈચ્છા ધરાવતો હોય અને બે સ્ત્રીઓનું ભરણપોષણ કરી શકે અથવા તલાક઼ આપી ચૂક્યો હોય અથવા તેની ઘરવાળી મૃત્યુ પામી હોય કે તે ગરીબ હોય અથવા તેની ઉંમર મોટી થઈ ગઈ હોય અને પોતાની તે કમજોરીઓને કારણે શાદીમાં ખર્ચાઓ કરવાની ઈચ્છા ન ધરાવતો હોય, જેવો કે આજકાલ માહોલ છે, તો આ તેમને માટે ભીખ માગવા કરતાં હજારગણુ સારું છે. કેમ કે પુત્રીઓની શાદી માટે ભીખ માગવુ એ ગુનાહ અને નાજાઈઝ છે. અને જે લોકોનું અમોએ આગળ વર્ણન કર્યું તેની સાથે નિકાહ નિઃશંક ! જાઈઝ છે. હા ! માગ્યા વગર કોઈ પોતાની જાતે કોઈ અન્યની મદદ કરે તો તેમાં કોઈ રૂકાવટ નથી, પરંતુ સવાલ કરવું અને ભીખ માગવું એ ઈસ્લામમાં કેટલીક વિશિષ્ટ પરિસ્થિતિઓ કે જેનું વર્ણન હદીષ અને ફિક઼્હની કિતાબોમાં કરવામાં આવેલ છે તે સિવાય હરામ છે અને જે પરિસ્થિતિઓ (શરતો)નું વર્ણન કરવામાં આવેલ છે તેમાં નિકાહ અને શાદીના બિનજરૂરી રસ્મો રિવાજ અદા કરવાનું હરગિઝ સામેલ કરવામાં આવેલ નથી.

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

## ચંદાઓનો અતિરેક

આજકાલ ચંદાઓ (ફાળાઓ) ઘણા જ વધી રહ્યા છે. તેમને રોકવું ખૂબ જ જરૂરી છે. જ્યાં સુધી મદ્રસાઓ અને મસ્જિદોનો પ્રશ્ન છે, તો આ કૌમની એવી જરૂરિયાતોમાંથી છે કે જેના વગર દીન (મઝહબ) બાકી નથી રહી શક્તો, આથી તેમના માટે ચંદાઓ લેવામાં આવે તો કોઈ વાંધો નથી. જો કે ગામે ગામ મોલ્વીઓની પળ્હાઈના મદ્રસાઓ ખોલવા ઠીક નથી, એક જિલ્લામાં આલિમ અને ફાઝિલ બનાવનારા બે ચાર મદ્રસાઓ પૂરતા છે. હા, પૂરી સલાહિયત (જાણકારી)વાળા ઈમામ મસ્જિદોમાં રાખવામાં આવે અને ચંદાઓની લાંબી ઉઘરાણીઓ કર્યા વગર ઈમામતની સાથે સાથે, બે ત્રણ જમાઅત (વર્ગ) સુધી બચ્ચાંઓને મોલ્વી કોર્સની શરૂઆતની તા'લીમ આપે અને પછી મોટા મદ્રસાઓમાં પ્રવેશ અપાવી દે તો આ ઘણી જ વાજબી વસ્તુ છે. અને ફક્ત હાફિઝ બનાવી દેવું અને તેમને (બાળકોને) દીનના ઈલ્મથી અને લખવા વાંચવા (શિક્ષણ)થી વંચિત રાખવા અને તેમાં જ તેમના જીવનને પસાર કરી દેવું એ કૌમના હક્કમાં બેહતર નથી.

હા ! ગામે ગામ ઈસ્લામી મક્તબ એટલે કે ઈસ્લામી તા'લીમ (પાયાની) ઈસ્લામી કોર્સ આધારિત પ્રાથમિક શાળાઓ ઊભી કરવી ખૂબ જ જરૂરી છે. જેમાં મઝહબે ઈસ્લામની પાયાની તા'લીમની સાથે દુનિયાની તા'લીમ પણ હોય. એટલે કે મોલ્વી અને આલિમ તો બધા નથી થઈ શકતા પરંતુ મુસલમાન હોવું અને મુસલમાન બનાવવું બધા માટે જરૂરી છે.

મસ્જિદની જ્યાં જરૂરત હોય, ત્યાં જો કોઈ શેઠ સાહબ પોતાની રીતે, બીજાઓની આર્થિક મદદ વગર (મસ્જિદ) બનાવી આપે તો જરૂર તે ઘણા જ મોટા સવાબના હક્કદાર બનશે અને જો એવું ન થઈ શકે તો મસ્જિદ માટે ચંદો ઉઘરાવવો અને મસ્જિદ બનાવવું ખૂબ જ બેહતર ઉમદા કામ છે. પરંતુ મસ્જિદની સજાવટ અને ખૂબસૂરતીને માટે ગરીબ મજૂરો અને નિર્ધન મુસલમાનો ઉપર ચંદાઓનો ભાર લાદવો અને તેમના ઉપર ગામના લોકોનું દબાણ લાવીને ચંદાઓ વસૂલ કરવા એ વ્યાજબી નથી. જગતભરમાં રસીદ બુકો લઈને ઘૂમવું અને ગરીબ મજૂરો ઉપર દબાણ લાવીને ફાળાઓ વસૂલ કરવા કરતાં સાદી મસ્જિદમાં નમાઝ પઢવી બેહતર છે. ઈસ્લામમાં મસ્જિદનું ખૂબસૂરત હોવું જરા પણ જરૂરી નથી બલ્કે અગાઉના આલિમોએ તો મસ્જિદને સજાવવા અને શણગારવાની મનાઈ ફર્માવેલી છે. ત્યારપછીના આલિમોએ પણ ફક્ત (શણગારવાની) છૂટ આપેલ છે, ફરજિયાત કે જરૂરી ઠરાવ્યું નથી કે જેના માટે ગામે ગામ ફરવામાં આવે અને દૂર દૂરના સફર કરવામાં આવે અથવા ગરીબો અને મજૂરોને સતાવવામાં આવે.

આ તો રહ્યો મસ્જિદો અને મદ્રસાઓનો મામલો, તે ઉપરાંત મોટા મોટા ઉર્સ કરવા અને ખાનકાહો અને મઝારાત બનાવવા માટે ફાળાઓની કોઈ જ જરૂરત નથી. તમારાથી જેટલુ બની શકે (તેટલું) અકીદત અને મહોબ્બતની સાથે હલાલ કમાઈથી કરો. બીજાઓ માટે જવાબદાર તમે નથી. જો અમુક

વ્યક્તિઓ પણ યવમે વિસાલ (ઉર્સના દિવસે) કોઈ બુઝુર્ગની ખાનકાહમાં જઈને કુર્આને પાકની તિલાવત કરી લે અને થોડુ ઘણુ જેટલું થઈ શકે તેટલું તેમના નામ ઉપર, તેમની રૂહને ઈસાલે સવાબ કરવા ખવડાવે પીવડાવે તો આ સંપૂર્ણ ઉર્સ થઈ ગયો કહેવાય જેમાં જરા પણ કમી નથી. અને ખુશીની સાથે બુઝુર્ગાને દીનના નામ ઉપર જે કોઈ વ્યક્તિ, જે કાંઈ પણ (ઈસાલે સવાબ) કરે તે ચોક્કસપણે અલ્લાહની નજીક બદલાને પાત્ર અને સવાબનો હક્કદાર છે.

જલ્સા, જુલૂસ અને કોન્ફ્રન્સો (મેળાવડા)ના નામ ઉપર પણ ફંડફાળાઓની એક ખાસ અને મર્યાદિત પદ્ધતિ હોવી જોઈએ. કેમ કે આજે મુસ્લિમ કૌમ બદ્હાલી અને બેકારીનો શિકાર છે. ગરીબો, મજૂરો અને નાના નાના ખેડૂતો (વેપારીઓ) પાસેથી ફંડફાળાઓના નામે બળજબરીથી પૈસા ઉઘરાવીને દસ દસ, વીસ વીસ અને પચાસ પચાસ લાખની હૈસિયત ધરાવતા ધંધાદારી તકરીર કરવાવાળાઓ અને શાયરો (અને નઅતખ્વાં)ને નઝરાણા (બખ્શિશ)ને નામે મોટી મોટી રકમો ભેટ ચઢાવવી એ કૌમના હક્કમાં જરા પણ સારું નથી.

મંડપ અને ડેકોરેશનના ભારે ખર્ચને પહોંચી વળવા ઘરેઘર ફંડફાળા કરવા ચક્કર લગાડવા એ અકીદતમંદી નથી. હા, કરવું હોય તો કરો પરંતુ એક ખાસ મર્યાદિત તરીકાથી અને એક ગ્રુપમાં રહીને (ફાળો) કરો અને જ્યારે જરૂરત હોય ત્યારે જ કરો.

અને આજકાલ જલ્સાઓ તો મુશાયરા બનીને રહી ગયા છે અને જે મુકર્રિરો છે તેમાંથી પણ વઅઝો નસીહત કરવાવાળાઓ વધુ પ્રમાણમાં નથી, પરંતુ મનોરંજન કરાવવાવાળાઓ વધુ છે, અને આ મોટી મોટી રકમોના નઝરાણાઓ અગાઉથી નક્કી કરવાવાળા મુકર્રિરીન અને શાયરોને દૂર દૂરથી બોલાવવા અને તેમના નાઝો નખરાઓ ઉપાડવા માટે, મોટા પાયા ઉપર રોશની અને ડેકોરેશન કરવું એ મોટે ભાગે નામના મેળવવા થઈ રહ્યું છે.

ઘણી જ પબ્લિક ભેગી કરીને અને ભીડ ભાડ ભેગી કરીને મુકર્રિરો અને શાયરોના મોઢે પોતાના ગુણગાન સાંભળવા માટે આ બધું થઈ રહ્યું છે. જ્યાં નામો નમૂદ (નામના) હોય, રિયાકારી અને દેખાડો હોય ત્યાં ફાળાઓ આપવા અને અપાવવામાં જરા પણ સવાબ નથી મળતો. કમિટીવાળાઓળા (સંચાલકો)નો હેતુ ફક્ત એ જ હોય છે કે વિશાળ પબ્લિક આવે, પછી તેમને કંઈક (ઈલ્મ) પ્રાપ્ત થાય કે ન થાય અમુક અમુક (જગ્યાએ) આવા જલ્સાઓ કરાવવાવાળી કમિટીઓના પ્રમુખ, સેક્રેટરી અને ખજાનચી તો એટલી હદ સુધી હોય છે કે કૌમના પૈસાથી (ફંડફાળાથી) આવા જલ્સાઓ કરવામાં વરસો વિળી ગયાં પરંતુ પોતે પણ નમાઝી અને દીનદાર ન બની શક્યા ! શરાબ, જૂગાર, લોટરી અને સીનેમાઓના શોખ સુદ્ધાં તેમનાથી છૂટી શક્યા નથી. પરંતુ હવે તો અમુક સ્થળોએ જલ્સાઓના નામ પર ફંડ ફાળાઓ ઉઘરાવીને અને તેમનાંથી થોડી રકમ ખર્ચ કરીને, મોટી મોટી રકમો બચાવવાની માહિતીઓ પણ મળી રહી છે.

આ બધું લખવા પાછળ અમારો હેતુ એ નથી કે જલ્સાઓ બંધ કરી દેવામાં આવે પરંતુ જલ્સાઓ કરાવવામાં આવે, નિઃસ્વાર્થ મુકર્રિરો અને વાઅઝ કરવાવાળાઓની તકરીરો રાખવામાં આવે, નઅતખ્વાની માટે સારા નજીકના (આસપાસના અથવા સ્થાનિક) નઅતખ્વાં જેમનો મધૂરકંઠ છે તેની પાસે બે ચાર નઅતો પઢાવવામાં આવે. ધંધાદારી શાયરો અને મુકર્રિરોને ફંડફાળાઓ ઉઘરાવીને મોટી મોટી રકમો (નઝરાનાઓ) આપવામાં ન આવે. અને જો આ બધું ન થઈ શકે તો જલ્સાઓ કરાવવા કંઈ ફર્ઝ કે વાજિબ નથી ! મસ્જિદોમાં બાસલાહિયત (સારું ઈલ્મ ધરાવતા) ઈમામ સાહબો રાખવામાં આવે, અને આવા ઈમામો જુમ્આની નમાઝ વગેરે પ્રસંગોએ વાઅઝ અને તકરીરો કરે અને લોકોને ઉલમાએ અહલે સુન્નતની કિતાબોને વાંચવાનું પ્રોત્સાહન આપે.

## શાદી માટે હાથ ફેલાવવો કેવો ?

છોકરીઓની શાદીને માટે પણ ફંડફાળાઓની બીમારી ચારેબાજુ વધુ પેજ નં. ૨૭....પર

# હઝરત ઈમામ ઈબ્ને માજહ

**નામ તથા નસબ** : નામ : મુહમ્મદ, કુન્નિયત : અબૂ અબ્દુલ્લાહ, આમ નામ : ઈબ્ને માજહ, વાલિદનું નામ : યઝીદ છે.

નસબનો સિલસિલો આ પ્રમાણે બયાન કરવામાં આવ્યો છે : અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન યઝીદ બિન અબ્દુલ્લાહ અર્રબઈ અલ કઝવીની.

માજહ (નામ)ના બારામાં મતભેદ છે. અમુક કહે છે કે તે આપની વાલિદા માજિદાનું નામ હતું, અલ્લામા ઝુબૈદીએ તાજુલ ઉરૂસમાં તેને અમુક ઉલમાનો કૌલ કહ્યો છે.

પણ સાચી વાત એ છે કે માજહ આપના વાલિદ યઝીદનો લકબ છે અને આ જ મોટાભાગના ઉલમાએ કિરામ અને કઝવીનના ઈતિહાસકારોનું પસંદ કરેલ છે.

**વિલાદત તથા તા'લીમ** : કઝવીન ઈરાકે અજમનું શહેર છે. આ જ આપનું જન્મ સ્થળ તથા વતન છે. આપની વિલાદત હિ.સ. ૨૦૯માં થઈ. બચપનનો જમાનો ઈલ્મો તથા ફનો વિદ્યાઓના માટે પુરબહાર ખીલેલો જમાનો હતો. તે સમયે બનૂ અબ્બાસની સલ્તનતનો સૂરજ ઊંચાઈ ઉપર હતો. મામૂન રશીદ તે સમયમાં સલ્તનતના તખ્ત ઉપર હતો.

સામાન્ય રિવાજના પ્રમાણે આપે શરૂઆતની તા'લીમ પૂરી કરી તેના પછી મુહદ્દિષોની દર્સગાહોની તરફ રૂખ કર્યો કે ઈલ્મે હદીષ હાંસલ કરે. કઝવીનમાં તે સમયે જલીલુલ કદ્ર મુહદ્દિષો હાજર હતા. દા.ત. :

(૧) અબુલ હસન અલી બિન મુહમ્મદ તનાફસી (વિસાલ : હિ.સ. ૨૩૩)

(૨) અબૂ મજર અમ્ર બિન રાફેઅ બજલી (વિસાલ : હિ.સ. ૨૩૭)

(૩) અબૂ સુલૈમાન ઈસ્માઈલ બિન તૌબહ કઝવીની (વિસાલ : હિ.સ. ૨૪૭)

(૪) અબૂ મૂસા હારૂન બિન મૂસા હબ્બાન તમીમી (વિસાલ : હિ.સ. ૨૪૮)

(૫) અબૂબક્ર બિન અબી ખાલિદ યઝીદ કઝવીની તબ્રી વગેરે.

આપે પહેલાં તે હઝરાતથી હદીષોનો મોટો ઝખીરો (જથ્થો) હાંસલ કર્યો અને પછી ફનને સંપૂર્ણ કરવા માટે ખુરાસાન, ઈરાક, હિજાઝ, મિસ્ર અને શામના મોટાભાગના શહેરોના સફર કર્યા. ખાસ કરીને મક્કા મુકર્રમા, મદીના મુનવ્વરા, બસરા અને બગદાદના મુહદ્દિષો તથા ફુકહાથી ઈલ્મ હાંસલ કર્યો. તેના સિવાય તેહરાન, ઈસ્ફહાન, રહવાઝ, રમલા, બલ્ખ, બયતુલ મુકદ્દસ, હિરાન, દમિશ્ક, ફિલિસ્તીન, ઈસ્કલાન, મર્વ અને નિશાપૂરનું નામ પણ ખાસ રીતે ઝિક્ર કરવામાં આવે છે.

**આપના ઉસ્તાદો** : આપના ઉસ્તાદોનું લિસ્ટ ખૂબ જ લાંબુ છે અને પહેલાં લખેલ ઉસ્તાદોના નામો સિવાય બીજા પણ આ પ્રમાણે છે :–

મુહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન નુમૈર, ઈબ્રાહીમ બિન અલ મુન્ઝરુલ ખરામી, અબ્દુલ્લાહ બિન મુઆવિય્યહ, હિશામ બિન અમ્માર, અબૂ બકર બિન અબી શૈબા, મુહમ્મદ બિન યહયા નિશાપૂરી, અહમદ બિન ષાબિત અલ જહદરી, અબૂબકર બિન ખલ્લાદ બાહલી, મુહમ્મદ બિન બશાર, અલી બિન મુન્ઝર વગેરે.

**આપના શાગિર્દો** : આપના શાગિર્દોમાં અમુક આ પ્રમાણે છે :–

અલી બિન સઈદ અસ્કરી, અહમદ બિન ઈબ્રાહીમ કઝવીની, અબૂ તૈયબ અહમદ બિન રૂહ શેઅરાની, ઈસ્હાક બિન મુહમ્મદ કઝવીની, ઈબ્રાહીમ બિન દીનાર અલ જરશી અલ સમદાની, હુસૈન બિન અલી બિન બરાનયાદ, સુલયમાન બિન યઝીદ કઝવીની, હકીમ મદની ઈસ્બહાની વગેરે.

**ઈલ્મ તથા ફઝલ** : ઈમામ ઈબ્ને માજહની ઈમામતે ફન, ફઝલ તથા કમાલ, જલાલતે શાન, નજરની વિશાળતા, હદીષને યાદ રાખવું તથા ષકાહતનો બધા ઉલમા ઈકરાર કરે છે.

❀ ❀ રજૂકર્તા : **સીરાજભાઈ લોખંડવાળા-ભાવનગર** *(મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)* ❀ ❀

અબૂ યઅલા ખલીલી લખે છે : ઈબ્ને માજા મોટા ષિકહ (ભરોસાપાત્ર), મુત્તફિક અલૈહ, કાબિલે એહતેજાજ છે. આપને હદીષ તથા હિફઝે હદીષમાં પૂરી મઅરેફત હાંસલ હતી.

અલ્લામા ઈબ્ને જૌઝી કહે છે : આપે ઘણા બધા શયખોથી હદીષ સાંભળી. અને સુનન, તારીખ અને તફસીરના આપ આરિફ હતા.

અલ્લામા ઝહબી ફર્માવે છે : આપ હાફિઝે હદીષ, સદૂક, અને અઢળક ઈલ્મવાળા હતા.

ઈતિહાસકાર ઈબ્ને ખલ્કાન લખે છે : આપ હદીષના ઈમામ અને હદીષને લગતી સર્વ બાબતોથી વાકેફ હતા.

**વિસાલ મુબારક** : ૨૨ રમઝાનુલ મુબારક હિ.સ. ૨૭૩માં સોમવારના દિવસે આપનો વિસાલ થયો, ૬૫ વરસની ઉમર પામ્યા. આપના ભાઈ અબૂબક્રે જનાઝાની નમાઝ પઢાવી. બીજા દિવસે દફન કર્યા.

આપે લખેલી ત્રણ કિતાબો પોતાની યાદગાર છોડી હતી જેમાંથી બે ગાયબ છે. તેની વિગત આ પ્રમાણે છે :

**અત્તફસીર** : હાફિઝ બિન કષીરે તેને તફસીરે હાફિલ કહ્યું છે, જેનાથી જાણવા મળે છે કે તે એ ઝખીમ (દળદાર) લખાયેલી હતી. તેમાં આપે તફસીરના માટે જે રીતે પણ હદીષો અને સહાબા તથા તાબઈનના કૌલો મળી શક્યા હતા બધાને ભેગા કરી દીધા છે. હઝરત ઈમામ સિયૂતી رحمۃ اللہ علیہએ ત્રીજા તબકાની તફસીરોમાં ગણના કરી છે.

**અત્તારીખ** : ઈબ્ને ખલ્કાને તેને તારીખે મલીહ અને ઈબ્ને કષીરે તારીખે કામિલનું નામ દીધું છે. તે સહાબાથી લઈને લેખક (ઈબ્ને માજહ)ના સમય સુધી તે તારીખ છે જેમાં ઈસ્લામી શહેરો અને હદીષના રાવીઓની હાલાતો છે.

કિતાબ : **સુનને ઈબ્ને માજહ** ઈમામ ઈબ્ને માજહ رحمۃ اللہ علیہની આ અજોડ વિશ્વ વિખ્યાત કિતાબ છે. હાફિઝ ઝહબીએ આ કિતાબના બાબતમાં ખુદ આપનો (ઈમામ ઈબ્ને માજહ)નો કૌલ નકલ કર્યો છે કે : "મેં જ્યારે કિતાબ લખીને હાફિઝ અબૂ ઝરઆનીની ખિદમતમાં પેશ કરી તો તેઓ એને જોઈને બોલી ઉઠયા; આ કિતાબ લોકોના હાથોમાં પહોંચી ગઈ તો તે સમયની કૃતિઓ તથા સંગ્રહો બેકાર અને મુઅત્તલ થઈને રહી જશે."

હાફિઝ અબૂ ઝરઆનો તે કૌલ શબ્દે શબ્દ પૂરેપૂરો ઉતર્યો અને સુનને ઈબ્ને માજહની તરક્કીની સામે વિવિધ સંગ્રહો તથા કિતાબો લખવાવાળાઓના ચિરાગ મંદ પડી ગયા.

સુનને ઈબ્ને માજહને જે ચીજે આમ તથા ખાસ લોકોમાં કબૂલિયત અતા કરી તે તેનો શાનદાર તરીકો અને રિવાયતની સારી પસંદગી છે. પ્રકરણોનો ફિકહી ખયાલથી ક્રમ અને મસ્અલાનું સાફ તારણ અને પ્રકરણોના તર્જુમાની હદીષોથી કોઈપણ મુશ્કેલ અને ઉલઝનના સમાનતાએ તેના હુસ્નને નિખાર્યું છે. થોડીક ખાસિયતો આ પ્રમાણે છે :–

૧. આ કિતાબની મોટાભાગની રિવાયતો તે જ છે જે કુતબે ખમ્સામાં નથી.
૨. કોઈ હદીષ મુકર્રર (ડબલવાર) નથી લાવવામાં આવી.
૩. ટૂંકાણ તથા સમૃદ્ધતામાં પોતે જ પોતાનું દૃષ્ટાંત છે.
૪. મસ્અલાઓ તથા એહકામથી સંબંધ રાખવાવાળી હદીષો જ વધારે લેવામાં આવી છે.

પાંચમી સદીના છેલ્લા સમય સુધી સિહાહની બુનિયાદી કિતાબોમાં કેવળ ૫ કિતાબોની ગણના થતી હતી. પછી હાફિઝ અબુલ ફઝલ મુહમ્મદ બિન તાહિર મુકદ્દસ (વિસાલ હિ.સ. ૫૦૭)એ પોતાની કિતાબ "શરૂતુલ અઈમ્મતુસ્ સિત્તહ"માં ઈબ્ને માજહની શરતોથી પણ ચર્ચા કરી અને તેને પણ બુનિયાદી કિતાબોની સાથે જોડીને સિહાહની અસલ ૬ કિતાબોને કરાર દીધી.

તે જ સમયમાં મુહદ્દિષ ઝરીન બિન મુઆવિયા માલિકી (વિસાલ : હિ.સ. ૫૫૨)એ પોતાની કિતાબ "અત્તજરીદ લિસ્સિહાહ વસ્સુનન"માં ખમ્સા કિતાબોની સાથે સુનને ઈબ્ને માજહની જગ્યાએ મુઅત્તા ઈમામ માલિકને જોડી આપી છે. તેના પછી આ મતભેદ રહ્યો છે કે સિહાહ સિત્તાની છઠ્ઠી કિતાબ મુઅત્તા છે કે ઈબ્ને માજહ. સામાન્યતઃ પશ્ચિમવાળા મોઅત્તાને અગ્રતા આપતા અને પૂર્વવાળા સુનને ઈબ્ને માજહને અગ્રતા આપતા. પણ પાછલાઓએ ઈબ્ને માજહના હક્કમાં એકમતિ કરી લીધી અને હવે મોટાભાગના તે જ તરફથી સિહાહ સિત્તાની છઠ્ઠી કિતાબ સુનન ઈબ્ને માજહ છે. *–(જામિઉલ અહાદીષ : મુકદ્દમા)*

# મીલાદુન્નબીમાં
# ખુશી મનાવવી સુન્નતે ઈલાહિયહ્ છે

કાર્યાલય તરફથી

**કૌન શહરે મક્કામેં સુબ્હ સુબ્હ આયા હૈ**
**જિસ્કે નૂરસે આલમ સારા ઝગમગાયા હૈ**

મીલાદુન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના મોકા પર ખુશીઓ મનાવવી અલ્લાહની આ મહાન નેઅમતનો શુક્ર અદા કરવો એ હુઝૂરનુ નામ લેનારા દરેક મુસલમાનના માટે જરૂરી છે. કારણ કે કુર્આનમાં રબ તઆલા عزوجل ફર્માવે છે, "અલ્લાહની નેઅમતોનો શુક્ર બજાવી લાવો, અલ્લાહની નેઅમતોની ચર્ચા કરો..." અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمથી વધીને કઈ નેઅમત મોટી હોય શકે છે ?! તો જે મુકદ્દસ દિવસે આ નેઅમત દુનિયાવાળાઓને નસીબ થઈ તે દિવસે ખુશી કેમ ન મનાવવી ?! કેમ તેની ખૂબ ખૂબ ચર્ચા ન કરવી ?! એ વિશે ઈમાન અફરોઝ ચર્ચા આ લખાણમાં વાંચો અને ઈમાનને તાજગી બખ્શો.

**★ અલ્લાહ عزوجلએ સાલભર ખુશી મનાવી ★**

તમામ ફઝાઈલ તથા સિયરની કિતાબોમાં આ પ્રકારની રિવાયતો પુષ્કળ પ્રમાણમાં મળે છે, જેમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની વિલાદતના વિગતવાર વર્ણનની સાથે એ ચીજને પણ સ્પષ્ટ રીતે વર્ણવામાં આવી છે કે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلمની વિલાદત પર ખુશી મનાવી. આખુ વરસ જશ્ન રૂપે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની આમદ પર આખી જમીનને લીલીછમ કરી દેવામાં આવી અને પૃથ્વીના પટ પરનાં સૂકાઈ ગયેલાં અને સડી ગયેલાં ઝાડોને ફૂલો ફળો વડે ભરી દેવામાં આવ્યાં, દરેક બાજુએ રહમતો તથા બરકતોની ભરમાર કરી દેવામાં આવી. દુષ્કાળમય ઈલાકાઓમાં રોજીની એટલી વિશાળતા કરી દેવામાં આવી કે તે વરસ ખુશી તથા ઉમંગવાળુ વરસ કહેવાયું.

રિવાયતના શબ્દો આ પ્રમાણે છે : "જે વરસે નૂરે મુહમ્મદી صلی اللہ تعالیٰ علیہ وسلمની હઝરત આમેના رضی اللہ عنہا ને સોંપણી કરવામાં આવી તે ફતહ તથા નુસરત, તરો તાઝગી અને ખુશહાલીનુ સાલ કહેવાયું. કુરૈશીઓ એથી અગાઉ આર્થિક તંગી, મુફલિસી અને દુકાળમાં સપડાયેલા હતા. વિલાદતની બરકતથી એ વરસે અલ્લાહ તઆલાએ દાણા પાણી વાળી જમીનને લીલોતરી તથા હરીયાળી અતા ફર્માવી અને શુષ્ક ઝાડોની મુરઝાયેલી ડાળીઓને હરી ભરી કરીને તેમને ફળો વડે લાદી દીધી. કુરેશીઓ આ રીતે ચો તરફથી પુષ્કળ ભલાઈ આવવાથી ખુશહાલ (સુખી) થઈ ગયા." *–(અન્વારે મુહમ્મદિયા, નબહાની, પેજ–૨૨, સીરતુલ હલબિય્યહ્, ૧/૭૮)*

એક રિવાયતમાં આવે છે કે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની વિલાદતના વરસે એટલો લુત્ફો કરમ અને અમાપ બખ્શિશ ફર્માવી કે તે વરસે દુનિયાના દરેક સ્ત્રીના ત્યાં ઔલાદમાં પુત્ર થયો.

ઘણી સિયરની કિતાબોમાં આ રિવાયતના શબ્દો આ પ્રમાણે છે :–

"અમ્ર ઈબ્ને કતીબાથી રિવાયત છે કે મેં મારા દાદા પાસેથી સાંભળ્યું કે જેઓ સમૃધ્ધ આલિમ હતા, કે જ્યારે હઝરત આમેના رضی اللہ عنہا ને ત્યાં વિલાદતે બાસઆદતનો સમય નજીક આવ્યો તો અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને ફર્માવ્યું, તમામ

આસ્માનો અને જન્નતોના દરવાજા ખોલી નાખો ! તે દિવસે સૂરજને અઝીમ નૂર પહેરાવવામાં આવ્યું અને અલ્લાહ તઆલાએ દુનિયાભરની ઔરતોના માટે એવું મુકદ્દર કરી આપ્યું કે હુઝૂર ﷺની બરકતથી પુત્રો જન્મે.'' *(અન્વારે મુહમ્મદિયહ્, નબહાની–૨૨, સીરતુલ હલબિયહ્, ૧/૭૮)*

### ★ હુઝૂરના દુનિયામાં આગમન પર અલ્લાહે જશ્ન મનાવ્યો ★

આખુ વરસ વિલાદતે મુસ્તફવી ﷺ ની ખુશીમાં અલ્લાહ તઆલાએ પોતાની રહમતોના નુઝૂલ થકી જશ્ન મનાવ્યો. પરંતુ જ્યારે ઝહૂરે કુદસી (મહાન હસ્તીના આગમન)ની તે મુબારક ઘડીઓ નજીક આવી જેનો સદીઓથી ઈન્તેઝાર કરવામાં આવી રહ્યો હતો અને મહીનાઓ તથા વરસોના ચક્રની તે પળ જેના દામનમાં ખુદાવંદે કુદ્દુસે સર્વ અઝલી તથા અબદી સઆદતો સમેટીને કૌનો મકાંના માટે રશ્કને પાત્ર બનાવવાની હતી અને વિશ્વના ગુલશનને હમેશાંની વસંતથી નવાઝવાના માટે તેના હુસ્નની કાઈનાતનુ શ્રેષ્ઠ કારનામુ વિશ્વને પોતાના નૂરાની કિરણો વડે રોશન કરવા તથા સજાવવા માટે ઉદ્દ્ભવ પામનાર હતું. તો ખૂદ ખાલિકે મૌજૂદાત જલ્લ જલાલુહૂએ આ કાયનાતના નીચોડની આમદ (આગમન) પર એવી ખુશી, મસર્રત અને મહોબ્બતને પ્રદર્શિત કરી કે કોઈ આલમે ઈમ્કાનમાં એ પ્રકારનો જશ્ન મનાવી શકશે નહીં અને ખરેખર મુહિબ્બે હકીકી (અલ્લાહ عزوجل)એ પોતાના મહબૂબ ﷺ ના આગમન પર મહોબ્બતની દુનિયામાં પોતાની મહોબ્બતને શોભે તેવો નમૂનો દેખાડયો કે કોઈ મોહિબ્બ પોતાના મહબૂબને એ રીતે ખુશ આમદિદ કહેવાની કલ્પના પણ નથી કરી શકતો. બલ્કે એવું કહેવામાં આવે તો તદ્દન યોગ્ય ગણાશે કે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબના દુનિયામાં આગમન પર નાની મોટી કુલ કાયનાતની દરેક ચીજને એ પ્રસંગે સજાવીને સ્વાગત કર્યું. પૂર્વથી પશ્ચિમ સુધી અલ્લાહ તઆલાએ એટલી રોશની કરી કે કાયનાતની દરેક ચીજ ચમકી ઉઠી અને નૂરે નબવી ﷺએ તેને પોતાના સાથમાં કરી લીધી.

હઝરત આમેના رضی اللہ عنہا, જેમની મુબારક આગોશને અલ્લાહ તઆલાએ એ નૂરે પાકે નબવી ﷺની પ્રથમ જલ્વાગાહ બનાવી અને તે નૂરે નબુવ્વતને જે હઝરત આદમ علیہ السلام થી લઈને હઝરત અબ્દુલ્લાહ સુધી લાખો નેક બખ્ત પીઠો તથા પવિત્ર ઉદરોથી ગુજરતુ રહી છેવટે તે પાક ગોદમાં તશરીફ લાવ્યું અને જેમને નબીએ આખિરુઝ્ઝમાં, હાદીએ ઈન્સો જાં, શહનશાહે દો જહાં ﷺની વાલિદા માજિદા થવાનો અજોડ શરફ હાંસલ થયો, આપ પોતાના તે અઝીમ લખ્તે જિગરની પેદાઈશના પ્રસંગો વર્ણવતાં ફર્માવે છે :–

''જ્યારે સરવરે કાઈનાત ﷺનો ઝહૂર થયો તો સાથોસાથ એવું નૂર નીકળ્યું જેનાથી પૂર્વથી પશ્ચિમ સુધી સૌ ક્ષિતિજ રોશન થઈ ગયાં.'' *(તબકાતે ઈબ્ને સઅદ, ૧/૧૦૨, સીરતુલ હલબિય્યહ્, ૧/૯૧)*

આપ ﷺથી જ એક અન્ય રિવાયત આ પ્રમાણે આવેલી છે :–

''બેશક ! મારામાંથી એવું નૂર નીકળ્યું જેના તેજ કિરણો વડે શામ (સીરિયા)ની ભૂમીમાં બસરાના મહેલો મારી નજરો સમક્ષ રોશન અને સ્પષ્ટ થઈ ગયા.'' એવા જ પ્રકારની એક બીજી રિવાયતના શબ્દો આ પ્રમાણે છે : ''એ નૂર વડે શામ દેશના મહેલો અને ત્યાંનાં બજાર એ રીતે સ્પષ્ટ દેખાવા લાગ્યાં કે મેં બસરામાં ચાલનાર ઊંટોની ગરદનોને પણ જોઈ લીધી.'' *(સીરતે ઈબ્ને હેશામ–૧૧૧, તબકાતે ઈબ્ને સઅદ, ૧/૧૦૨, સીરતુલ હલબિય્યહ્, ૯૧)*

એ જ નૂર પ્રતિ નિર્દેશ કરતાં આપ ﷺના મોહતરમ ચાચા હઝરત સૈયદના અબ્બાસ رضی اللہ تعالیٰ عنہ એ પોતાના એક ના'તિયા કસીદામાં જે

તેમણે આં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી ઈજાઝત લઈને ગઝવએ તબૂકથી પાછા ફરતી વેળા સંભળાવ્યો તેમાં ફર્માવે છે :–

"જ્યારે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم પેદા થયા તો જમીન ચમકી ઉઠી અને આકાશો રોશન થઈ ગયાં, તો એ નૂર તથા કિરણોમાં રુશ્દો હિદાયતની રાહો તરફ ડગ ભરી રહ્યા છીએ." (સીરતુલ હલબિય્યહ્, ૯૨)

એના વિશે ચર્ચા કરતાં કુતુબે સિયરમાં એ ખુલાસો પણ કરવામાં આવ્યો છે કે હઝરત આમેનાએ શામ પ્રદેશ તથા અન્ય અજાયબીઓ જાગૃતાવસ્થામાં જોઈ, નહીં કે ખ્વાબમાં. જેમ કે સીરતુલ હલબિય્યહ્–૯૨ માં છે.

એના અનુસંધાનમાં તારીખ તથા સિયરની કિતાબોમાં એક રિવાયત એ પણ મળે છે કે, એકવાર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની આસપાસ સહાબીઓ એ પ્રમાણે ટોળુ વળીને બેઠા હતા કે જેવી રીતે ચાંદની આસપાસ નૂરનુ વર્તુળ હોય છે. તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આપની વિલાદતના બારામાં કાંઈક જણાવો ! તો આપે જવાબમાં ફર્માવ્યું :–

"હું મારા બાપ ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والتسلیم ની દુઆ અને ઈસા ઈબ્ને મરયમ رضی اللہ عنہا ની બશારત છું. મારાં વાલિદા માજિદાએ મારી પેદાઈશના સમયે જોયું કે તેમનામાંથી એક એવું નૂર નીકળ્યું જેનાથી શામના મહેલો ચમકી ઉઠયા." *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ૧૦૫/૧, દલાઈલુન્નબુવ્વહ્ લિલ્ બૈહકી, ૮૪/૧, મિશ્કાતુલ્ મસાબીહ, પેજ–૫૧૩, બાબે ફઝાઈલે સૈયદુલ્ મુરસલીન)*

**★ કૌનો મકાની મહેફિલ સજાવવામાં આવી ★**

આ હદીષો તો વિલાદતના સમયના વિશે છે કે અલ્લાહ عزوجل એ પૂર્વ તથા પશ્ચિમને રોશન કર્યું. બલ્કે એ પણ મશહૂર રિવાયતો છે કે જ્યારે નૂરે મુહમ્મદી صلی اللہ تعالیٰ علیہ وسلم અમાનત રૂપે સૈયદા આમેના صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારક પેટમાં મુન્તકિલ થયું તે રાત જુમ્આ મુબારકની રાત હતી. તે રાતે અલ્લાહ عزوجل એ જન્નતના રિદ્વાન (ફરિશ્તા)ને જન્નતના સર્વ દરવાજાઓ ખોલી દેવાનો હુકમ આપ્યો અને એક એલાન કરનારને એ એલાન કરવા નિયુકત કર્યો કે તે ઘડી નજીક આવી ગઈ છે જેમાં બશીરો નઝીર હાદીએ કાઈનાત તથા નબીએ આખિરુઝ્ઝમાં صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઝહૂર થનાર છે. ત્યાર બાદ આલમે મલકૂત તથા જબરૂતમાં એ એલાન કરવામાં આવ્યું કે મુકદ્દસ તથા બુઝુર્ગીવાળાં સ્થાનોને ઈત્રમય અને અતિશય ખુશ્બોદાર બનાવો અને મુકર્રિબીન મલાઈકા જેઓ અહલે સિદ્કો સફા છે તેઓ મુકદ્દસ મકામોએ ઈબાદતના માટે મુસલ્લા બિછાવે, એટલા માટે કે આજે તે નૂર જે હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم થી લઈને હઝરત અબ્દુલ્લાહ સુધી પવિત્ર પીઠોમાં છુપાઈને ચાલ્યુ આવતુ હતુ તે સૈયદના આમિનાના મુબારક બતન (પેટ)માં તબદીલ થયું છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે નૂરના તબદીલ થવાની એ રાતે કોઈ એવી જગા કે મકામ ન હતું જે નૂરથી મુનવ્વર ન થયું હોય અને કુરૈશના તમામ ચોપગાં બોલતાં થઈ ગયાં હતાં અને આપસમાં એ આ મુબારક નૂરના ઝહૂરના વિશે વાતો કરી રહ્યાં હતાં અને બશારતો આપતાં હતાં. *(માખૂઝ–ઝુર્કાની અલલ મવાહિબ, પેજ : ૧૦૫–૧૦૮)*

**★ તારાઓ ઝબુકિયાં બનીને ઉતરી આવ્યા ! ★**

આપણે જયારે જશ્ન મનાવીએ છીએ તો આપણી યથાશકિત રોશનીઓ કરીએ છીએ, આપણા ઘરો, મહોલ્લાઓ તથા બજારોને તે રોશન ઝબુકિયાં તથા બત્તીઓ વડે સજાવી ચમકાવીને કરીએ છીએ. પરંતુ તે ખાલિકે કાયનાત જેના તાબામાં પૂર્વ તથા પશ્ચિમ છે તેણે જયારે ચાહ્યું કે હું મારા મહબૂબની મીલાદ પર ચિરાગાં કરું તો ન

કેવળ પૂર્વથી પશ્ચિમ સુધીની કાઈનાતને મુનવ્વર કરી દીધી, બલ્કે આસ્માની કાઈનાતને પણ એ ખુશીમાં સામેલ કરીને તારાઓને ઝબુકિયાં બનાવીને જમીનની નજીક કરી દીધા.

હઝરત ઉષ્માન ઈબ્ને અબી આસનાં વાલિદા ફાતિમા બિન્તે અબ્દુલ્લાહ ષકીફા رضی اللہ عنہ ફર્માવે છે :–

''જ્યારે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم ની વિલાદત થઈ ત્યારે હું ખાનએ કા'બાની પાસે હતી. મેં જોયું કે ખાનએ કા'બા નૂરથી મુનવ્વર (પ્રકાશિત) થઈ ગયો છે અને તારાઓ જમીનની એટલી નજીક આવી ગયા કે મને એવું ગુમાન થવા લાગ્યું કે કયાંક તે મારા પર ગબડી ન પડે !'' *(સીરતુલ હલબિય્યહ્, ઝુર્કાની અલલ્ મવાહિબ, ૧/૧૧૬, અન્વારે મુહમ્મદિયહ્, ખસાઈસે કુબરા, ૪૦/૧ વગેરે)*

### ★ ઝંડાઓ લહેરાવવામાં આવ્યા ! ★

રોશનીઓ, ઝબુકિયાંઓ તથા બત્તીઓ ઉપરાંત મીલાદુન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના જશ્નમાં ઝંડાઓ પણ લગાડવામાં આવે છે. તો શું એની કોઈ સાબિતી છે કે નહીં ? તો તારીખ તથા સિયરની પ્રખ્યાત કિતાબોમાં હઝરત સૈયદા આમેના رضی اللہ عنہا થી નકલ થયેલ રિવાયત તેની સાક્ષી પૂરી પાડે છે કે તે સમયે પણ અલ્લાહ તઆલાના હુકમથી જશ્ને મીલાદમાં ઝંડા લહેરાવવામાં આવ્યા. આપ ફર્માવે છે :–

''પછી અલ્લાહ તઆલાએ મારી આંખોએથી પર્દા હટાવી નાખ્યા તો પૂર્વથી પશ્ચિમ સુધી તમામ પૃથ્વીના પટને મારી સામે કરી દેવામાં આવ્યું જેને મેં મારી આંખો વડે જોયું તેમજ મેં ત્રણ ઝંડા પણ જોયા, એક પૂર્વમાં લગાડવામાં આવ્યો હતો, બીજો પશ્ચિમમાં અને ત્રીજો ઝંડો કા'બાતુલ્લાહની છત પર લહેરાઈ રહ્યો હતો.'' *(અન્વારે મુહમ્મદિયહ્, પેજ–૩૩, સીરતુલ હલબિય્યહ્, પેજ–૧૦૯)*

### ★ શરબત પીવડાવવામાં આવ્યું ★

અલ્લાહ عزوجل એ પોતાના મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની વિલાદતની ખુશીમાં ત્યાં સુધી પોતાનો કરમ તથા ઈનામ ફર્માવ્યાં કે હઝરત આમિના અન્ય વિગતોની સાથે એ પણ સ્પષ્ટતાપૂર્વક બયાન ફર્માવે છે કે વિલાદતના સમયે મને એક એવું શરબત (પીણુ) આપવામાં આવ્યું જેને પીને મેં અતિશય રાહત અનુભવી. તે શરબત મધથી પણ મીઠુ અને રાહત આપનારું હતું.

### ★ જન્નતની હૂરોએ સ્વાગત કર્યું ★

હુઝૂરની વિલાદતની વેળાએ હૂરો થકી હઝરત આસિયા અને હઝરત મરયમની કિ઼યાદતમાં આપનુ સ્વાગત કરવામાં આવ્યું. હઝરત આમેના رضی اللہ عنہا થી રિવાયત પામેલ આ હદીષમાં નીચે પ્રમાણેની અજાયબીઓનો ઉલ્લેખ જોવા મળે છે :

''આપ ફર્માવે છે કે મને જ્યારે ઔરતોની જેમ દર્દ શરૂ થયું તો મેં એક બુલંદ (મોટો) અવાજ સાંભળ્યો જેણે મારા પર ખૌફ લાદી દીધો. પછી મેં જોયું કે એક સફેદ પક્ષીની પાંખ મારા દિલને સ્પર્શી રહેલ છે જેનાથી મારો તમામ ડર તથા ભય જતો રહ્યો. પછી મેં ધ્યાન કર્યું તો મેં અચાનક મારી સામે એક સફેદ શરબત જોયું જેને મેં પી લીધું, તે મધથી પણ વધુ મીઠુ હતું. પછી એક મોટા નૂરના વર્તુળે મને ઘેરી લીધી, મેં જોયું કે હસીન તથા જમીલ ઔરતો જે કદ તથા ચહેરા મોહરામાં અબ્દે મુનાફની બેટીઓની જેમ હતી, તેમણે મને તેમના ઘેરામાં લઈ લીધી. હું આશ્ચર્યમાં હતી કે તે કયાંથી આવી ગઈ અને તેમને આ (વિલાદત)ની ખબર કોણે આપી ! તો તેમણે કહ્યું કે અમે ફિરઔનની પત્ની આસિયા તથા મરયમ બિન્તે ઈમરાન છીએ અને આ અમારી સાથે જન્નતની હૂરો છે. *(અન્વારે મુહમ્મદિયહ્, નબહાની–૩૩, ઝુર્કાની અલલ્ મવાહિબ, ૧/૧૧૨) –અલ મુઈન : જૂન–૨૦૦૧*

# અમીરુલ મોમિનીન رضی اللہ عنہ હઝરત અલી મુર્તઝા

**સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

દુનિયામાં અસંખ્ય લોકો પેદા થયા જેમાંથી મોટાભાગના એવા થયા જેમનામાં કોઈ કમાલ કે ખૂબી નથી, અને અમુક લોકો એવા થયા જેઓ કેવળ અમુક ખૂબીઓ ધરાવતા હતા. પણ હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم ની તે મહાન જાત છે જે ઘણી બધી ખૂબીઓ તથા કમાલોનો સમૂહ છે, આપ શેરે ખુદા પણ છે અને મુસ્તફા ﷺના જમાઈ પણ છે. હૈદરે કર્રાર પણ છે અને સાહિબે ઝુલ્ફિકાર પણ, હઝરત ફાતિમા ઝહ્‌રાના પતિ પણ અને હસ્નૈન કરીમૈનના વાલિદે બુઝુર્ગવાર (પિતા) પણ, સખાવતવાળા પણ અને બહાદુરીવાળા પણ, ઈબાદત તથા રિયાઝતવાળા પણ અને ફસાહત તથા બલાગત (ઉમદા શક્તિ)વાળા પણ, ફાતેહે ખૈબર પણ અને ખિતાબના મેદાનના બાદશાહ પણ, સારાંશ કે આપ ઘણા બધા કમાલો તથા ખૂબીઓના સંગમ છે અને દરેકમાં વિશિષ્ટ તથા સમયના અજોડ છે એટલા માટે દુનિયા આપને 'મઝહરુલ અજાઈબો ગરાઈબ'થી યાદ કરે છે અને કયામત સુધી એ જ પ્રમાણે યાદ કરતી રહેશે.

**મુર્તઝા શેરે હક્ક અશ્જઉલ અશ્જઈન**
**બાબે ફઝ્‌લો ફઝ્‌લો વિલાયત પે લાખોં સલામ**
**શેરે શમશીરે ઝન શાહે ખૈબર શિકન**
**પરતવે દસ્તે કુદરત પે લાખોં સલામ**

## ★ નામ તથા વંશ ★

આપનું નામ નામી "અલી ઈબ્ને અલી તાલિબ" અને કુન્નિયત "અબુલ હસન" તથા "અબૂ તુરાબ" છે. આપ સરકારે અક્દસ ﷺના કાકા અબૂ તાલિબના પુત્ર એટલે હુઝૂર ﷺના કાકાના પુત્ર (પિત્રાઈ ભાઈ) છે. આપનાં વાલિદા મોહતરમા (માતા)નું નામ ફાતિમા બિન્તે અસદ બિન હાતિમ છે. અને એ પહેલાં હાશમી ખાતૂન છે જેમણે ઈસ્લામ કબૂલ કર્યો અને હિજરત કરી. *(તારીખુલ ખુલફા, પેજ–૧૧૩)*

આપનો વંશેવેલો આ પ્રમાણે છે : અલી બિન અબૂ તાલિબ બિન અબ્દુલ મુત્તલિબ બિન હાશિમ બિન હાશિમ બિન અબ્દે મુનાફ. આપ હિ.સ. ૩૦ આમ્મુલ ફીલમાં પેદા થયા, એલાને નબુવ્વતથી પહેલાં જ મૌલાએ કુલ સૈયદુર્રુસુલ જનાબ અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺની પરવરિશમાં આવ્યા કે જ્યારે કુરૈશ દુકાળમાં સપડાયેલા હતા તો હુઝૂર ﷺએ અબૂ તાલિબ પર બાળ બચ્ચાંનો બોજ હળવો કરવા માટે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને લઈ લીધા હતા. આ રીતે હુઝૂર ﷺના સાયામાં આપે પરવરિશ પામી અને એમની ગોદમાં હોશ સંભાળ્યો. આંખ ખુલતાં જ હુઝૂર ﷺનો જમાલે જહાંઆરા જોયો, તેમની જ વાતો સાંભળી અને તેમની જ આદતો શીખી. એટલા માટે મૂર્તિઓની નજાસતથી આપનો દામન કદી ખરડાયો નહીં, એટલે કે આપે કદી મુર્તિપૂજા નથી કરી, એટલા માટે કર્રમલ્લાહુ તઆલા વજહહુ کرم اللہ تعالیٰ وجہہ الکریم આપનો લકબ થયો. *(તન્ઝીહુલ મકાનતિલ હૈદરિયહ વગેરે)*

## ★ આપનો ઈસ્લામ સ્વીકાર ★

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ઓછી વયના લોકોમાં

સૌથી પ્રથમ ઈસ્લામથી મુશર્રફ થયા. તારીખુલ ખુલફામાં છે કે જ્યારે આપ ઈમાન લાવ્યા તે વખતે આપની ઉમર મુબારક દસ વરસ હતી બલ્કે અમુક લોકોના કથનોના પ્રમાણે નવ વરસ અને અમુક કહે છે કે આઠ વરસ અને અમુક લોકો એનાથી પણ ઓછી બતાવે છે. અને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ 'તન્ઝહિુલ મકાનતિલ હૈદરિયહ'માં ફર્માવે છે કે ઈસ્લામ સ્વીકાર વખતે આપની ઉમર આઠ દસ વરસની હતી.

આપના ઈસ્લામ સ્વીકારની વિગત મુહમ્મદ બિન ઈસ્હાકે આ પ્રમાણે વર્ણન કરેલ છે કે હઝરત અલી رضی اللہ عنہએ હુઝૂર ﷺને અને હઝરત ખદીજતુલ કુબરા رضی اللہ عنہાને રાતમાં નમાઝ પઢતા જોયા. જ્યારે એ લોકો નમાઝથી ફારિગ થઈ ગયા તો હઝરત અલી رضی اللہ عنہએ હુઝૂર ﷺને પૂછયું કે આપ લોકો આ શું કરી રહ્યા હતા ? હુઝૂર ﷺએ ફર્માવ્યું કે આ અલ્લાહ તઆલાનો એવો દીન છે જેને એણે પોતાના માટે પસંદ કર્યો છે અને એની તબ્લીગ તથા પ્રચારના માટે પોતાના રસૂલને મોકલ્યા છે. જેથી હું તમને પણ એવા મઅબૂદની તરફ બોલાવું છું જે એકલો છે, એનો કોઈ શરીક નથી, અને હું તમને એની જ ઈબાદતનો હુકમ આપુ છું. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ કહ્યું કે જ્યાં સુધી હું મારા પિતા અબૂ તાલિબને ન પૂછી લઉં ત્યાં સુધી એના બારામાં કોઈ ફૈંસલો નથી કરી શક્તો. હુઝૂર ﷺને એ વખતે એ રાઝ ઉઘાડુ કરવું મંઝૂર ન હતું એટલા માટે આપ ﷺએ ફર્માવ્યું, હે અલી ! જો તમે ઈસ્લામ નથી સ્વીકારતા તો હમણા આ મામલાને ગુપ્ત રાખો, એને કોઈના સમક્ષ જાહેર ન કરો.

હઝરત અલી رضی اللہ عنہ જો કે એ વખતે રાતમાં ઈમાન ન લાવ્યા, પણ તઆલાએ આપના દિલમાં ઈમાનને અંકિત કરી આપ્યું હતું. બીજા દિવસે સવાર થતાં જ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા અને આપની રજૂ કરેલી સર્વ વાતોને સ્વીકારી લીધી અને ઈસ્લામ લઈ આવ્યા.

## ★ આપની હિજરતનો બનાવ ★

સરકારે અક્દસ ﷺએ જ્યારે ખુદા તઆલાના હુકમ પ્રમાણે મક્કા મોઅઝ્ઝમાથી મદીના મુનવ્વરાની હિજરતનો ઈરાદો કર્યો તો હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને બોલાવીને ફર્માવ્યું કે મને ખુદા તઆલા તરફથી હિજરતનો હુકમ થઈ ચૂક્યો છે જેથી હું આજે મદીના રવાના થઈ જઈશ. તમે મારા બિસ્તર પર મારી લીલા રંગની ચાદર ઓઢીને સૂઈ રહો, તમને તકલીફ થશે નહીં. કુરૈશની સર્વ અમાનતો જે મારી પાસે રાખેલ છે તેને તેમના માલિકોને આપીને તમે પણ મદીના ચાલ્યા આવશો.

આ મોકો ઘણો જ ડરામણો અને ખૂબ જ ખતરાવાળો હતો. હઝરત અલી رضی اللہ عنہને ખબર હતી કે કુરૈશના કાફિરો સૂવાની હાલતમાં હુઝૂર ﷺની ક્ત્લનો ઈરાદો કરી ચૂક્યા છે, એટલા માટે ખુદા તઆલાએ આપને બિસ્તર પર સૂવાથી મના ફર્માવી દીધું છે. આજે હુઝૂર ﷺનું બિસ્તર ક્ત્લગાહ છે ! પરંતું અલ્લાહના મહબૂબ દાનાએ ગોયૂબ જનાબ અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺના આ ફર્માનથી કે, ''તમને કોઈ તક્લીફ થશે નહીં, કુરૈશની અમાનત આપીને તમે પણ મદીના ચાલ્યા આવજો.'' હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને પૂરું યકીન હતું કે દુશ્મન મને કોઈ તક્લીફ પહોંચાડી શક્તો નહીં, હું જીવતો રહીશ અને જરૂરથી મદીના મુનવ્વરા પહોંચીશ. જેથી સરકારે અક્દસ ﷺનું બિસ્તર જે આજે જાહેરી રીતે કાંટાંઓનું પાથરણુ હતું તે હઝરત અલી رضی اللہ عنہના માટે ફૂલોની સેજ બની ગયું. એટલા માટે કે એમનો અકીદો હતો કે સૂરજ પૂર્વને બદલે પશ્ચિમથી નીકળી શકે છે પણ હુઝૂર ﷺના ફર્માનની વિરૂધ્ધ નથી થઈ શક્તું.

હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે હું રાતભર આરામથી સૂતેલો રહ્યો. સવારે ઉઠીને લોકોની અમાનતો તેમના માલિકોને સોંપવાનું શરૂ કર્યું અને કોઈનાથી ન છુપાયો, એ જ પ્રમાણે મક્કામાં ત્રણ

દિવસ રહ્યો. અમાનતો અદા કર્યા બાદ હું મદીનાની તરફ ચાલી નીકળ્યો. રસ્તામાં કોઈએ મારાથી કોઈ ટકરાવ ન કર્યો ત્યાં સુધી કે હું કુબા પહોંચી ગયો. હુઝૂર ﷺ હઝરત કુલ્થૂમ رضی اللہ عنہના મકાનમાં તશરીફ ફર્મા હતા ત્યાં હું પણ રોકાઈ ગયો.

## ★ રસૂલનો ભાઈચારો ★

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની ઘણી વિશિષ્ટતાઓમાંથી એક એ પણ છે કે આપ સરકારે અક્દસ ﷺના જમાઈ હતા. પિત્રાઈ ભાઈ હોવાની સાથોસાથ ''અક્દે મુવાખાત''માં પણ આપના ભાઈ છે. જેમ કે તિર્મિઝી શરીફમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ જ્યારે મદીનામાં ઉખુવ્વત એટલે ભાઈચારો સ્થાપ્યો કે બે બે સહાબીઓને ભાઈ બનાવ્યા તો હઝરત અલી رضی اللہ عنہ રડતા રડતા બારગાહે રિસાલતમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપે સર્વ સહાબીઓ વચ્ચે ભાઈ ચારો સ્થાપિત કર્યો, એક સહાબીને બીજા સહાબીના ભાઈ બનાવ્યા, પણ મને કોઈનો ભાઈ ન બનાવ્યો, હું આમ જ રહી ગયો ! તો સરકારે અક્દસ ﷺએ ફર્માવ્યું : અન્તઅખી ફિદ્દુન્યા વલ્આખિરહ, એટલે ''તમે દુનિયા તથા આખેરત બંનેવમાં મારા ભાઈ છો.'' *(મિશ્કાત શરીફ, પેજ–૫૬૪)*

## ★ આપની બહાદુરી ★

હઝરત અલી رضی اللہ عنہની શુજાઅત (બહાદુરી) તથા હિંમત પ્રખ્યાત છે. અરબ તથા અજમમાં આપના બાવડાની કુવ્વતના સિક્કા બેસેલા છે. આપના રુઆબ તથા દબદબાથી આજે પણ મોટા મોટા પહેલવાનોનાં દિલ કાંપી ઉઠે છે, જંગે તબૂકના મોક઼ા પર સરકારે અક્દસ ﷺએ મદીના તયબહ પર આપને પોતાના નાયબ મુક઼ર્રર કર્યા હતા એટલા માટે એમાં હાજર ન રહી શક્યા. બાકીના સર્વ ગઝવાત તથા જેહાદોમાં શરીક થઈને ઘણી જ જાંનિષારીની સાથે કાફિરોનો મુક઼ાબલો કર્યો અને મોટા મોટા પહાડોને પોતાની તલ્વારો વડે મૌતને ઘાટ ઉતારી આપ્યા.

જંગે બદરમાં જ્યારે હઝરત હમ્ઝા رضی اللہ عنہને અસ્વદ બિન અબ્દુલ અસદ મખ્ઝૂમીને કાપીને જહન્નમમાં પહોંચાડયો તો એના પછી કાફિરોના લશ્કરનો સરદાર ઉત્બા બિન રબીઅહ પોતાના ભાઈ શયબા બિન રબીઅહ તથા પોતાના પુત્ર વલીદ બિન ઉત્બાને સાથે લઈને મેદાનમાં નીકળ્યો અને બૂમ પાડીને કહ્યું કે હે મુહમ્મદ ! ﷺ કુરૈશના શરીફોમાંથી અમારી જોડનો માણસ મોકલો ! હુઝૂર ﷺએ સાંભળીને ફર્માવ્યું કે હે બની હાશિમ ! ઉઠો અને હક્ક઼ની હિમાયતમાં લડો જેની સામે અલ્લાહ તઆલાએ તમારા નબીને મોકલ્યા છે. હુઝૂરના આ ફર્માનને સાંભળીને હઝરત હમ્ઝા, હઝરત અલી અને હઝરત ઓબૈદા رضوان اللہ تعالیٰ علیہم اجمعین દુશ્મનની તરફ આગળ વધ્યા. લશ્કરનો સરદાર ઉત્બા, હઝરત હમ્ઝા رضی اللہ عنہની સામે થયો અને ઝિલ્લતની સાથે માર્યો ગયો. વલીદ જેને પોતાની બહાદુરી પર ઘણો જ નાઝ હતો તે હઝરત અલી رضی اللہ عنہની સાથે મુક઼ાબલામાં મસ્ત હાથીની જેમ ઝુમતો ઝુમતો આગળ વધ્યો અને ડિંગો મારતાં મારતાં આપના પર હુમ્લો કર્યો. પણ શેરે ખુદા અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم એ થોડીક વારમાં તેને મારીને ગબડાવી પાડયો અને ઝુલ્ફિક઼ારે હૈદરીએ તેના ઘમંડને ખાકો ખૂનમાં મિલાવી દીધો. ત્યારબાદ આપે જોયું કે ઉત્બાના ભાઈ શયબાએ હઝરત ઓબૈદા رضی اللہ عنہને ઝખ્મી કરી દીધા તો આપે ઝપટીને એના પર હુમ્લો કર્યો અને તેને પણ જહન્નમમાં પહોંચાડી આપ્યો.

અને જંગે ઓહદમાં જ્યારે કે મુસલમાન આગળ તથા પાછળથી કાફિરોની વચમાં આવી ગયા જેના સબબે ઘણા બધા લોકો શહીદ થયા તો એ વખતે સરકારે અક્દસ ﷺ પણ કાફિરોના ઘેરાવમાં આવી

ગયા અને તેમણે એલાન કરી આપ્યું કે હે મુસલમાનો ! તમારા નબીને કત્લ કરી દેવામાં આવ્યા. આ એલાનને સંભાળીને મુસલમાનનો ખૂબ જ પરેશાન થઈ ગયા બલ્કે એમનામાંથી ઘણા બધા લોકો ભાગી પણ ગયા. હઝરત અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે કે જ્યારે કાફિરોએ મુસલમાનોને આગળ પાછળથી ઘેરી લીધા અને રસૂલુલ્લાહ ﷺ નિગાહથી ઓઝલ થઈ ગયા, તો પ્રથમ મેં હુઝૂરને જીવતા લોકોમાં શોધ્યા પણ ન જોવા મળ્યા, તો શહીદોમાં તલાશ કર્યા, ત્યાં પણ ન મળ્યા તો મેં મારા દિલમાં કહ્યું કે એવું કદાપિ નથી થઈ શક્તું કે હુઝૂર જંગના મેદાનેથી ભાગી જાય, જેથી અલ્લાહ તઆલાએ પોતાના રસૂલે પાક ﷺને આસ્માન પર ઉઠાવી લીધા. એટલા માટે હવે બેહતર એ જ છે કે હું પણ તલ્વાર લઈને કાફિરોમાં ઘુસી જઉં અને ત્યાં સુધી કે લડતાં લડતાં શહીદ થઈ જાઉં. ફર્માવે છે કે મેં તલ્વાર લઈને એવો સખત હુમ્લો કર્યો કે કાફિરો વચ્ચેથી હટતા ગયા અને મેં રસૂલુલ્લાહ ﷺને જોઈ લીધા તો મને બેહદ ખુશી થઈ અને મેં યક઼ીન કર્યું કે અલ્લાહ તબારક વ તઆલાએ ફરિશ્તાઓ થકી પોતાના હબીબ ﷺની હિફાઝત ફર્માવી. હું દોડીને હુઝૂર ﷺની પાસે જઈને ઉભો થઈ ગયો. કાફિરો ટોળીઓબધ્ધ હુઝૂર ﷺ પર હુમ્લો કરવા માટે આવવા લાગ્યા. આપે ફર્માવ્યું, અલી ! તેમને રોકો ! તો મેં એકલાએ તેઓનો મુક઼ાબલો કર્યો અને તેમનાં મોઢાં ફેરવી દીધાં અને કેટલાયને કત્લ પણ કર્યા. ત્યારબાદ ફરી એક ટોળી નબી ﷺ પર હુમ્લો કરવાની નિય્યતથી વધી. આપે ફરી મારી તરફ ઈશારો કર્યો તો મેં ફરી એ ટોળીનો એકલાએ મુક઼ાબલો કર્યો. ત્યારબાદ હઝરત જિબ્રઈલ علیہ السلامએ આવીને હુઝૂર ﷺથી મારી બહાદુરી અને મદદની તારીફ કરી તો આપે ફર્માવ્યું : **اِنَّہٗ مِنِّی وَاَنَا مِنۡہُ** "બેશક ! અલી મારાથી અને હું અલીથી છું" મતલબ એ છે કે અલીને મારી સાથે કમાલનો કુર્બ (નઝદીકી) હાંસલ છે. નબી કરીમ ﷺના આ ફર્માનને સાંભળીને હઝરત જિબ્રઈલે અર્ઝ કરી : **وَاَنَا مِنۡکُمَا** "અને હું તમારા બંનેવથી છું."

સરકારે અક઼દસ ﷺને ન જોતાં હઝરત અલી رضی اللہ عنہનું શહીદ થઈ જવાની નિય્યતથી કાફિરોના જથ્થામાં એકલા ઘુસી જવું, અને હુઝૂર પર હુમ્લો કરવા આવનાર ટોળા ને ટોળાની સાથે એકલા હાથે મુક઼ાબલો કરવો એ આપની અજોડ બહાદુરી અને અતિશય દિલેરીની ખબર આપે છે. સાથોસાથ હુઝૂર ﷺ સાથે ઈશ્ક઼ અને સાચી મહોબ્બતનો પણ પતો આપે છે. **رضی اللّٰہ تعالٰی عنه وارضاہ عنا** *(ક્રમશઃ)*

**ભરૂચ** : લુકમાન પાર્ક, બાયપાસ પાસે તા. ૧૫/૧૧/૨૦૧૪ શનિવારે ઈશા બાદ "મેહફિલે નઅત"નો શાનદાર સુન્ની ઈજતેમા યોજાયો જેમાં મૌલાના મુખ્તાર આલમ નૂરી ખતીબો ઈમામ આઈશા મસ્જિદની નિઝામત હેઠળ જનાબ હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાળા તેમજ વડોદરાથી પધારેલ નઅતખ્વાં જનાબ સુલ્તાન રઝા (મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)એ નઅતો મનક઼બતના ગુલદસ્તા પેશ કર્યા હતા. *–નૂરાની યંગ કમિટી, નેશનલ પાર્ક, ભરૂચ*

**ઉર્સે અઝીઝી**

**દયાદરા** : મુક઼ામે મુહર્રમ શરીફની સાત તારીખે શનિવારે હઝરત અબ્દુલ અઝીઝ બડા સાહબ તિર્મિઝીના ઉર્સ મુબારક "ઉર્સે અઝીઝી"નું સંદલ શરીફનું જુલૂસ ગામમાંથી નીકળીને હઝરતની દરગાહે પહોંચ્યું જ્યાં હઝરત સૈયદ ફરીદબાવા સહબના હાથે સંદલ, ગુલપોશી, ચાદરપોશી વગેરે રસ્મો થઈ હતી. સલાતો સલામ, દુઆ બાદ હાજરજનોને દરગાહના કંપાઉન્ડમાં ન્યાઝ જમાડવામાં આવી હતી.

# શું સફર આફતોના ઉતરાણનો મહિનો છે ?!

કાર્યાલય

આજકાલ સામાન્યતઃ શરીઅતના ઈલ્મોથી અજ્ઞાનતાના કારણે લોકોમાં કેટલીક એવી વાતો દીન તથા અક઼ીદાના રૂપે રિવાજ પામી ગઈ છે જેનો ઈસ્લામી શરીઅત સાથે દૂરનો પણ સંબંધ નથી. એ ધડ માથા વિનાના બનાવો અને કિસ્સા કહાનીઓને ફેલાવવામાં અધિક્તર કમ ઈલ્મ વાઈઝો તથા ગૈર મુસ્તનદ લખાણો ભાગ ભજવે છે, એ જ પ્રમાણેના પાયાહિન પણ મશ્હૂર આક્ષેપોમાંથી એક એ પણ છે કે સફરનો મહિનો આફતોના નુઝૂલ (ઉતરાણ)નો મહિનો છે ! અને એક ખતરનાક ખરાબી એ છે કે બયાન કરનારા એને નબી કરીમ ﷺની ઝાતે ગિરામી સાથે સંબંધિત કરે છે ! જ્યારે કે આપ ﷺનો ઈર્શાદ છે : "જેણે મારી તરફથી તે વાત વર્ણન કરી જે મેં નથી કહી, તેણે પોતાનું ઠેકાણુ જહન્નમમાં બનાવી લીધું." *(મુત્તફિક઼ અલૈહ)*

આ મુબારક હદીષ સિહાહ સિત્તહ ઉપરાંત હદીષની સર્વ મશ્હૂર તથા મહાન કિતાબોમાં તવાતુર સાથે રિવાયત કરવામાં આવી છે, જેના રાવીઓમાં ચાર ખુલફાએ રાશિદીન છે, જેનો નિર્દેશ મુહદ્દિષ ઈમામોએ ખૂબ જ જાંચ અને તેહક઼ીક઼ બાદ પોત પોતાની કિતાબોમાં કરી આપ્યો છે. ઈમામ હસન ઈબ્ને મુહમ્મદ અસ્સગ઼ાની લખે છે :–

(૧) "અને આ રિવાયતોમાંથી એક ક઼ૌલ એ છે કે, જે શખ્સ મને માહે સફર પસાર થઈ જવાની ખુશખબર સંભળાવશે તેને હું જન્નતમાં પ્રવેશની બશારત આપુ છું. *(મૌઝૂઆતે અસ્સગ઼ાની, ભાગ : ૧, પેજ : ૨૩)* (૨) મુલ્લા અલી બિન સુલ્તાન ક઼ારી લખે છે : "જે શખ્સે મને માહે સફરના પસાર થઈ જવાની બશારત આપી, હું તેને જન્નતની બશારત આપુ છું........ **એની કોઈ અસ્લ નથી."** *(અસ્રારુલ મરફૂઅહ્ ફી અખ્બા રિલ મૌઝૂઅહ, પેજ : ૬૯)*

(૩) ઈમામ અહમદ બિન ઈસ્માઈલ અજલૂની લખે છે :– "જે શખ્સે મને માહે સફર પસાર થઈ જવાની બશારત આપી હું એને જન્નતની બશારત આપુ છું.....મુલ્લા અલીએ ક઼ારી મૌઝૂઆતે કબીરમાં ઈમામ અસ્સગ઼ાનીની જેમ કહ્યું છે કે **એની કોઈ અસ્લ (દલીલ) નથી."** *(નં–૨૪૧૬, ભાગ : ૨, પેજ : ૩૦)*

સફરના મહિના સંબંધે જોવા મળતો નહૂસતનો ખયાલ ઘણો પૂરાણો છે. આ મન્ઝરમાં અમુક એવી રિવાયતો પણ ઘડી નાખવામાં આવી છે જેમાં સૂર્યગ્રહણ તથા ચંદ્રગ્રહણનો ઉલ્લેખ પણ જોવા મળે છે. જેમ કે ઈમામ ઈબ્ને જવઝી લખે છે : "અહમદ અલ્જવીબારીની રિવાયત કે જ્યારે ચંદ્રગ્રહણ મુહર્રમમાં થાય તો તે આફતો, જંગ તથા લડાઈઓ અને સમયના હાકિમની પરેશાનીનો સબબ બને છે. અને જ્યારે ગ્રહણ......છેવટ સુધી. પછી તેણે અધિક બેહૂદા વાતો બકેલી છે. **આ રિવાયતમાં બે રાવી કઝ્ઝાબ (જૂઠા) છે."**

સામાન્યતઃ ભોળીભાળી પબ્લિક સાંભળેલી વાતો પર એવું સમજે છે કે સફરનો મહિનો આફતો તથા બલાઓના નુઝૂલનો મહિનો છે. **જ્યારે કે આ વહેમ તથા બાતિલ (ખોટા) ખયાલની કોઈ શરઈ હૈસિયત નથી.** આવો ! શરીઅતે મુતહ્હરા અને સહીહ હદીષોની રોશનીમાં અસલ હક઼ીક઼ત પર નજર કરીએ છીએ. સહીહ બુખારીમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "છૂટ છાટ કોઈ ચીજ નથી. સફર (ની નહૂસત) કોઈ ચીજ નથી અને ઉલૂ (ની નહૂસત) કોઈ ચીજ નથી." *(સહીહ બુખારી, કિતાબુત્તિબ્બ, નં. ૫૩૧૬–૫૩૬૮, સહીહ મુસ્લિમ, કિતાબુસ્સલામ, નં. ૪૧૧૬–૪૧૧૮, સુનને અબૂ દાઊદ, મુસ્નદે અહમદ)*

આ રિવાયત મિશ્કાત શરીફમાં સહીહ

મુસ્લિમના હવાલાથી આ શબ્દો સાથે આવી છે કે જનાબ રિસાલત મઆબ ﷺએ ફર્માવ્યું : ''બીમારી લાગવા અને હામાની નહૂસત અને એક ખાસ તારાના ઉગવા તથા ડૂબવાની અસરો પર તથા **સફરની નહૂસત પર અક્રીદો રાખવો બાતિલ (ગલત) છે.''** *(મઝાહિરે હક્ક, ભાગ-૩, પેજ-૪૨૯, મિશ્કાત મુતર્જિમ)*

એ વાત દરેક મુસલમાનના માટે પાયાના અક઼ીદાની હેસિયત ધરાવે છે કે તે અલ્લાહ તઆલાની નિશ્ચિત કરેલી ભલાઈ તથા બુરાઈ એટલે કે તક઼દીર પર કામિલ (પૂર્ણપણે) ઈમાન રાખે. આ અક઼ીદાની રક્ષાને લક્ષમાં રાખીને કુર્આન તથા સુન્નતમાં મુસલમાનોને આ પ્રકારના ખુરાફાત (ખરાબીઓ) તથા આક્ષેપોથી દૂર રહેવાની શીખ આપવામાં આવી છે.

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : ''અને તમને કોઈ બુરાઈ લાગુ નથી થતી પણ તમારી પોતાની જાતના જ સબબે.'' *(સૂરએ નિસાઅ, આયત : ૭૯)*

બીજા ઠેકાણે ઈર્શાદ ફર્માવે છે : ''અને જે મુસીબત પણ તમને પડે છે તે તમારા પોતાના અમલોનું પરિણામ છે.'' *(સૂરએ શૌરા, આયત : ૩૦)*

આ આયતોની રોશનીમાં એ વાત સ્પષ્ટ છે કે દુનિયામાં નાઝિલ થનારી આફતો તથા બલાઓ ઈન્સાનોના બુરા અમલો તથા ગુનાહોનું પરિણામ છે.

હક઼ીક઼તથી ભાગવાની વૃત્તિ માણસોની અંદર એવી છુપી રીતે અક઼ીદાની કમજોરીઓ તથા વહેમો પેદા કરી આપે છે જેનાથી ફાયદો ઉઠાવીને શયતાન તેને શિર્કમાં સપડાવી દે છે. જેમ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضي الله عنهથી રિવાયત થયેલ હદીષમાં છે કે જે શખ્સને બદ્શૂગનીએ કોઈ કામ કરવાથી રોકી દીધો, યક઼ીનન ! તેણે શિર્ક કર્યું.'' *(મુસ્નદે અહમદ)*

સફરના મહિનાને મનહૂસ સમજવો જાહિલિયતના દૌરમાં પ્રખ્યાત હતું અને અરબવાસીઓ કહેતા હતા કે સફર નહૂસતવાળો મહિનો છે, જેથી નબી કરીમ ﷺએ તેને રદિયો આપ્યો. જેમ કે ઈમામ અબૂ દાઊદે પોતાની સુનનમાં મુહમ્મદ બિન રાશિદ મલ્હૂલીના હવાલાથી નક઼લ કર્યું છે કે, **''જાહિલિયતવાળાઓ સફર મહિનાને મનહૂસ સમજતા હતા.''**

અહીં એ વાતનો ખુલાસો પણ જરૂરી છે કે સફરને મનહૂસ ખયાલ કરવાનો સંબંધ એ જ બદ્ફાલી કે બદશૂગનીના ખયાલથી છે જે શરીઅતમાં મના છે. જેમ કે ઈમામ ઈબ્ને રજબ હંબલી લખે છે :-

''સફરના મહિનાને મનહૂસ સમજવો બદશૂગનીના ક઼બીલાથી છે કે જેનાથી મના કરવામાં આવેલ છે.

અને એ જ પ્રમાણે અમુક દિવસોની નહૂસતનો ખયાલ જેમ કે બુધવારનો દિવસ અને એ પણ રિવાયત છે કે એ દિવસ કાયમ નહૂસતનો છે. જ્યારે કે **આ રિવાયત મનઘડત તથા બનાવટી** છે.''

જ્યારે કે એનાથી ઉલ્ટુ મુસ્નદે અહમદમાં હઝરત જાબિર رضي الله عنهથી રિવાયત થયેલ છે કે નબી કરીમ ﷺએ ગઝવએ અહઝાબના મોક઼ા પર સોમવાર, મંગળવાર અને બુધવારના દિવસે દુઆઓ ફર્માવી તો આપની દુઆ બુધવારનાં દિવસે ઝોહર તથા અસ્રની દરમ્યાન ક઼બૂલ કરવામાં આવી. એ જ પ્રમાણે જાહિલિયતા જમાનાના લોકોનું ખાસ કરીને શવ્વાલના મહિનામાં નિકાહ કરવાને મનહૂસ સમજવું વગેરે.'' *(લતાઈફુલ મઆરિફ, પેજ : ૭૮, પ્રેસ-બૈરૂત)*

આ હદીષ શરીફમાં નબી કરીમ ﷺએ આ ગૈર ઈસ્લામી રિવાજને તવક્કુલથી વિરુદ્ધ ફર્માવ્યો છે. ઈબ્ને રજબ વધુમાં લખે છે કે, ''નહૂસતને કોઈ ખાસ સમય અથવા મહિના સાથે ખાસ સમજવું, જેમ કે સફરનો મહિનો વગેરે, દુરુસ્ત નથી. કેમ કે તમામ જમાના અલ્લાહ તઆલાએ પેદા કરેલા છે જેમાં માણસ વિવિધ અમલો કરે છે. તો તે તમામ સમયો જેમાં મો'મિન બંદો અલ્લાહની ઈતાઅત (ફર્માંબરદારી)માં મશ્ગૂલ થાય છે તે તેના માટે બાબરકત જમાનો તથા સમય છે અને **તે સર્વ સમયો**

**જેમાં બંદો અલ્લાહની નાફર્માનીમાં મશગૂલ છે તે એના માટે મન્હૂસ છે. તો "નહૂસત અસલમાં અલ્લાહની નાફર્માનીનું નામ છે."** જેમ કે હઝરત સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ એ ફર્માવ્યું : "જો નહૂસત કોઈ ચીજમાં પેદા થવાની હોય તો તેના બે જડબાંઓની વચ્ચે હશે, એટલે એની જીભ." અને ફર્માવ્યું, "જીભથી વધીને કોઈ ચીજ સખત રીતે કેદ કરવા લાયક નથી."

સુનને અબૂ દાઊદની એક રિવાયતમાં નબી કરીમ ﷺથી રિવાયત થયેલ છે : "ગુલામો (હાથ નીચેનાઓ) સાથે સારો વર્તાવ કરવો સઆદત (નેકબખ્તી) છે અને તેમની સાથે બુરો વર્તાવ કરવો એ નહૂસત છે." *(લતાઈફુલ મઆરિફ, પેજ : ૭૯)*

મુસ્નદે અહમદમાં હઝરત સૈયદા આઈશા સિદ્દીકા رضی اللہ عنہا નબી કરીમ ﷺથી રિવાયત કરે છે કે આપ ﷺએ ફર્માવ્યું, "બદ્અખ્લાકી નહૂસત છે."

ખુલાસો એ છે કે, **કોઈ નહૂસત ગુનાહ તથા અલ્લાહની નાફર્માનીથી વધીને નથી.** કેમ કે એનાથી અલ્લાહ તઆલા ગઝબનાક થઈ જાય છે, અને તે જ્યારે કોઈ બંદાથી નારાજ થઈ જાય તો તે દુનિયા તથા આખેરતમાં બદ્બખ્ત ઠરે છે, જો તે જ ઝાતે કરીમ બંદાથી રાજી થઈ જાય તો તે દુનિયા તથા આખેરતની નેકનસીબીઓ સમેટી લે છે. હિંદુસ્તાનના મુસલમાનોમાં પણ જાહિલિયતના જમાનાની જેમ વહેમ પરસ્તી આમ છે, અને સામાન્ય લોકો એના પ્રભાવ હેઠળસફરના મહિના ઉપરાંત મંગવાર તથા શનિવારના દિવસોને મનહૂસ ખયાલ કરે છે.

"બહારે શરીઅત"ના કર્તા સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અજમદઅલી કાદરી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "સફર મહિનાને લોકો મનહૂસ જાણે છે, એમાં શાદી વિવાહ નથી કરતા, છોકરીઅને વળાવતા નથી, અન્ય પણ એ પ્રકારનાં કામો કરવાથી પરહેઝ કરે છે અને મુસાફરી કરવાથી બચે છે. ખાસ કરીને માહે સફરની શરૂઆતની ૧૩ તારીખો ખૂબ જ વધુ મનહૂસ માનવામાં આવે છે અને તેને "તેરમી તેઝી" કહે છે. **આ સર્વ જેહાલતની વાતો** છે. હદીષ શરીફમાં છે : "સફર કોઈ ચીજ નથી." એટલે કે લોકોનું એને મનહૂસ સમજવું ગલત છે.

એ જ પ્રમાણે ઝી કઅદાના મહિનાને પણ ઘણા લોકો બુરો જાણે છે અને એને "ખાલી મહિનો" કહે છે, એ પણ ગલત છે. અને દરેક મહિનામાં ત્રણ, તેર, તેવીસ, આઠ, અઢાર તથા અઠ્ઠાવીસ તારીખોને મન્હૂસ જાણે છે, એ પણ બેકાર (ગલત) છે.

સફર મહિનાનો છેલ્લો બુધ અખંડ ભારતમાં ખૂબ મનાવવામાં આવે છે, લોકો પોતાના કારોબાર બંધ કરી આપે છે, સૈરો તફરીહ (હરવા ફરવા) તથા શિકાર માટે જાય છે, પુરીઓ પકાવવામાં આવે છે અને નહાય ધૂએ છે અને ખુશીઓ મનાવે છે, અને એવું કહે છે કે હુઝૂરે અકદસ ﷺએ એ દિવસે તંદુરસ્તીનું ગુસ્લ કર્યું હતું અને મદીના બહાર હરવા ફરવા માટે ગયા હતા. આ **સર્વ વાતો બેઅસ્લ (પાયા વિનાની) છે.** બલ્કે એ દિવસોમાં હુઝૂર ﷺનુ મર્ઝ સખતીની સાથે હતું. અમુક લોકો એવું કહે છે કે એ દિવસે બલાઓ આવે છે અને જાત જાતની વાતો કરવામાં આવે છે, એ સર્વ સાબિતી વિનાની છે, બલ્કે હદીષ શરીફનો ઈર્શાદ લા સફર "સફર કોઈ ચીજ નથી."..... આ સર્વ ખુરાફાતનો રદિયો આપે છે. –*(બહારે શરીઅત, હિસ્સો : ૧૬)*

–*માહનામા નૂરુલ હબીબ (પાક.) નવેમ્બર–૨૦૧૪*

**મસ્અલા : કમર દર અકરબ એટલે કે ચંદ્ર જ્યારે બુરજે અકરબ (વિછુડો રાશી)માં હોય છે ત્યારે સફર કરવાને બુરું સમજે છે અને જ્યોતિષીઓ એને મનહૂસ કહે છે અને જ્યારે બુરજ અસદ (સિંહ રાશી)માં હોય છે ત્યારે કપડું વેતરાવવા અને સીવડાવવાનું બુરું સમજે છે. આવી વાતોને કદી પણ માનવી ન જોઈએ. આવી વાતો શરીઅતની ખિલાફ અને જ્યોતિષોના ધોકાઓ છે.** –*(કાનૂને શરીઅત, ભાગ : ૨)*

# કાદ્યાનીઓના રદમાં

## ઉલમાએ એહલે સુન્નતનો કિરદાર

રજૂ : **હાફિઝ અબ્દુર્રહમાન હાફિઝ દાઊદ-પારખેત**
*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા, મુબારકપુર)*

અકીદએ ખત્મે નુબુવ્વત પર ઈમાન રાખવું જરૂરિયાતે દીનમાંથી છે. મુસ્તફા જાને રહમત મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺને આખરી નબી માન્યા વગર કોઈ વ્યક્તિ મુસલમાન નથી રહી શકતી. "કુર્આન કરીમ" અને "સહીહ હદીષોની" રોશનીમાં આ વાત બપોરના સૂરજની જેમ ઉજ્જવળ અને સાબિત છે. આપના જીવનમાં કે આપના ઈન્તેકાલ બાદ કયામત સુધી કોઈને પણ કોઈ પણ પ્રકારની (ગુમરાહીએ નુબુવ્વતના પણ પ્રકાર કાઢવાની કોશિશ કરી છે) નુબુવ્વત મળી શક્તી નથી. ન હક઼ીક઼ી ન ભૌતિક ન જાતી અને ન હિમાયતી. (કુર્આને કરીમ અને સહીહ હદીષ આ બે શબ્દો વડે ખત્મે નુબુવ્વતની દલીલો તરફ ઈશારો કરી દેવામાં આવ્યો છે.)

હુઝૂર ﷺના સમયથી લઈ આજ સુધી સંપૂર્ણ ઉમ્મતે મુસ્લિમાનો આ જ અકીદો રહ્યો છે. પરંતુ તેરમી સદી હિજરીમાં પંજાબના ગોવરદાસપુર જિલ્લાના એક ગામ કાદ્યાનની એક વ્યક્તિએ જેનુ નામ હતુ મિર્ઝા ગુલામ અહમદ હતું તેણે અમુક દેવબંદી ઉલમાની મદદથી નુબુવ્વતનો દાવો કર્યો. સરળતા માટે અહીં તેના જીવનનું યોગ્ય ટૂંકુ વર્ણન છે. ઈ.સ. ૧૮૭૬માં મિર્ઝાના પિતાનું અવસાન થયુ. ત્યાર બાદ મિર્ઝા કાદયાની ખુલીને મેદાનમાં ઉતર્યા અને ધીરે ધીરે પોતાની મંઝિલ તરફ વધવા લાગ્યા. મિર્ઝા સાહેબની જૂઠી નુબુવ્વતના સફરને ત્રણ ભાગોમાં વહેંચી શકાય : (૧) ઈ.સ. ૧૮૮૨ થી ૧૮૯૦ સુધી, આ ગાળામાં મિર્ઝા સાહેબ પોતાને ખુદા તરફથી ઈલ્હામ મેળવનાર દર્શાવી "મુજદ્દિદ" અને "મિષ્લે મસીહ" (ઈસા عليه السلام જેવો) હોવાનો દાવો કર્યો. (૨) ૧૮૯૧ થી ૧૯૦૧ સુધી, આ ગાળામાં મિર્ઝા સાહેબે "મસીહે મવ્ઉદ" (એટલે કે હું તે જ ઈસા છું જેમના વિશે આસ્માનથી નાઝિલ થવાની ખબર આપવામાં આવી છે.) અને "મહ્દીએ મવ્ઉદ" હોવાનો દાવો કર્યો. (૩) ૧૯૦૧ થી ૧૯૦૮ (મૃત્યુ સુધી) : આ ગાળામાં નબી તથા રસૂલ હોવાનો દાવો કર્યો અને તેના પર જ બસ નહીં સંખ્યાબંધ રંગબેરંગી દાવાઓ પણ કર્યા ત્યાં સુધી કે ખુદાઈનું એલાન પણ કરી બેઠો. (આ બધી વાતો છુપી નથી બલ્કે છપાયેલી છે જેના અભ્યાસ માટે કાદ્યાની લિટરેચર જોઈ શકાય છે.)

ઉપરોક્ત વર્ણન એક પ્રસ્તાવ છે, અસલ મક઼સદ ઉલમાએ એહલે સુન્નતની આ ઈસ્લામ દુશ્મન ગ્રુપ વિરૂધ્ધ જે ખિદમતો છે તેને બયાન કરવાનો છે. ઉલમાએ એહલે સુન્નતે આ ફિત્નાને બહુ જલ્દી ભાંપી લીધો. ઉમ્મતને તેનાથી આગાહ કરવા માટે કામ શરૂ કરી પ્રવચન તથા લેખન દરેક ક્ષેત્રે આ જમાઅતનો ભરપૂર રદ કર્યો. આ દિશામાં તે સમયથી લઈ નજીકના ભૂતકાળ સુધી જેમણે કોશિશ કરી તેમાંથી અમુકની વાત અહીં કરીએ.

### ★ મુજદ્દિદે ઈસ્લામ ઈમામ અહમદ રઝા કાદરી બરેલ્વી ★

જે સમયે આપ તાલીમથી ફારિગ થઈ ઉમ્મતની રહનુમાઈ માટે બેઠા ત્યારે કાદ્યાની ચળવળ શબાબ પર હતી. કાદ્યાનિયત્ના ખોટા અકાઈદ સામે આવતાંની સાથે જ આપે ભરપૂર રીતે તેનો રદ કર્યો અને તેના શીશ મહેલને ચૂર ચૂર કરી દીધો. તેના મુકાબલા માટે આપે પોતાના શાર્ગિદોની એક ટીમ તૈયાર કરી સાથે જ પોતાની સાથે કોઈ પણ રીતે સંબંધ રાખનારા દરેક વ્યક્તિને તેનાથી આગાહ કરી અને હિ.સ. ૧૩૨૩માં એક મંથલી મેગેઝિન "કહરૂદય્યાન"ના નામથી શરૂ કર્યું. આ રીતે પોતાની ઈમાની તાકતથી અંગ્રેજોની કૂખે જન્મ લેનારા આ ફિત્નાનો એવો રદ કર્યો જે આ શ્રેણીમાં સર્વ પર ભારે છે. આ સંબંધે આપે તારીખી નામો સાથે નીચે મુજબના પાંચ પુસ્તકો લખ્યાં :-

૧. જઝાઉલ્લાહિ અદુવ્વ બિઅબા અતિ ખત્મિન્ નબુવ્વહ. *(ખત્મે નુબુવ્વતના ઈન્કાર પર દુશ્મને ખુદાને ખુદાની સજા. હિ. ૧૩૧૭)*

૨. અસ્સૂઉ વલ ઈક઼ાબ અલલ મસાહિલ્ કઝ્ઝાબ. (જૂઠા મસીહ પર બવાલ અને અઝાબ)

૩. કહરુદૈયાન અલા મુર્તદ્દિન બિ ક઼ાદિયાન (ક઼ાદ્યાની મુર્તદ પર ખુદાનો ક઼હર હિ.સ. ૧૩૨૩)

૪. અલ્મુબીન ખત્મુન્નબીય્યીન (ખત્મે નુબુવ્વતની સ્પષ્ટતા કરનાર પુસ્તક, હિ.સ. ૧૩૨૬)

૫. અલ જઝાઉર્રબ્બાની અલલ્ મુર્તદ્દિલ ક઼ાદયાની (ક઼ાદ્યાની મુર્તદ પર ખુદાની તલ્વાર, હિ.સ. ૧૩૪૦)

એટલુ જ નહીં તેમની વિરૂધ્ધ ફત્વા પણ આપ્યા જે ફતાવા રઝવિય્યતના જુદા જુદા ભાગોમાં જોઈ શકાય છે. ''અહકામે શરીઅત'' તથા ''અલ્ મુસ્તનદુલ્ મોઅ્તમદ્''માં પણ મૌજૂદ છે. એક જવાબ મક્કા મદીનાના ઉલમા પાસેથી પણ મંગાવ્યો જે ''હુસ્સામુલ હરમૈન''માં પણ છે. અહીં યોગ્ય છે કે હક઼ીક઼તના ચહેરા પર પડેલા પર્દા ઊઠી જાય. આ'લા હઝરત લખે છે :–

''અને તેઓમાંથી જ એક ફિર્કો ક઼ાદયાની છે. અમે તેઓને મિર્ઝા ગુલામ અહમદ ક઼ાદ્યાનીની તરફ સંબંધિત કરી ''ગુલામી'' કહીએ છીએ. આ એક દજ્જાલ છે જે આ જમાનામાં નીકળ્યો. પ્રથમ તો તેણે હઝરત ઈસા عليه السلام જેવો હોવાનો દાવો કર્યો, અને ખુદાની ક઼સમ તેણે સાચુ કહ્યું ''તે જૂઠા મસીહ દજ્જાલ જેવો છે.'' પછી તેનો પારો વધુ ઊંચે ચઢયો તો તેણે પોતાની તરફ વહી આવવાનો દાવો કર્યો ''અને શૈતાનો એક બીજાને વહી મોકલે છે બનાવટ અને દગાની વાતો.'' *(સૂ. અન્આમ, ૧૧૨)* રહ્યું તેનું પોતાની વહીને અલ્લાહ તઆલા તરફ મન્સૂબ કરવુ તો તે પણ શૈતાન તરફથી જ છે. *(અલ્ મુસ્તનદુલ મોઅ્તમદ)*

### ★ પીર મહેરઅલી શાહ સાહેબ ગોલાનવી ચિશ્તી ★

મિર્ઝાની વાતો પર શરૂઆતમાં ઉલમાએ એહલે સુન્નતે કાન ન ધર્યો પરંતુ ધીરે ધીરે અસલ હક઼ીક઼ત સામે આવી તો સૌ પ્રથમ જે શખ્સિયતે તે તરફ ધ્યાનિત થઈ ખત્મે નુબુવ્વતના રક્ષણનો મોરચો સંભાળ્યો અને ફાતેહે ક઼ાદ્યાન બન્યા તે સિલસિલા ચિશ્તિયાના મહાન બુઝુર્ગ પીર મહેરઅલી શાહ સાહબ رحمة الله عليه છે. (મૃત્યુ,૧૯૨૭)

આપ ખાનકાહે ચિશ્તિયા ગોલળા શરીફ રાવલપિંડીના સજ્જાદાનશીન હતા. ઈ.સ. ૧૮૯૯/૧૯૦૦ના ગાળામાં આપે ''શમ્સુલ્ હિદાયા'' નામનું પુસ્તક લખી ઈસા عليه السلامના જીવંત હોવા પર ભરપૂર દલીલો આપી. ક઼ાદ્યાની અને તેના હવારીઓથી તેનો જવાબ તો ન બની શક્યો પરંતુ ડાહ્યા શિયાળની જેમ મુનાઝરાની ચેલેંજ કરી દીધી. ૨૫,ઓગષ્ટ,૧૯૦૦ના રોજ બાદશાહી મસ્જિદ લાહોરમાં મુનાઝરો નક્કી થયો. પીર સાહેબ ઉલમા તથા મશાઈખની મોટી સંખ્યા દરમિયાન સમયસર પહોંચી ગયા, પણ મિર્ઝા ક઼ાદયાનીની સામે આવવાની હિમ્મત ન થઈ. ''તારીખે મિર્ઝા''ના લેખક જાતે આંખે જોયેલી વાત લખે છે કે, ''જ્યારે પીર સાહેબ લોકોની ભીડમાં મસ્જિદ તરફ જઈ રહ્યા હતા તો રસ્તામાં મોટા અક્ષરે લખેલા પોસ્ટરો દીવાલો પર ચોંટેલા હતાં જેનું ટાઈટલ હતું ''પીર મહેરઅલીનો ફરાર'' (મુનાઝરા પહેલા જ રિઝલ્ટ, જેમ કે આજકાલ કહેવાતા દેવબંદી, વહાબીઓની પણ આદત છે) આ પ્રસંગ બાદ ઘણા મિર્ઝાઈઓ ક઼ાદ્યાની કઝ્ઝાબના ફરેબથી આગાહ થયા અને તૌબા કરી.

ડિસેમ્બર ઈ.સ. ૧૯૦૦માં મિર્ઝાએ એક (પોતાના વિચારમાં) ઈલ્હામી તફસીર ''એજાઝુલ મસીહ'' અરબીમાં પ્રસ્તુત કરી. પીર સાહેબે તેના જવાબમાં ૧૯૦૨માં પોતાની પ્રસિધ્ધ કિતાબ ''સૈફે ચિશ્તિયાઈ'' લખી તેના કુફ્ર પર પડેલા પર્દા ઊઠાવી દીધા અને મિર્ઝાના અરબી જ્ઞાનની પણ પોલ ખોલી નાખી. આ કિતાબે ઈન્ડિયા,પાકિસ્તાનના ઈલ્મી સર્કલોમાં પીર સાહેબનો સિક્કો બેસાડી દીધો અને ક઼ાદયાની તથા તેની તેહરીકને જીવતી દફન કરી દીધી.

### ★ અમીરે મિલ્લત પીર સૈયદ જમાઅતઅલી શાહ નકશબંદી મુજદ્દિદી ★

અલ્લામા ફૈઝ અહમદ ઉવૈસી رضي الله عنه આપના

વિશે ''મેહરે મુનીર''માં લખે છે કે ''અમીરે મિલ્લત પીર જમાઅતઅલી શાહ સાહબ ફાતેહે કાદ્યાન પીર મહેરઅલી શાહ સાહેબના શાગિર્દ હતા. તેમણે ઈ.સ. ૧૯૦૮માં લાહોરમાં મિર્ઝા કાદ્યાનીને મુબાહેલાની દાવત આપી. મિર્ઝાના ઈન્કાર પર ખુલ્લેઆમ તેની ઈબ્રતનાક મોતની પેશનગોઈ કરી જે સાચી સાબિત થઈ.'' આ ઉવૈસી સાહેબનું એક ટૂંકુ બયાન હતું જેની સંપૂર્ણ વિગત આ પ્રમાણે છે :–

કાદ્યાનમાં નૈયા ડૂબતી દેખાઈ તો મિર્ઝા લાહોર જઈ પડયો. ખબર ઉડતાની સાથે જ આખા પંજાબના આશિકાને મુસ્તફા ﷺ મિર્ઝાની પાછળ લાહોર ચઢી આવ્યા. ઈ.સ. ૧૯૦૮ના એપ્રિલ અને મે બે મહિના સળંગ પીર જમાઅત અલી શાહ સાહબ رضی اللہ عنہએ લાખો આશિકોની સાથે મિર્ઝાને મુનાઝરા માટે ઘેરી રાખ્યો. આખરે ૨૫,મેના રોજ મોચી દરવાજા લાહોર પર એક અઝીમુશ્શાન કોન્ફ્રન્સમાં આપનો ખિતાબ થયો. તે સાંજે આપે ખુલ્લા શબ્દોમાં ફર્માવ્યું, ''આજે હું કેટલીક જરૂરી વાતો બયાન કરવા ઈચ્છુ છું. મિર્ઝા એલાન કર્યા બાદ મુનાઝરા માટે આવતો નથી એટલા માટે હું તેને મુબાહિલાની દાવત આપુ છું. થોડીવાર પછી ફર્માવ્યું, ''હે મુસલમાનો ! ધ્યાનથી સાંભળો, મને જણાવો કે આ સમયે મિર્ઝા કાદ્યાની કયાં છે ? પબ્લિકે એકી અવાજે કહ્યું, સામેવાળા મહોલ્લાના એક ઘરમાં. ફર્માવ્યું, ઈન્શા અલ્લાહ ! મિર્ઝાની મોત નજીક છે અને તે ચોવીસ કલાકમાં જ ઈબ્રતનાક તથા શરમજનક મોત મરશે. ત્યાર બાદ આપે લાંબી દુઆ ફર્માવી. અલ્લાહના રસૂલ ﷺના સદકામાં શેહઝાદએ રસૂલની દુઆ કબૂલ થઈ.

થોડાક જ કલાક પછી મિર્ઝા પર તે જ મકાનમાં એક ખતરનાક બીમારીનો હુમ્લો થયો. સળંગ બાર કલાક સુધી બન્ને તરફથી દુર્ગંધવાળો માદો નીકળતો રહ્યો. સવારે દસ વાગ્યે છેલ્લી વખત ટોઈલેટમાં લઈ જવામાં આવ્યો. સવા દસ વાગ્યા સુધી કોઈ અવાજ ન સંભળાયો, ખોલીને જોવામાં આવ્યું તો મિર્ઝા સાહેબ ગંદકીમાં લથ પથ પડેલા હતા ! હવે ચારેબાજુ મુસલમાનોનો ઘેરો હતો એટલા માટે બોડીને કચરાની ગાડીમાં નાખી છુપી રીતે સ્ટેશન પહોંચાડવામાં આવી અને ત્યાંથી માલગાડી દ્વારા કાદયાન મોકલી દફન કરવામાં આવી. બસ હજુ તો બનાવ બન્યો નથી કે આખા હિંદુસ્તાનમાં જૂઠાના ઈબ્રતનાક અંજામ અને સાચા નબીના સાચા ફરઝંદ હઝરત અમીરે મિલ્લતની જબરદસ્ત કરામતનો ચર્ચો આસમાને પહોંચી ગયો. *(૧. કાદ્યાની મઝહબ, ૨. ગુલદસ્તેએ અવલિયા)*

આ સિવાય અલ્લામા ગુલામદસ્તગીર કુસૂરી નકશબંદી મુજદિદી (૩ પુસ્તકો આ ફિત્નાના રદમાં લખનાર), અલ્લામા હામિદ રઝા કાદરી બરેલ્વી અને બીજા ઘણા ઉલમાએ એહલે સુન્નત છે જેમણે ઉમ્મતની સાચી રહનુમાઈ કરી અંબિયાની વરાસતનો હક્ક અદા કર્યો.

## ★ અમુક વાતો સમાપ્ત કરતા પહેલાં ★

વ્હાલા વાંચક મિત્રો ! એક નવા ફિર્કાને ઓળખવો, તેની માન્યતાઓ પારખવી, તેનો રદ કરવો અને ઉમ્મતને તેના કુફ્રથી આગાહ કરવી, આટલા બધા મહેનતી બલ્કે ઈમાન બચાવનાર કાર્યો બાદ પણ જો આજની તારીખે આપણામાંના અમુક લોકો ભલે પછી તે કોઈ પ્રોફેસર કે પીર બાપુ જ કેમ ન હોય કહે કે ''આ તો મૌલ્વીઓના ઝઘડા છે !'' ''તેમણે તો પબ્લિસીટી માટે બધુ કર્યું ! તો આવી વાતો તેમની જેહાલતની તરફ નિર્દેશ કરે છે, અને એ પણ જણાય છે કે આવા લોકો ઈસ્લામ દુશ્મન પાર્ટીઓના કહેવા પર કે પછી શૈતાન અને નફસના ધોકામાં આવી પબ્લિકની નજરમાં ઉલમાએ એહલે સુન્નતનો મર્તબો ઘટાડવાનું કામ કરી રહ્યા છે, જેથી પબ્લિક ન ઉલમાની નજીક જાય અને ન નજાતની રાહ પામે. અહીં એક બાતિલ ફિર્કાના રદમાં ઉલમાએ એહલે સુન્નતની ખિદમતોનું વર્ણન એટલા માટે કરવામાં આવ્યું કે લોકોને પણ ખબર પડે કે ''કેટલા વીસે સો થાય !'', કેટલી મુશ્કેલીથી હક્કની ઓળખ થાય અને કેટલી મહેનતથી લોકોનું ઈમામ બચાવી શકાય ?! આટલી સ્પષ્ટતા બાદ પણ પીળુ જોનારનો અમારી પાસે કોઈ ઈલાજ નથી.

અલ્લાહ તઆલા તેમની ખિદમતોના સદકામાં આપણા સૌનું ઈમાન સલામત રાખે. આમીન.

# અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરાની કિતાબોની યાદી

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ પિન : ૩૯૨૦૨૦
ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૧૦૪૧૧ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧ Email : anjuman2006@hotmail.com

| કિતાબનું નામ | કિંમત રૂા. |
|---|---|
| તોહફાએ નજાત *(ભાગ-૫, શાને રિસાલત ﷺ વિશે)* | ૫૦ |
| તોહફાએ નજાત *(ભાગ-૬, સહાબીઓની કુર્બાનીઓ)* | ૫૦ |
| તોહફાએ નજાત *(ભાગ-૧૦, વાજિંત્રો હરામ હોવા વિશે)* | ૫૦ |
| તોહફાએ નજાત *(ભાગ-૧૧, તાઝીયાદારી હરામ...)* | ૫૦ |
| તોહફાએ નજાત *(ભાગ-૧૨, તા'ઝીમી સિજદો હરામ)* | ૫૦ |
| તોહફાએ નજાત *(ભાગ-૧૩, ઈલ્મે ગયબ વિશે)* | |
| તોહફાએ નજાત *(ભાગ-૧૪, હાઝિર નાઝિર વિશે)* | ૬૦ |
| તોહફાએ નજાત *(ભાગ-૧૫, ફઝાઈલે નમાઝ)* | ૫૦ |
| જા અલ્ હક્ક *(ભાગ :૧ થી ૩)* | ૫૦ |
| ઈસ્લામ અને આધુનિક શોધો | ૨૫ |
| શાને હબીબુર્રહમાન (અલ્લાહના હબીબની શાન) | ૫૦ |
| સ્વપ્નની તાબીર | ૮૦ |
| માહે રમઝાન કૈસે ગુઝારે ? | ૫૦ |
| મૌત તથા કબ્રના હાલાત (શરહુસ્સુદૂર) | ૧૦૦ |
| બુઝુર્ગોના અકીદા | ૧૨૫ |
| **શરહે બુખારી શરીફ** (ભાગ : ૧, ૨, ૩, ૪, ૫) | ૯૫૦ |
| **બહારે શરીઅત** (ભાગ : ૧ થી ૧૦ એક સેટના) | ૩૦૦ |
| ૧૯૯ દુઆઓ | ૨૫ |
| મુકાશફતુલ કુલૂબ *(ગુજરાતીમાં, ભાગ-૨)* | ૭૦ |
| ફિકહી પહેલિયાં *(અટપટા દીની સવાલો)* | ૫૦ |
| નમાઝનું મહત્વ અને જરૂરી મસાઈલ | ૨૦ |
| ઈમામ અહમદ રઝા વિ□ના વિવિધ ગૃપના.....દષ્ટિએ | ૨૫ |
| સુન્ની-દેવબંદી મતભેદની ન્યાયી તપાસ | ૨૦ |
| શીશ મહેલ(મૌદૂદીની રદમાં) | ૨૦ |
| ઝલ્ઝલા (અર્શદુલ કાદરી) | ૫૦ |
| તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં (અર્શદુલ કાદરી) | ૧૦૦ |
| ઈસ્લામ અને વિશ્વશાંતિ | ૧૦૦ |
| કાદયાનીને ઓળખો | ૦૫ |
| **મામૂલાતે હરમૈન** / હજજ કેવી રીતે કરશો ? / હજજ શા માટે કરશો ? / આદાબે મદીના | ૧૦૦ |
| મશીની ઝબીહા | ૧૦ |
| સુન્નિયતને ઉધઈની જેમ કોતરી રહેલ પરિબળો... | ૨૫ |
| અન્વારુલ હદીષ | ૧૦૦ |
| અહલે સુન્નતના હક્કનો ચમકાર | ૧૦ |
| સજદએ સહ્વના મસાઈલ | ૩૦ |
| તાહિરુલ કાદરી હકીકતના આઈનામાં | ૨૫ |
| નિકાહ તથા તલાક વિશે | ૩૦ |

| કિતાબનું નામ | કિંમત રૂા. |
|---|---|
| સ્ત્રી અધિકારનો રક્ષક : ઈસ્લામ | ૫૦ |
| વ્યભિચારની બુરાઈઓ અને ઈસ્લામી પર્દાની ખૂબીઓ | ૪૦ |
| વેપારનું મહત્વ | ૧૦ |
| ઈસ્લામની સચ્ચાઈને ઓળખો | ૦૫ |
| બેંકના વ્યાજ વિશે માહિતી | ૦૫ |
| મિસ્બાહુલ ઉમરા | ૩૦ |
| સૂફીઈઝમની હકીકત અને તેના પર વાંધા અને જવાબો | ૧૦ |
| અલ્લાહ પાકની નેઅમત આંખ | ૦૫ |
| ૭૩માં એક કોણ ? | ૦૫ |
| મસ્જિદોને તમારાં ઘર બનાવી લો ! | ૦૫ |
| વાલિદૈને મુસ્તફા ﷺ | ૦૫ |
| સલ્તનતે મુસ્તફા ﷺ | ૨૦ |
| રહમતે ખુદા બ વસીલએ ઔલિયા | ૨૦ |
| અનીસુલ અરવાહ | ૦૫ |
| દલીલુલ આરિફીન | ૦૫ |
| સ્ત્રીની ઈજ્જતનો જામિન : ઈસ્લામી પર્દો | ૦૫ |
| મુહર્રમમાં શું જાઈઝ શું નાજાઈઝ ? | ૧૦ |
| ચાંદની સાબિતીના સાત તરીકા | ૦૫ |
| વહાબી પાછળ નમાઝ ક્યાંય થશે નહીં | ૦૫ |
| હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ | ૧૦ |
| હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ | ૧૦ |
| મનઘડત તથા બનાવટી રિવાયતો | ૦૫ |
| સુન્નીઓના "કુર્આની" તથા દેવબંદીઓના "ઈસ્માઈલી" અકીદાઓનો તફાવત | ૦૫ |
| રહનુમાએ હક્ક | ૧૦૦ |
| **★ અન્ય સંસ્થાની કિતાબો ★** | |
| બરકાતે શરીઅત-ઉર્દૂ, હિન્દી *(ભાગ-૧, ૨, ૩)* મુકમ્મલ | ૨૦૦ |
| ઈસ્લામિયાત-ઉર્દૂ, ગુજરાતી (ભાગ-૧, ૨) | ૧૦૦ |
| બરકાતે સુન્નત રસૂલુલ્લાહ ﷺ (ઉર્દૂ અને હિન્દી) | ૨૦૦ |
| કાનૂને શરીઅત *(ભાગ-૧, ભાગ-૨)* | ૨૦૦ |
| તોહફાએ નિકાહ | ૪૦ |
| ખુત્બાતે નૂરી *(ભાગ-૧)* | ૨૦ |
| **કન્ઝુલ ઈમાન** (કુર્આન શરીફનો ગુજરાતી તર્જુમો) | ૪૦૦ |
| નિકાહ રજીસ્ટર *(ફોર કલરમાં૩ કોપીમાં)* | ૨૫૦ |
| નૂરાની તા'લીમાત *(દુઆ, સૂરતો પોકેટ સાઈઝ)* | ૧૫ |
| અત્યબુલ બયાન *(તકવિયતુલ ઈમાનની રદમાં)* | ૧૨૫ |
| ગૌષિયહ્ તકવીમ *(ફોર કલર લેમિનેટેડ કેલેન્ડર ટાઈપ)* | ૨૨૫ |
| ગૌષિયહ્ તકવીમ *(નમાઝનું ટાઈમ ટેબલ)* | ૦૫ |

**નોંધ : રૂા. ૪૦૦/- મેમ્બર ફી ભરી વર્ષભર અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા થકી પ્રકાશિત થતી કિતાબો મફત મેળવો !**

નોંધ : કિંમતના રૂા. ૧૦૦ પર ૧૫ રૂા. ટપાલ ખર્ચ મોકલવો

# બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

## ★ યાદે શોહદાએ કર્બલા ★

**દયાદરા :** ખાતે ૧–મુહર્રમથી ૮–મુહર્રમ સુધી શોહદાએ કર્બલા તથા ઈમામે હુસૈન رضی اللہ عنہની યાદમાં નૂરી જલસા કમિટી થકી દરરોજ ઈશા બાદ ખત્મે યાસીન શરીફ દુરૂદ શરીફ તથા શાને કર્બલામાં હઝરત મૌલાના ઈમરાન સાહબ કોંગોવાલા થકી બયાનો રાખવામાં આવ્યાં. ૯–મુહર્રમની રાત્રે ઈશા બાદ મોટા ચકલા પર "જશ્ને શહીદે આ'ઝમ"ના મોક઼ા પર નઅતો–મન્ક઼બતના પ્રોગ્રામમાં પેશ ઈમામ જનાબ ક઼ારી મક઼સૂદ કાવીવાળાએ પોતાના પ્યારા અવાજમાં કલામો પેશ કરીને મજમાને ઈમાનની તાજગી બખ્શી. ૧૦, મુહર્રમ શરીફની રાત્રે મૌલાના ઈમરાન સાહબે મદીનાસે કર્બલા તકનો વાક્યો અનોખા અંદાઝમાં બયાન કરી શહાદતનો મક઼સદ સમજાવી ભાઈઓ બહેનોને પોતાની ઈસ્લાહની સખત તાક઼ીદ કરી હતી. બીજા દિવસે આશૂરાની સવારમાં ૮, વાગે મુખ્તારૂલ મસાજિદ મસ્જિદમાં નઅતે પાક, મન્ક઼બત પછી મૌલાના ઈમરાન સાહબના બયાન બાદ વ્યક્તિગત રીતે નફલો પઢાયા બાદ દુઆએ આશૂરા પઢાવવામાં આવી હતી. છેવટમાં ન્યાઝ વહેંચવામાં આવી હતી. હુસૈની ન્યાઝ કમિટી થકી પણ દૂધની ન્યાઝ ગામમાં વહેંચવામાં આવી હતી.

**કોઠી (વાંતરસા) :** ખાતે "જશ્ને અહલે બયત" તા. ૨૪/૧૦/૨૦૧૪ ના રોજ મનાવાયો. જેમાં આલે રસૂલ ઔલાદે ગૌષે આ'ઝમ હઝરત મૌલાના અમીન અલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી, માલેગાંવ)એ ફઝાઈલે અહલે બયતમાં ઈમાન અફરોઝ બયાન કર્યું તથા યઝીદ પલીદની ખરાબીઓને જાહેર કરી એ યઝીદી ખરાબીઓને પોતાનામાંથી કાઢી સાચા હુસૈની બનવા સુન્ની અવામને તાક઼ીદ કરતું અસરકારક બયાન કર્યું હતું. તેમજ મર્હૂમો મૂસા અહમદ શેઠ તથા હાફિઝ યાકૂબ અશરફીના તથા કુલ મોમિનોના માટે ઈસાલે સવાબ કરી દુઆ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં સુન્ની અવામે હાજરી આપી

## ★ હલદરવા ખાતે હુઝૂર તાજુશ્શરીઅહનું આગમન ★

**હલદરવા (તા. કરજણ) :** ખાતે તા. ૧૯/૧૦/૨૦૧૪ના રોજ સુન્ની જગતની મહાન હસ્તી નબીરએ આ'લા હઝરત જાનશીને હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ હુઝૂર તાજુશ્શરીઅહ મુફ્તી અખ્તર રઝા અઝહરી મિયાં مدظلہ العالی મગરિબ બાદ તશરીફ લાવ્યા હતા. શાનો શૌકતથી હઝરતનું સ્વાગત કરવામાં આવ્યું. દારૂલ ઉલૂમ મુસ્તફાઈયાના ટ્રસ્ટી મુહમ્મદ પટેલના ત્યાં મુક઼ામ હતો. હઝરતના દીદારના પ્યાસાઓનો એક સમુદ્ર ત્યાં તૂટી પડયો હતો. ઈશા બાદ જલ્સાગાહનું વિશાળ મેદાન દૂર દૂરથી રેલની માફક આવેલા હુઝૂરના ચાહકો, અક઼ીદતમંદો, મુરીદોથી ભરચક થઈ ગયુ હતું. મૌલાના ઈસ્માઈલ અમજદી સાહબે રદ્દે વહાબિયામાં તેમજ મૌલાના ઝાકિર રઝા (સૂરત) સાહબે "જશ્ને શહીદૈન"ના ટાઈટલ હેઠળ થયેલ જલસાને અનુલક્ષીને હઝરત ઉમર તથા હઝરત ઉષ્માને ગની رضی اللہ عنہماની શાનમાં બયાન કર્યું હતું. બાદમાં સ્ટેજ પર હઝરતની તશરીફ આવરી શાનો શૌકતથી નારાઓની ધૂમ વચ્ચે થઈ હતી. સાહબઝાદા તાજુશ્શરીઅહ હઝરત મૌલાના અસ્જદ રઝા સાહબે મુખ્તસર બયાન કર્યું બાદમાં પ્યાસી અવામમાંથી અસંખ્ય લોકો હઝરતથી મુરીદ–તા લિબ થયા. છેવટે સલાતો સલામ બાદ પ્રોગ્રામ ખત્મ થયો હતો.

**જુનાગઢ :** ખજૂરવાલી મસ્જિદ ટ્રસ્ટ તથા આશિક઼ાને એહલે બૈત તરફથી મુહર્રમ શરીફની

પહેલી તારીખથી દસ્વી રાત સુધી દરરોજ રાત્રે ઈશાની નમાઝ બાદ ૧૦, વાગે ખજૂરવાલી મસ્જિદ માંડવી ચોકમાં તાજદારે કરબલા સૈયદના ઈમામે આલી મુકામ ﷺની યાદમાં શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ જેમાં શેહઝાદએ ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ, પીરે તરીકત હઝરત અલ્લામા ગુલઝાર અહમદ સાહબ નૂરી સજજાદાનશીન ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યહ જુનાગઢએ અઝમતે રસૂલની શાનમાં, અઝમતે સહાબા, અઝમતે શોહદાએ કર્બલાની શાનમાં શાનદાર તકરીરો ફર્માવી હતી.

**સુરેલી–બોરસદ :**થી હાફેઝ યાકૂબ વલીભાઈ મછાસરાવાળાના સાહબઝાદા મૌલાના મુદસ્સિર તથા તેમના બીવી નસીમબાનુ બંનેવ જણને સુરેલી ગામવાળા તરફથી માટે ગાદી શરીફ સાથેની જામા મસ્જિદમાંથી ચોરા સુધી ગામના બધા ભાઈ બહેનો સાથે મળીને હજ્જે બયતુલ્લાહ માટે વિદાયગીરી કરી. અલ્લાહ તઆલા તમામ સુરેલી ગામના ભાઈ બહેનોને હજ્જે મકબૂલ નસીબ ફર્માવે તથા તેમની રોજી રોજગારમાં બરકત અતા ફર્માવે. (આમીન)

## ★ ઈન્તેકાલ પુરમલાલ ★

**દયાદરા :** ખાતે હમીદાબેન વલી કીડીવાળાનો તા. ૨૫/૧૦/૨૦૧૪ શનિવારના રોજ ઈન્તેકાલ થયો છે તેમજ તા. ૧૩/૧૧/૨૦૧૪, જુમેરાતના રોજ રફીકભાઈ ઈબ્રાહીમ અહમદ ઈસેનો લગભગ ૬૦ વરસની વયે દુઃખદ ઈન્તેકાલ થયો છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.

**ભાવનગરમાં બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક થવા માટે સંપર્ક કરો :–**

ઈરફાનભાઈ (એમ.આર.)
**Mob. 9427431443**

અબ્દુર્રઝ્ઝાકભાઈ પાંચા
**Mob. 9897340043**

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. સુન્ની ખાતૂન** : ઉંમર : ૨૨ વર્ષ, ઊંચાઈ : ૫'.૨'' એજ્યુકેશન : B.com LLB, સુન્ની મુસ્લિમ સારા અખ્લાકવાળો ૨૩ થી ૨૫ વર્ષનો યુવાન પસંદગીને પાત્ર. સંપર્ક નં. Mob. : 09925553635

**૨. શેખ યુવતી** : ઉંમર : ૨૦ વર્ષ, ઊંચાઈ : ૫'.૫'' એજ્યુકેશન : S.S.C., Computer CCC, Tally, વજન : ૫૨ Kgs, (સંપર્ક નં. Mob. : 99245 26978, 99743 61466, નડિયાદ તરફ)

**૩. સુન્ની કાદરી યુવાન** : ઉંમર : ૨૪ વર્ષ, ઊંચાઈ : ૫'.૭'' એજ્યુકેશન : બેચલર ઓફ હોટલ મેનેજમેન્ટ, સુન્ની મુસ્લિમ સારા અખ્લાકવાળી, ૨૦–૨૨ વર્ષની યુવતી જોઈએ છે.
સંપર્ક નં. Mob. : 09824166580 (અમદાવાદ તરફ)

**૪. શેખ યુવાન** : ઉંમર : ૨૫ વર્ષ, ઊંચાઈ : ૫'.૪'', વજન : ૬૨ Kgs, એજ્યુકેશન : ડિમ્લોમા ઈન ઈલેકટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એંજિનિયરીંગ, કોમ્પ્યુ. હાર્ડવેર સર્ટિ. કોર્સ, સર્ટિફાઈડ કોર્સ, પી.એલ.સી., હાલ : સર્વિસ : અમદાવાદ સંપર્ક નં. Mob. : 99245 26978, 99743 61466 (નડિયાદ તરફ)

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ ખાતે સહાય કરનારા સખી દાતાઓની યાદી

**:: ન્યાઝ કરાવનારાઓની યાદી ::**

| | | |
|---|---|---|
| સુલેમાનભાઈ ઈસે | કંબોલી | તોસા શરીફ |
| ઝુલેખાં યાકૂબ માસ્તર કોકા | સાંસરોદ | તોસા શરીફ |
| ઐયૂબ વલી કોકા | સાંસરોદ | ૧–ન્યાઝ |
| નાસીરહુસૈન હાજી મુનીરઅલી | અમોદ | ૧–ન્યાઝ |
| યુનૂસ આદમ કોઠીયા | પીપલીયા | તોસા શરીફ |
| ઝુલ્ફીકારભાઈ | પીપલીયા | તોસા શરીફ |
| ફિરોઝભાઈ એન્ડ કં. (ફારૂકભાણા) | દયાદરા | ૧–ન્યાઝ |
| હાફેઝ ઐયુબ માટલી | દયાદરા | ૧–ન્યાઝ |
| હાફેઝ આદમ ઈસા | કંબોલી | ૨–ન્યાઝ |
| મુર્તુઝાભાઈ ખત્રી | કરજણ | કલંદરી ન્યાઝ |
| એક મુસ્લિમ બહેન | દયાદરા | કલંદરી ન્યાઝ |
| હસનભાઈ ગડીમલ | કોલવણા | ૧–ન્યાઝ |
| રસીદાબેન ઈકબાલ ઉઘરાદાર | ભરૂચ | તોસા શરીફ |
| શરીફા બહેન | ભરૂચ | કલંદરી ન્યાઝ |
| મુહમ્મદ અલી મેમ્બર પીપલીયાવાલા | ભરૂચ | કલંદરી ન્યાઝ |
| મુબારકભાઈ કંબોલીવાલા | કંબોલી | કલંદરી ન્યાઝ |
| મુહમ્મદ ઉસ્માન કડીવાલા | પીપરીયારાજ | કલંદરી ન્યાઝ |
| મર્હૂમ હાજી યુનુસ માલજીના સવાબ | દયાદરા | ફાતેહાખ્વાની |
| ઈસા ઈબ્રાહીમ (UK) | દયાદરા | કલંદરી ન્યાઝ |
| હારૂન મુસા પટેલ | આમોદ | કલંદરી ન્યાઝ |
| જનાબ મુહમ્મદ ઝીશાન | દયાદરા | કલંદરી ન્યાઝ |
| બચુ શેઠ | મછાસરા | તોસા શરીફ |

**બકરા + મટન**

| | | |
|---|---|---|
| આયશાબેન મુસા પટેલના ફે. | વાગરા | ૧–બકરો |
| અબ્દુલલ્લાહ માનજી ખાનજીઅ. | મછાસરા | ૨–બકરો |
| રોસન અબ્દુલ્લાહ કમાની | મછાસરા | ૨–બકરો |
| હાજી યુસૂફ ઈબ્રાહીમ ચોકવાળા | હલદરવા | ગૌશ્ત સદકો |
| હાજી રફીકભાઈ આમોદવાળા | આમોદ | ૧૮ કિ. મટન |
| મુહમ્મદ અ. કાદિર પટેલ | વાગરા | ૧૪ કિ. મટન |
| મિન્હાજ ઈસ્માઈલ પટેલ | વાગરા | ૧૫ કિ. મટન |
| એક મુસ્લિમભાઈ | દયાદરા | ૨૦ કિ. મટન |
| હાજી મુહમ્મદ હનીફ | ભરૂચ | ૧ બકરો |
| ફિરોઝભાઈ એન્ડ કં. (ફારૂકભાણા) | | ૩૬ કિ. મટન |
| ફારૂકભાઈ | વોરાસમની | ૧ બકરો |
| ફારૂક મેમણ (હા.યાકૂબ ચાંચવેલી) | અમદાવાદ | ૧ બકરો |
| સલીમ ઈબ્રાહીમ હિટલર | સાંપા | ૧ બકરો |
| રફીક ઈસા બાકરોલીવાલા | દયાદરા | ૧ બકરો |
| હાજી ઈલ્યાસભાઈ | વોરાસમની | ૧ બકરો |
| ગુલામભાઈ ઈસાભાઈ | તાંદલજા | ૧ બકરો |
| ફારૂકભાઈ વોરાસમનીવાલા | વોરાસમની | ૧ બકરો |

**ચામડા**

| | | |
|---|---|---|
| મનહરસિંહ રાણા | આમોદ | ૧ ચામડુ |
| ઈબ્રાહીમ યાકૂબ ચાંચવેલી | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| સીરાજ ઈબ્રાહીમ લુહાર | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| જાદવ સુલ્તાન રહીમ | આમોદ | ૧ પાડાનુ ચામડુ |
| ઈકબાલ ઉમરજી ચાવાલા | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| અઝીઝભાઈ એન્ડ મુન્નાભાઈ | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| મર્હૂમ ઈસ્માઈલ આદમ બરફવાલા | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| સાહિલ ઈકબાલ પટેલ | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| હમીદસાબ બાપુસાબ રાણા | આમોદ | ૧ પાડાનુ ચામડુ |
| રાણા ઈબ્રાહીમ હિંમતસિંહ | આમોદ | ૧ પાડાનુ ચામડુ |
| રાણા મુન્નાસાબ બાપુસાબ | આમોદ | ૧ પાડાનુ ચામડુ |
| ફિરોઝખાન નસીબખાન | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| જોરાવરસિંહ અઝીઝસિંહ | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| એક મુસ્લિમભાઈ | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| હાજી વલી મુહમ્મદ મછાસરા | આમોદ | ૧ પાડાનુ ચામડુ |
| ઝાકિર રંગુની | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| મેહબુબખાન નસીબખાન | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| અઝીઝભાઈ ભીખાભાઈ દરબાર | આમોદ | ૧ પાડાનુ ચામડુ |
| રાયસિંહજી વજેસિંહજી રાણા | આમોદ | ૧ પાડાનુ ચામડુ |
| હાફેઝ સાદિક સાહેબ | દયાદરા | ૧ પાડાનુ ચામડુ |
| સુલેમાન મુહમ્મદ દાઉદ | રોઝાટંકારીઆ | ૧ પાડાનુ ચામડુ |
| ઈસ્માઈલ ઈબ્રાહીમ ખોખર | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| ઈકબાલ અહમદ | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| મુનીરાબેન વિજયસિંહ રાણા | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| રસીદભાઈ રાણા | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| બિલ્કીસબાનુ રાણા | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| જાદવ સુલ્તાનભાઈ | આમોદ | ૧ બકરાનુ ચામડુ |

*વધુ ટાઈટલ નં. 3....પર*

*ટાઈટલ નં. ૨નું ચાલુ..*

| | | | | | |
|---|---|---|---|---|---|
| હાજી નસીબખાન | આમોદ | ૧ બકરાનુ ચામડુ | મર્હૂમ મૂસા અસ્માલ ભલા | આમોદ | ૧ પાડાનુ ચામડુ |
| તબુલા કમુમિંયા | આમોદ | ૧ બકરાનુ ચામડુ | સુલેમાન મુહમ્મદ દાઉદ | રોઝાટંકારીઆ | ૧ પાડાનુ ચામડુ |
| જાદવ યુસૂફ રહીમ | આમોદ | ૧ પાડાનુ ચામડુ | અબ્દુલ્લાહ મૂસા ભાણા | દયાદરા | રૂા. ૧૦૦૦/– |
| કિરણસિંહ રાયસિંહ રાણા | આમોદ | ૧ બકરાનુ ચામડુ | હાજી આદમ મુહમ્મદ સુન્ની | આમોદ | ૧ પાડાનુ ચામડુ |
| ઝાકિર રંગુની | આમોદ | ૧ પાડાનુ ચામડુ | હાજી મુહમ્મદ આદમ પાનવાલા | આમોદ | ૨ બકરાનુ ચામડુ |
| હાજી કાલુભાઈ | આમોદ | ૧ પાડાનુ ચામડુ | ઈસ્હાક રાઝ | આમોદ | ૩ બકરાનુ |
| આમિરબાપુ | આમોદ | ૧ પાડાનુ ચામડુ | ઝાફર રાણા | આમોદ | ૨ બકરાનુ ચામડુ |
| કાલુદ્દીન કમરૂદ્દીન બરફવાલા | આમોદ | ૧ બકરાનુ ચામડુ | પ્રવિણસિંહ રાણા | આમોદ | ૨ બકરાનુ ચામડુ |
| સૈયદ હાજી ઐયુબ ઈબ્રાહીમ | આમોદ | ૧ પાડાનુ ચામડુ | હમીદ રાયસિંહ રાણા | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| હાફેઝ સાદિક સાહેબ | દયાદરા | ૧ પાડાનુ ચામડુ | રણવીરસિંહ રાણા | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| અ. હમીદ નસીબખાન (તલાટી) | આમોદ | ૧ બકરાનુ ચામડુ | સીરાજ ઈબ્રાહીમ પટેલ | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| સલીમ અ. રહમાનભાઈ | આમોદ | ૧ બકરાનુ ચામડુ | સલીમ ઈસુભાઈ રાણા | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| | | | છોટા સાબ તાલુકદાર | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| | | | હાજી દિલીપ રાણા | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| | | | હાજી કાલુભાઈ ખલીફા | આમોદ | ૧ બકરાનુ ચામડુ |
| | | | ઈસ્માઈલ મુહમ્મદ ઈસા | દયાદરા | ૧ પાડાનું ચામડુ |

**રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં ગૌષ પાક رضی اللہ عنہના વસીલાથી સૌની નેકીઓ કૂબૂલ કરે અને તેમને તેમની ઔલાદને બંને જહાનમાં આબાદ રાખે, તેમનાં મર્હૂમોની મગફેરત ફર્માવે. (આમીન)**

**લિ. અરાકીને દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ (જિ. ભરૂચ–ગુજરાત)**

## ભાવનગરમાં સુન્ની ઈજતેમા

**ભાવનગર** : ખાતે **સુન્ની દાવતે ઈસ્લામી**નો બે દિવસીય સુન્ની ઈજતેમા હઝરત મૌલાના સૈયદ મોમિન અકબર કાદરીની સદારતમાં થશે જેમાં અમીરે સુન્ની દાવતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી સાહબ, હઝરત સૈયદ અમીન અલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ), બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબ વગેરે તશરીફ લાવશે. તા. ૬/૧૨/૨૦૧૪ શનિવારે ૨:૩૦ વાગ્યાથી ૮:૩૦ સુધી બહેનો માટે. અને તા. ૭/૧૨/૨૦૧૪ રવિવારે સવારના દસથી રાતના દસ સુધી ભાઈઓ માટે. સ્થળ : –

**વાદીએ રઝા, શાંતિલાલશાહ હાઈસ્કૂલ, ક્રિસન્ટ સર્કલ સામે, ભાવનગર. મો. ૯૮૭૯૩૪૦૦૭૩**


## 'અલ–અશરફ નૂરાની કેલેન્ડર' ૨૦૧૫

★ ૧૮'' × ૨૩'' સાઈઝના ડબલ ગ્લેઝ આર્ટ પેપર પર મલ્ટીકલર પ્રિન્ટીંગ ★ ૧૨ મહિનાના ઉર્સ–સંદલની યાદી ★ બોધદાયક, ગાગરમાં સાગર સમાન ઈસ્લામી લેખો ★ દેશ–વિદેશના મુકદ્દસ આસ્તાનાઓની રંગીન તસ્વીરો ★ નઅત શરીફ, મનકૂબત, દુરૂદ શરીફ....વગેરે ઘણુ બધુ.

ટપાલથી મંગાવનારે પ્રકાશકના નીચેના સરનામે **રૂા. ૪૦/–**નો મનીઓર્ડર કરવો.

**મોહદ્દિસે આઝમ મિશન ગુજરાત પ્રદેશ (મિરઝાપૂર બ્રાન્ચ)**

૧૫, પેરેડાઈઝ કોમ્પલેક્ષ, મિરઝાપુર, અહમદાબાદ–૩૮૦૦૦૧. ટેલિફેક્ષ : ૦૭૯ ૨૫૫૦૦૯૪૭